ઇનામ લાયબ્રેરી માટે મંજુર.

શાળોપયોગી

બાળગીત સંગ્રહ.

ભાગ પહેલો.

સંયોજક અને પ્રકાશક,

ભાઇચંદ પૂંજાદાસ શાહ.

કિંમત રૂ. ૦-૯-૦.

પ્રસ્તાવના.

શિક્ષક તરીકેના મારા અનુભવથી મને સમજાયું છે કે—આવાં ગીતો કે જેમાં સરળ રાગ રાગણી હોય, તે બાળકો સહેલાઈથી મુખપાઠ કરે છે, આનંદથી ગાય છે, અને તે દ્વારા તેમનાં કુમળાં મન ઉપર સંગીતના આનંદ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, ઈશ્વરસ્તુતિ, રાજસ્તુતિ, અને નીતિની ઊંડી સજ્જડ વજ્રલેપ છાપ પડે છે; તે સાથે ઉત્તમ નીતિ-શિક્ષણ પણ મળે છે. જેથી આવાં ગીતો, શાળાઓમાં, નિશાળીઓમાં, છૂટથી વંચાતાં અને ગવાતાં થાય એ ઇચ્છવા જેવું છે એ ઉદ્દેશથી હું આ બાળગીતસંગ્રહરૂપી યત્કિંચિત પ્રયાસ જનસેવામાં સમર્પણ કરું છું.

શાળાનું દરરોજનું કામ શરૂ કરતાં પહેલાં પ્રારંભમાં આવાં ગીતો ગવરાવી, પછી અભ્યાસ શરૂ કરવામાં આવે છે એવો પ્રથા હાલમાં ચાલુ છે. અનુભવથી જણાયું છે કે આથી બાળકોને ઘણો આનંદ થાય છે, અને તેની ઊંડી છાપ પડે છે

આવાં ભિન્ન ભિન્ન પ્રકારનાં ગીતોની અગત્યના સંબંધમાં શ્રીયુત હિંમતલાલ ગણેશજી અંજારીઆએ મધુબિન્દુના આદિવચન અને પ્રસ્તાવનામાં પૃષ્ઠ ૧-૩૩ માં જે વિસ્તારપૂર્વક વિવેચન લખ્યું છે. તે દરેક શિક્ષક, માબાપ અને કેળવણીના હિતચિંતકોને મનન કરવા યોગ્ય છે. તેને અવલંબી શિક્ષકો તથા હિતચિંતકો બાળસાહિત્યમાં વધારો થાય તેવો ઉત્સાહ આ સંગ્રહ દર્શાવી સહાયભૂત થશે એવી નમ્ર પ્રાર્થના છે

કેળવણી ખાતા તરફથી તેમજ બાળ કેળવણીની લાગણી જેમના હૃદયમાં રમી રહી છે એવા મુખ્ય શિક્ષકો અને સજ્જનો તરફથી માત્ર 'બાળગીત', 'બાળગીતમાળા' અને મધુબિન્દુ જેવાં જૂજ પુસ્તકો બહાર પાડવામાં આવ્યાં છે. હજુ તેમાં ઘણો વધારો થવાની આવશ્યકતા છે.

આ સંગ્રહમાં પહેલાં ૨૪૧ ગીતોનો સંગ્રહ હતો. આમાં બીજા ૩૨ ગીતો વધુ ઉમેર્યાં છે. તેમાંનાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઑનરરી સેક્રેટરી સાહેબે કાવ્યદોહન અને શિશુપાઠમાળાઓમાંથી દસ ગીતો લેવાની મંજૂરી આપી છે; તેમજ શ્રીયુત. કેશવલાલ હરિશંકર દુબે, કવિ,

ઇનામ લાયબ્રેરી માટે મંજુર.

શાળોપયોગી

બાળગીત સંગ્રહ.

ભાગ ૧ લો.

સંયોજક અને પ્રકાશક,

ભાઈચંદ પૂંજાદાસ શાહ.

હેડમાસ્તર, તાલુકા સ્કૂલ, ડભોડા-મહીકાંઠા.

શોધિતવાર્ધત તૃતીયાવૃત્તિ પ્રત-૧૨૫૦

સંવત ૧૯૮૧ સને ૧૯૨૫


અમદાવાદ ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું

કિંમત રૂ. ૦-૯-૦.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૮,૩૭,૩૯	૧૭ ૧૨,૧	મત્રેયી, ગ્તુતિ	મૈત્રેયી, સ્તુતિ ८
૪,૩૫,૩૮,૧૭૭	૧૮,૧૮,૨૫	ચક્રવાત,વપ,હ્ર	ચક્રવર્તિ વપ, હર્ષ
૫૨,૭૧,૧૪૪	૧૫,૭,૨૦	કીતિ, દુલભ, સવ	કીર્તિ, દુર્લભ, સર્વ
૧૭,૫૨,૬૯	૫,૧૪ ૧૮	યુભ, હેમ, શ્રેષ્ટ	શુભ, હિમ, શ્રેષ્ઠ
૧૯,૮૫	૬ ૮	આધકારી, ાવશ્વ	અધિકારી, વિશ્વ
૩૦,૬૪	૧૯ ૧૯	ચરાસરનો, આપયા	ચરાચરનો, આપકા
૪૬,૭૪	૨૧,૮	પાચમા. ઉહ્લાસ	પાચમા, ઉહ્લાસ
૭૨,૯૩	૧૫,૬	ચત્રુભુજ, વ્હાલો	ચતુર્ભુજ, વ્હાલા
૮૭,૧૧૯	૧,૨૨	પાટીને, મારે	પાટી ને, મારો
૧૨૦,૧૨૫	૧૬,૧૦	ધરમને, મ્હારૂ	ધરમ છે, મ્હારૂ
૧૪૪,૧૬૭,	૧૪,૧	ાનસરણી, અથ	નિસરણી, અર્થ
૧૫૦,૧૮૫	૧૯,૨૦,૫	ફુલ, તરફશ્રી	ફૂલ, તરફથી
૧૮૬,૧૯૨	૧૯,૨	જન્ય, પ્રસુતા	જન્મ, પ્રસૂતા
૧૯૧	૧૦	મહેમાને	મહેમાનો૦

ઇશ્વર, થઇ, કઇ, કોઇ, થઇ, જઇ, લઇ એ શબ્દોમા ઇ ને બદલે ઈ વાચવી



મહેરબાન મહારાજ કુમાર શ્રી ભવાનીસિંહજી સાહેબ-દાંતા-
ભવાનગઢ-(મહીકાંઠા.)

A 3951—Lakshmi Art Bombay 8

અર્પણ-પત્રિકા.

અનેક સદ્‌ગુણાલંકૃત શ્રીમાન,

નામદાર મહારાજ કુમારશ્રી ભવાનસિંહજી સાહેબ બહાદુર

સંસ્થાન દાંતા—ભવાનગઢ

આપ નામદારે આધુનિક પરિવર્તનના સમયમા ઉચ્ચ કેળવણી ઉત્કટ ઈચ્છાથી અને ખરા જીગરથી મેયો કૉલેજમા સંપાદન કરી છે, અને હવે ઉત્સાહભેર રાજ્યકાર્યની ધુરા ધારી છે તે દરમિઆન પ્રજાવર્ગને અનેક પ્રકારે સુખી કરવાની તેમજ આધુનિક સમયના અંગે થવા જોઈતા અનેક સુધારા દાખલ કરવા માટેની મહત્ત્વાકાંક્ષા માટે આપને ધન્યવાદ ઘટે છે

પ્રજાના અભ્યુદયાર્થે કેળવણીના વિસ્તારની જરૂર છે એવી આપ નામદારની દૃઢ માન્યતાને લીધે, કેળવણી વધે તે હેતુથી સતત કાળજી રાખી પ્રયત્નશીલ રહો છો, પૂર્વે થઈ ગએલા પૂજ્ય ચીરસ્મરણીય પ્રજાપાળક રાજ્યકર્ત્તાઓને અનુસરી પ્રજામા અભ્યુદય માટે કરના બોજા કમી કરી, ધાર્મિક, આર્થિક અને ઔદ્યોગિક ઉન્નતિ ઇચ્છી, પ્રજાજનોને પ્રેમભાવનાથી જુઓ છો, તેથી પ્રજા આપને ખરા જીગરથી ચહાય છે આપશ્રીની કીર્તિ મહીકાંઠા અને બહાર સર્વત્ર પ્રસરેલી છે આપના આદર્શરૂપ ઉચ્ચાભિલાષી સદ્‌ગુણોથી મહીકાંઠાને મગરૂર થવા જેવુ છે એવા ઉત્તમ સદ્‌ગુણોથી વિભુષિત, દૃષ્ટાંતરૂપ, બાહોશ મહારાજ-કુમારશ્રીની ઉજ્જવળ કીર્તિથી આકર્ષાઈ આપના ચરણમા આ લઘુગ્રંથ પ્રેમપૂર્વક અર્પણ કરી કૃતાર્થ થાઉં છુ

આપ નામદારશ્રીનો સેવક,

ભાઈચંદ પૂંજાદાસ શાહ

હેડમાસ્તર, તાલુકા સ્કૂલ, ડભોડા મહીકાંઠા

અનુક્રમણિકા.

બાળગીત સંગ્રહ.

(શિક્ષકો અને ઉચ્ચ કોટીના વિદ્યાર્થીઓ માટે)

માતૃભૂમિ વંદન.

૧

પદ.

નમીએ ભારતી મમ જનની,
હે—ભારતી મમ જનની,
જલવતી–ફલવતી–વસુમતી–સુખદા,
આ—ભારતી મમ જનની નમીએ
ગંગા યમુના સિંધુ નર્મદાથી સુજલ તું સુખદાતા
રામેશ્વર હરદ્વાર દ્વારિકા જગન્નાથ જગત્રાતા
ભગત અર્જુન ને રામ કૃષ્ણ હરિશ્ચંદ્ર નરેન્દ્રની માતા
કવિકુલ ચર્ચિત કુસુમ પરિમલે વિશ્વ વિષે વિખ્યાતા,
હે માત ! (૨)—આ તનુ દાતા—
તુજ થકી જન્મ્યા (૨)
ઋષિ મુનિ કવિ પંકાતા
આ—ભારતી મમ જનની નમીએ
વિષમ વખતમાં માન વસતા તેત્રીશ ક્રોડ વિહંગ,
સુખદ સ્થિતિ નીતિ રીતિ નથી સમજી, પુણ્યથી પુનિત પ્રસંગ[૧]

---

૧ ઇંગ્લંડ વાસીઓનો સંબંધ

(૨)

વંદન કરીએ વાર વાર ભર ઉદધિ તણે ઉત્સંગ,
વર તો વ્હાલી વસુધરા તવ-વિજય વિજય શ્રીરંગ
ઊડા—રંગ—પામું ઉમંગ—
જીવિત સકળ મમ માત પામતા
તુજ ચર્ણામૃત ગંગ—
આ—ભારતી મમ જનની   નમીએ
(સુવર્ણકુમારીમાંથી, ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ)

૨

ધન્ય ધન્ય અમારી ભરત ભૂમિ,
પદ રજ ચહીએ તુજ ચરણ ચૂમી   ધન્ય
દ્રુમ દ્રુમ છાટી પાવન થઈએ, રસનાએ ગુણ તારા ગાઈએ,
તુજ અંતરની આશિષ ચહીએ—અમ ભરત ભૂમિ (૧)
પૂજન અર્ચન ભૂમિ તારૂ, જન મન વાંછિત ફલ દેનાર,
તુજ નામ સ્મરણ લાગે પ્યારૂ,—અમ ભરત ભૂમિ (૨) ધન્ય
(સુકન્યા સાવિત્રી નાટકમાંથી)

૩

ભવ્ય ભરતભૂમિ.

(૧)

અમ ભવ્ય ભરતભૂમિ આ એ,
વડી બ્રહ્મવેદિ અમ આ એ,
વસિષ્ઠ વિશ્વામિત્ર અંગિરા,
વામદેવ વળી ભરદ્વાજના

શુદ્ધ સનાતન બ્રહ્મતેજથી જે ઝગમગે સદા એ
અમ ભવ્ય ભારતભૂમિ આ એ,
બ્રહ્મરંગે ભીના ઋષિવરની બ્રહ્મવેદિ અમ આ એ.

(૨)

અમ ભવ્ય ભારતભૂમિ આ એ,
વડું તપોવન અમ આ એ,
ગૌતમ કણાદ વ્યાસ જૈમિનિ,
કપિલ પતંજલિ યાસ્ક પાણિનિ,
વાત્સ્યાયન કૌટિલ્ય આદિની,
ગહન ઉક્તિ જ્યા હજુ જિજ્ઞાસુ કર્ણે નિત્ય પિવાયે
અમ ભવ્ય ભારતભૂમિ આ એ,
વર્ચસ્વી ધ્યાનલીન મુનિનુ તપોવન અમ આ એ

(૩)

અમ ભવ્ય ભારતભૂમિ આ એ,
વડું પુણ્યભુવન અમ આ એ,
બ્રહ્મવાદિની ગાર્ગી અરુંધતી
મૈત્રેયી સાવિત્રી સીતા સતી
દમયંતી દ્રૌપદી તારામતી
કમલાવતી દુર્ગાવતી કુલવતી
સતીની શાશ્વત કીર્તિ ગાઈ જ્યા કુલવધુ કૃતાર્થ થાયે
અમ ભવ્ય ભારતભૂમિ આ એ,
સરસ્વતીની લાડલી સખીનુ પુણ્યભુવન અમ આ એ,

(૪)

અમ ભવ્ય ભરતભૂમિ આ એ.
વડુ વીરક્ષેત્ર અમ આ એ
ભાર્ગવ સારંગ ભીષ્મ ભીમને
દ્રોણ કર્ણ અભિમન્યુ અર્જુનને
ચંદ્ર હર્ષ ચહુઆણ તાજ ને
પૃથુરાજ હઠ હમીર ગાજ ને
પૃથુ જયમલ પ્રતાપ આદિને
નામે અમર કિર્તિ ઉર જ્યાં આયતણા ઉત્સાહે
અમ ભવ્ય ભરતભૂમિ આ એ
સત્કીર્તિ રસિક વીરવર્યનું વીરક્ષેત્ર અમ આ એ

(૫)

અમ ભવ્ય ભરતભૂમિ આ એ,
વડી કાવ્યકુંજ અમ આ એ
રામાયણ ભારતના ઋષિકવિ
કાલિદાસ ભવભૂતિ ભારવિ
અશ્વઘોષ જયદેવ ભાસ કવિ
પ્રવરસેન ને ચક્રવાત કવિ
બાણ ભટ્ટ સુર ચંદ ચંદ ગવિ
પ્રેમી પ્રેમાનંદ આદિ કવિ
પરમ પ્રસાદી રસામૃતની જહીં અખૂટ અવનવી પાયે
અમ ભવ્ય ભરતભૂમિ આ એ
અમર કવીશ્વરની કોડામણી કાવ્યકુંજ અમ આ એ.

(૬)

અમ ભવ્ય ભારતભૂમિ આ એ,
વડી આર્યમાત અમ આ એ
ચરણ પખાળે, જલધિ પ્રીતથી
ષડ ઋતુ પૂજે વિવિધ પુષ્પથી
ભાનુ કરે ત્રય કાળ આરતી
ચમર વાય તરુદળથી સદા ગતિ
નિર્મળ નહેરો લલિત લાસ્યથી
મૃદુ મર્મર કલરવ વિલાસથી
પ્રેમ તણો ઉપહાર અર્પી વળી જય જય જય જન ગાયે
જય જય જય જય જન ગાયે,
અમ ભવ્ય ભારતભૂમિ આ એ
ભૂમંડળી મંડન જનનંદન ધન્ય માત અમ આ એ
(કેશવ હર્ષદ ધ્રુવ)

૪

' અમે તો ભારતના સંતાન, અમે એક માતાના સંતાન,
" બાળક સર્વ હળી મળી રહીએ, કરી માના ગુણગાન—અમે તો.
' ભારત ભૂમિમા જન્મ ધર્યો ને, કીધુ ભારત પયપાન,
' ભારત માટીનો દેહ બન્યો આ, ભારતના વળી પ્રાણ—અમે તો.
" હિંદુ ઇસાઇ બુદ્ધિષ્ટો ને, પારસી મુસલમાન,
" માજીની સહુ સેવા કરીએ, ધરીએ હૃદયે ધ્યાન— અમે તો
" જાતિ છો રહી જુદી અમારી, ધર્મનું વિધવિધ જ્ઞાન,
" તો પણ ભૂમિ એક અમારી, બહુ પ્રિય હિંદુસ્થાન—અમે તો.
(સુન્દરી સુબોધ સપ્ટેમ્બર—ઓક્ટોમ્બર ૧૯૧૮ પૃષ્ઠ ૩૪૪)

૫

ગુણવતી ગુજરાત

ગુણવતી ગુજરાત અમારી ગુણવતી ગુજરાત
નમિયે નમિયે માત ! અમારી ગુણવતી ગુજરાત
મોઘેરા તુજ મણિમંડપમા આ ઝુકી રહ્યા અમ શીશ
મંત મીઠી ! તુજ ચરણ પડીને માગિયે શુભ આશિષ
અમારી ગુણવતી ગુજરાત !
મીઠી મનોહર વાડી આ ત્હારી નંદનવન શી અમોલ,
ફૂલડાં વીણતાં વીણતાં ત્યાં કરિયે નિત્ય કલ્લોલ !
અમારી ગુણવતી ગુજરાત !
સંત મહંત અનંત વીરોની વ્હાલી અમારી માત !
જય જય કરવા ત્હારી જગતમા અર્પણ કરિયે જાત !
અમારી ગુણવતી ગુજરાત !
ઊંડા ઘોર અરણ્ય વિષે કે સુંદર ઉપવનમાંય,
દેશવિદેશ અહોનિશ અંતર એકજ ત્હારી છાય !
અમારી ગુણવતી ગુજરાત !
રસસરિતા રસભર અમીઝરણાં રત્નાકર ભરપૂર,
પુણ્યભૂમિ ફળફૂલ ઝઝૂમી, માત ! રમે અમ ઉર !
અમારી ગુણવતી ગુજરાત !
હિન્દુ, મુસલમિન, પારસી, સર્વે, માત ! હવે તુજ બાળ,
અંગ ઉમંગ ભરી ત્વરંગે કરિયે સેવા સહુ કાળ !
અમારી ગુણવતી ગુજરાત !
ઊગ પ્રભાતમા અજવાળી ટાળી દે અંધકાર,

(૭)

એક સ્વરે સહુ ગગન ગજવતો કરિયે જયજયકાર !
                    અમારી ગુણવતી ગુજરાત !
નમિયે નમિયે માત ! અમારી ગુણવતી ગુજરાત !

(અ. ફ. ખબરદાર.)

---

(૨)

ગુજરાત.

૧ ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !
અમારો ગુણિયલ ગુર્જર દેશ,
કૃષ્ણચંદ્રની કૌમુદી ઉજળો,
કીધ પ્રભુએ ય સ્વદેશ,
અમારો ગુણિયલ ગુર્જર દેશ ધન્ય હો !

૨ આર્યનુ સાગર તીર્થ પુરાણુ,
તપોવન ભૃગુવસિષ્ઠના ભાણુ,
ગીતાના ગાનારા મહારાજ
પાર્થના સારથીના જ્યહાં રાજ્ય
ગ્રીસરોમથી ય જૂના,
કુરુપાંડવથી યે પ્રાચીન,
સોમનાથ, ગિરિનગર, દ્વારિકા
યુગ યુગ ધ્યાનવિલીન
ઉભીને કાલસિન્ધુને તીર
બજાવે બસરી ભવ્ય સુધીર ધન્ય હો !

૩ સ્થળે સ્થળે નવપલ્લવના પુંજ,
નદી ને તળાવ કેરી કુંજ,
કોમળી કવિતા સમ સુરસાળ
સિન્ધુ જ્હાં દે મોતીના થાળ
જગજૂના નિજ ગીત ગર્જતો
ફરતો સાગર આજ,
કેસર ઉછળી ધ્રુવવે ગરવો
વનમાં જ્હાં વનરાજ
ગિરિગિરિ શિખરશિખર મોહન્ત
મન્દિરે ધ્વજ ને મન્ત મહન્ત ધન્ય હો !
૪ પૂર્વથી પશ્ચિમ વહે પ્રકાશ,
વ્હાણ ભરી વ્હેતી તેમ નિકાસ,
મોહી આગણ ઉતર્યો જ યૂરોપ,
વીણવા વાડીના ફૂલરોપ,
વીણી ન વણસે પુણ્યપાગરી
અમ રસભૂમિની છાબ,
જગમોહન મુંબઈ નગરી જૂવો !
શું પાથર્યો કિનખાબ
નિત્ય નવફૂલે ખીલે અભિસમ
લક્ષ્મી મ્હોર્યાં લક્ષ્મીના ધામ ધન્ય હો
૫ ચોળી, ચણિયો, પાટલીનો ઘેર,
સેંથલે સાળુની સોનલ સેર,
છેડલે આચ્છાદી ઉરભાવ,
લલિત લજ્જાનો વદન જમાવ,

અંગ આંખે ગ્રે નિજ અલબેલ,
સાળુમાં ઢાંકતી રૂપની વેલ,
રેણુકતનયા, ભાવશોભના,
સુન્દરતાનો શું છોડ !
આર્યસુન્દરી ! નથી અવનીમાં
તુજ રૂપગુણની જોડ,
ભાલ કુંકુમ, કર કંકણુ સાર,
કન્થના સજ્યા તેજ શણગાર ધન્ય હો !
૬ ખેતરો ન્હાના, ન્હાનીશી પોળ,
નાતજાતે ન્હાનડિયા ઘોળ,
ક્ષત્રિજાયાના ન્હાનલ રાજ્ય,
ધર્મના ન્હાનકડા જ સમાજ,
વૃદ્ધ ચાણાક્યે વર્ણ્યાં પૂર્વે,
ન્હાના પ્રજાના તન્ત્ર,
એહ પુરાતનના પડછાયા,
આ અમ જીવનજન્ત્ર,
એક ફૂલવેલે ફૂલના ફૂલ,
અમારા એક સુગન્ધ અમૂલ ધન્ય હો !
૭ દેશ નિજ તજી ધર્મને કાજ
સાગરે ઝુકાવ્યું સફરી જહાજ,
ધર્મવીર પારસીનો સત્કાર
જગત્ ઇતિહાસે અનુપ ઉદાર,
ઇસ્લામી યાત્રાળુનું આ
મક્કાનું મુખબાર,

હિન્દુ મુસલ્મિન પારસીઓને
અહિયાં તીરથદ્વાર
પ્રભુ છે એક, ભૂમિ છે એક,-
પિતા છે એક, માત છે એક -
આપણે એકની પ્રજા અનેક ધન્ય હો !

૮ નથી રમી શમશેરોનો દાવ,
નથી ત્યમ ઘણા ઝીલ્યા યે ઘાવ.
શ્રી કૃષ્ણે કુરુક્ષેત્રની મ્હાય
લીધાં વ્રત જાણે હજી ય પળાય
એક ઇડરના વનકેસરીએ,
ભડવીર બાપ્પારાવ
વિશ્વવન્ઘ સૂરજકુળ સ્થાપી
ચિતોડ કીધ યશછાવ
જન્મભૂમિ દયાનન્દના ધામ,
ગાંધીના ગીતાજીવન નિષ્કામ ધન્ય હો !

૯ સૂરતના રસિક રંગીલા રાજ,
બુદ્ધિધન ભર્યો શ્રીનગરસમાજ,
રણવીર સૌરાષ્ટ્રી યશવાન,
કચ્છના સાહસિક સન્તાન,
અખંડ વિચરતો હિન્દી
મહાસાગર મહારેલ,
તીરતીર જઈ સ્થાપી ગુર્જરી
ર. સ્થાનોની વેલ,
મહાસાગરના પૃથ્વિ વિશાળ.

સરોવર ફીધા ગુર્જરી બાળ, ધન્ય હો,
વનિવન લીલો ઘટાસોહાગ,
જગતનો દીપે શુ અમુલખ બાગ !
નજાવ્યા જૈને રમશણગાર,
લતામડપ સમ ધર્માગાર,
ભાગ્તીએ કઈ ફૂલફૂવારો
અજલિમા શુ લીધ !
દિશદિશમા ફૂલધાર ઉડાવી
દિલના પરિમળ દીધ !
હિન્દ માતની લાડલી બાળ !
ગુર્જરી ! જય ! જય ! તવ ચિરકાળ ! ધન્ય હો !

ન્હાનાલાલ દલપતરામ કવિ.

૩

ગાઓ ગાઓ ગુર્જરી કથા આ મનોહરી—
મૂર્તિ બ્રહ્મદેવ તણી, નિત્ય પૂજ્ય સ્વરૂપીણી
વધાવે પરિમલ યુક્ત પુષ્પથી સુધાઝરી-મનોહરી-ગાઓ
ગાવે તુજ વિમલ ગાન, સુરનર સહુ યશોગાન
વિવિધ પલ્લવ ફૂલ ફળથી ગાજે દેવી ગુર્જરી—મનોહરી ગાઓ.

(નટવરલાલ બાલુભાઈ શાહ.)

૪

વન્દુ હુ ગુર્જર માતને,
પૂજુ તુજ પુનિત પાદને — વન્દુ ૦
યુગ પ્રતિ-યુગ જેણે પોષ્યો છે યદુનન્દનના યોગને, — વન્દુ ૦
મીરા ને નરસૈયે જ્યાહી ગાયા ભક્તિગાનને — વન્દુ ૦
ગોવર્ધન મણિ પ્રેમાનન્દે અર્ચ્યા જ્યા સાહિત્યને — વન્દુ ૦
ગાંધીજીએ સત્યાદર્શના પ્રગટાવ્યા જ્યા તેજને — વન્દુ ૦
જનની સેવા નિશદિન યાચુ અર્પો એ નિજ બાળને — વન્દુ ૦

(નટવરલાલ બાલુભાઈ શાહ.)

શિક્ષકોનું નિત્ય સ્મરણ.

૧

મરાઠી ચાલની સાખી

વ્હાલામા વ્હાલુ ધન બાળક, તે મુજને સોપાયુ,
યોગ્યાયોગ્યપણુ ભાવિનુ, તેનુ હુથી થપાયું,
અહો ! શી મહાનતા મ્હારી ! ! — ૧
આ મ્હારી જીવનદોરી છે, સભાળુ શુભ રીતે,

નોટ—૧ લી સાખીમા શિક્ષકના ધધાની મહત્તા બતાવાઈ કે પ્રજાનુ વ્હાલામા વ્હાલુ ધન જે બાળક છે, તે મને સોપાયુ છે, એટલુજ નહિ, પણ તેનુ ભવિષ્યનુ યોગ્યપણુ કે અયોગ્યપણું મારા ઉપર થપાયુ છે અહો ! મારા ધંધાની કેટલી બધી મોટાઈ છે બાળકની આખી જિન્દગીનો આધાર જે મારા ઉપર છે, તો મારે બધી રીતે યોગ્ય-પવિત્ર રહેવુ જોઈએ

ઉન્નતિશિખર ઉપર લઈ જાવા, પઢાવું પૂર્ણ પ્રીતે,
એવી ઉત્તમ ફરજ બજાવુ ૨
સમષ્ટિના અભિમાની ઈશ્વર, વદી તમોને યાચુ
ભણ્યુ ભણાવ્યુ શુભપ્રદ હોજો ! આપો એ ફળ સાચુ
જય જય હોજો ! ભાવિ પ્રજાનો ૩

---

૨ મારો શિક્ષકનો ધધો તો બાળક ઉપર જ છે, હુ એનાથી જ નભુ છુ નાના બાળકો જ મારુ જીવનવૃક્ષ છે, માટે મારે તને બરાબર સભાળવા જોઈએ એ સભાળ ઉત્તરાર્ધમા સ્પષ્ટ થાય છે મારા અતઃકરણના ખરા ભાવથી હુ એમને એવી રીતે ભણાવુ કે તે પોતાની ઉન્નતિના શિખર ઉપર ચઢી જાય હુ મારી ઉત્તમ ફરજ એવી રીતે બજાવુ આ શિક્ષકની પ્રતિજ્ઞા છે—આત્માનો નિશ્ચય છે ખરા શિક્ષકનો નિશ્ચય આવો જ જોઈએ તેનુ જીવન પરમાર્થ-મય હોવુ જોઈએ

૩ માણસ જ્યા લગી માનવબુદ્ધિથી ક્રિયા કરે છે, ત્યા લગી ઈશ્વરના આશીર્વાદની તેને જરૂર છે, માટે આ સાખીમા પ્રભુના આશીર્વાદની યાચના છે એ પ્રભુનુ સ્વરૂપ તે કોઈ એકમાર્ગી નહિ સર્વવ્યાપી સર્વશક્તિમાન સર્વરૂપ ઈશ્વર—સર્વેશ્વર આખી સમષ્ટિના અભિમાની એવા પ્રભુને ખરા ભાવથી વદીને હુ માગુ છુ કે મારુ ભણાવેલુ અને બાળકનુ ભણેલુ કલ્યાણકારી થાઓ એ રૂપ સાચુ ફળ અમોને આપો અમારી ભવિષ્યની પ્રજાનો આ મારી પાસે ભણતા સર્વ બાળકોનો જય હો ! જય હો ! !

આટલુ સમજપૂર્વક ચિતવન દરેક શિક્ષક રોજ પોતાના કર્ત્તવ્ય ઉપર બેસતા પહેલા કરે તો એથી ઈશ્વરકૃપા થઈ ઘણો લાભ મળે

૨

(માલીકના બાળક સૌ માલીક સૌના શ્રી જગનાથ) એ રાગ

વ્હાલામા વ્હાલુ બાળક ધન તે મુજને સોપાયુ

બાળક મુજને સોપાયુ—ટેક

દ્વિતીય જન્મ તેનો થાવા તે મુજ કર દેવાયુ—

સ્વત્વ શિશુમાહિ લાવી,

નિદ્ય ટેવો સૌ તજાવી,

નિસ્પૃહ ખિલવેલા ગુણનું કરવુ સગવાયુ—બાળક મુજને સોપાયુ

લઘુ બાળકોને જ્ઞાન દઈ, નરરત્ન કરવા એમને,

અવની તણા શણગાર સમ, ઝળકાવવા બહુ તેમને

ગુરુપણુ દાખવવા માટે ગુરુપદ દેવાયુ—બાળક મુજને સોપાયુ

(રા ગ મ. ત્રિ. ભટ સુરત)

પ્રભુસ્તુતિ,

मूकं करोति वाचालं पंगुल्लंघयते गिरिं।

यत्कृपा तमहं वन्दे परमानन्द माधवं ॥

૧

ઓ પ્રભુ ! તું છે જગતનો, સમર્થ સરજનહાર,

અંતરથી તુજને નમુ, તું કર મારી વ્હાર

૨

હરિગીત છંદ.

નમીએ[1] અમે બાળક બધા, ઉર પ્રેમ અતિશય આણીને,
પ્રભુ છો અમારા પ્રાણદાતા,[2] બુદ્ધિદાતા[3] જાણીને,
ધર્મ,[4] કર્મ, અકર્મ અધર્મ, જાણીએ ન કશુ અમે,

---

૧ કન્યાશાળામા અને જ્યા છોકરાઓ સાથે બાળાઓ પણ ભણતી હોય ત્યા 'બાળક બધા' એમ બોલવુ તે જ પ્રમાણે ચોથી કડીમા 'આપના' એમ બોલવુ

બધા છોકરાઓએ હાથ જોડી પ્રાર્થના કરતી પગ સરખા રાખી ઉભા રહેવુ, અને જોડેલા હાથ ઉપર જ નજર રાખવી, 'નમીએ' એ શબ્દ બોલતા બધાએ એક જ વખતે માથુ નમાવવુ

છેલ્લી કડીમા 'નમી'શબ્દઆવે છે, ત્યા પણ માથુ નમાવવુ જોઈએ

૨ આ 'પ્રાણદાતા' શબ્દવડે સ્થૂલ શરીર અને સર્વ સ્થૂલ સાધનના આપનારા હે પરમેશ્વર ! આપ જ છો એવો અર્થ સમજાવ્યો છે અમને જન્મ આપનાર આપ છો અમારા જીવનના સર્વ સાધન—ઘરબાર વગેરે, આપે જ આપ્યુ છે દેખાતુ સર્વ જગત્ પરમેશ્વરનુ બનાવેલુ છે એવો ભાવ છે

૩ 'બુદ્ધિદાતા' એ શબ્દવડે સૂક્ષ્મ શરીર, તેના સર્વ સાધન, તેનુ મૂળ—કારણ શરીર, એ સર્વ ઈશ્વરથી થયુ છે એમ સમજાવ્યુ છે સર્વ જગત્ ઈશ્વરમય જ છે એ રહસ્ય પણ એથી જ સમજાય છે ઈશ્વર સર્વત્ર હોઈ આપણને બધે સ્થળે જોનાર છે આપણે સવ જગાએ તેમને નમસ્કાર કરવો જોઈએ

૪ અમારો ધર્મ કયો છે અથવા અમને અધર્મ શો છે, તેમ જ અમારૂ કર્મ શુ છે એટલે અમારે શુ કરવુ, અને અમારૂ અકર્મ

છીએ અમે સૌ આપના, વરતાવજો સુપથે તમે ૪
આપો[5] સદા સુમતિ અમોને, એજ ઉર અભિલાષ છે,
સૌને[6] સહાયક થઈ રહીએ, એ જીવનની મિઠાશ છે,
રાજા[7] પ્રજા સુખમા વસો, નિજ ધર્મ નિત પાળી રહો,

શુ છે એટલે અમારે શુ ન કરવુ, એ અમે બાળક છીએ જેથી કાઈ જાણુતા નથી અમે બધા આપના છીએ માટે અમને સારે માર્ગે ચલાવો એ જ માગીએ છીએ આ લીટીઓથી ઈશ્વરમા પૂજ્યભાવ અને ભક્તિભાવ સમજાવ્યો છે આપણે સૌ ઈશ્વરનેજ આધીન છીએ, એ રહસ્ય છે આ બે કડીઓમા સ્થૂલ શરીરનો વ્યવહાર પવિત્રપણે ચલાવવાની ઈચ્છા પ્રસારી છે

૫ આથી બુદ્ધિ એટલે સૂક્ષ્મ શરીરની પવિત્રતા માગી છે વ્યક્તિત્વ એ બુદ્ધિનો જ ભાવ છે બુદ્ધિ જ્યારે શોધાય છે ત્યારે વિશેષ અહકાર સામાન્ય ભાવ તરફ વળે છે એ ભાવનુ પ્રાગટ્ય છે તે–

૬ આ લીટીમા બતાવ્યુ છે વ્યક્તિત્વ એટલે વિશેષ અહકાર એનુ કૃતાર્થપણુ તે બધાઓને સમાન ગણવામા અને અનુભવવામા છે વ્યક્તિભાવને પામેલ જીવમાત્ર પોતાના રક્ષણમા જ ઉદ્યોગી છે જ્યા પરને પણ પોતાનુ મનાય છે ત્યાજ સહાયતા કરવાની બુદ્ધિ ઉપજે છે બુદ્ધિનુ બુદ્ધિત્વ ત્યા જ કૃતાર્થ થાય છે, કે જ્યા સૌ કોઈને સહાયક થવાની પ્રબળ ઈચ્છા થાય છે અને તે ક્રિયામા જોડાવાય છે

૭ રાજાનો ધર્મ પ્રજાનુ રક્ષણ કરવાનો છે, અને પ્રજાનો ધર્મ રાજ્ય તરફ ભક્તિ રાખવાનો છે આ ધર્મ તેઓ બરાબર પાળો અને સુખી રહો, એ અતરની શુભેચ્છા છે જે રાજ્યથી પ્રજા પોતાના જાનમાલનુ રક્ષણ સાચવી આનદ ભોગવે છે તે રાજ્ય તરફ પ્રજા

પ્રભુ[૮] સાક્ષી છો સર્વત્ર ગણી, અન્યોન્ય સુખ મપત લહો ૨
માતાપિતા[૯] ગુરુજન ભૂપાળની, ભક્તિ અમ મનમા વસો,
રાજા પ્રજાહિત એક છે, એ તત્ત્વ સહુ ચિતમા ઠસો,
શુભ[૧૦] કર્મના ફળ શુભ મળે એ, ન્યાય નિશ્ચય જાણીએ,
શુભ કામ આચરીએ સદા નમી, નાથ[૧] એ જ પ્રમાણીએ ૩
(શ્રીયુત વિશ્વનાથ સદારામ પાઠક રીટાયર્ડ ડે એ ઇ પોરબંદર)

વફાદાર રહે એ જ તેનો ધર્મ છે આ ધર્મ સૌ કોઈ પાળો અને સૌ સુખી થાઓ એટલુજ નહિ પણ પ્રજાએ રાજામા ઈશ્વરબુદ્ધિ આરોપવી અને રાજાએ પ્રજામા પોતા બુદ્ધિ રાખવી જેથી સુખ થાય, આ અર્થ —

૮ આ લીટીમા છે પ્રભુ ! આપ તો સર્વ સ્થળે હાજર છો; એમ સૌએ વિચારવુ અહીં સાક્ષીનો અર્થ હયાત છો એમ સમજવો

૯ પ્રજાના દરેક માણસે માતા, પિતા, ગુરજનો અને રાજા તરફ ભક્તિભાવ રાખવો જોઈએ, એ વિચાર અને આચાર નાના બાળકોમા દાખલ રહેવો જોઈએ બાળકોના મુખથી જ એ માગણી કરાવાય છે પ્રજા રાજથી જુદી નથી અને રાજા પ્રજાથી જુદા નથી આપણા લોકો કહે છે કે 'ગાયને સુખ તો ગાભને સુખ' તેમ અહી પણ રાજા સુખી તો રૈયત સુખી એટલુજ નહિ પણ રૈયત સુખી તો રાજા પણ સુખી એ બનેનુ હિત એકજ છે, ભિન્ન નથી, આ તત્ત્વ દરેક બાળકના મનમા બચપણથીજ રોપાવુ જોઈએ તે બાળકો જ માગે છે એમા કાઈ વિશેષ મજા છે

૧૦ જગતમા આપણે જોઈએ છીએ કે જુવાર વાવીને જુવાર, ઘઉં વાવીને ઘઉં અને બાજરી વાવીને બાજરી મેળવીએ

(૩)

ભાવનગર સંસ્થાનનું કેળવણી ખાતુ, ભાવનગર.

"धर्मं चर।"

વિદ્યાર્થીઓએ દરરોજ કરવાની પ્રાર્થના.

રાગ કલ્યાણ—ત્રિતાલ

પ્રિયતમ પ્રભુ! નમીએ આપને
જપીએ પાવન તમ જાપને— પ્રિયતમ૦
જ્ઞાન-દીપક હૃદયે પ્રકટાવી
પૂર્ણ પ્રજાળો પાપને પ્રિયતમ૦ ૧
બળ-સાગર! રગરગ બળ રેડો,
નસનસ દો નીતિ-છાપને— પ્રિયતમ૦ ૨
અમ અંતર દમતા કુવિચારો
પાત્ર થજો તમ શાપને— પ્રિયતમ૦ ૩

છીએ, 'વાવે તેવુ લણે' એ તો અતિપ્રસિદ્ધ છે, છોકરાઓને સમજવુ જોઈએ કે તમે સાગ કામ કરો તો તેનુ ફળ સારૂજ મળે એ એક મોટો અને ખરો નિયમ છે, એ સમજ્યા પછી બાળકો પોતેજ માગે, કે પ્રભુ! અમે હમેશા સારા કામ કરીએ એ અમારી ઇચ્છા આપને વારવાર નમીને અમે જણાવીએ છીએ અમને સહાય થાઓ એવી આતરેચ્છા છે

સૂચના—આ ભાવનુ સ્ફોટન મહેતાજીઓ માટે છે, પ્રાર્થના થઈ ગયા પછી કોઈપણ એક બાબત તેમાથી લઈ છોકરાઓ સમજે એવી રીતે પાચ દશ મિનિટ વર્ણવી બતાવવી અને બોધ કરવો જેથી પ્રાર્થનાની મતલબ પાર પડે

આપ વદન-શશી ગ્રહેવા મથતા
માજો અમ-મન-આપ ને -- પ્રિયતમ૦ ૪
પોતાના ગણી પાળો અમને,
એ જ અરજ માબાપને -- પ્રિયતમ૦ ૫

કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા,
ભાવનગર સંસ્થાનના કેળવણી ખાતાના ઉપરિ અધિકારી

કેટલાક શબ્દોની સમજુતી.

પ્રિયતમ=અત્યંત વ્હાલા
પાવન=પવિત્ર કરનાર
જ્ઞાન-દીપક=જ્ઞાનરૂપી દીવો
પ્રજાળો=બાળો
મળ-સાગર=મળના સમુદ્ર
દમતા=પીડતા
કુવિચારો=ખરાબ વિચારો
પાત્ર=લાયક યોગ્ય
આપ વદન-શશી=આપના મુખરૂપી ચંદ્ર
ગ્રહેવા=પકડવા, પ્રતિબિંબ પાડવા
મથતા=પ્રયત્ન કરતા
માજો=શુદ્ધ કરો
અમ મન-આપને=અમારા મનરૂપી અરીસાને

૪

ધન્યાશ્રી.

જય જય જગદાધાર
નમીએ જય જય,
વિશ્વતણા આધાર નમીએ,
પ્હાડ પાણી પૃથ્વી નીપજાવ્યા,
સરજાવ્યા નરનાર .. નમીએ

અકળ કળા અવિનાશી તમારી,
અપાર અતિ ઉપકાર નમીએ
નિયમિતે હરરોજ નિશાળે,
પાઠનો પામી પાર નમીએ
માતપિતા ગુરૂ વડિલ સરવને,
આપીએ હર્ષ અપાર નમીએ
માતૃભૂમિને વીરનરોને,
વદી વાર હજાર નમીએ
દેશભૂમિને ઓર દીપાવી,
ખોલી ઉદયના દ્વાર નમીએ
નમન કરી મહારાજા જ્યોર્જને,
કરીએ જય જય કાર નમીએ

(શ્રીયુત ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટ

૫

કેવી મનોહર લીલા અજબ આ!
જગમાં રહી છાઈ માયા પ્રભુની કેવી
વામાં વસે એ જેના હૃદયમાં
નાચે ડોલાવી એ વૃતિ વિભુની કવી

(નાટક ઉપરથી)

૬

દોહરા.

ઓ ઈશ્વર તું એક છે, સરજ્યો તે સંસાર
પૃથ્વી પાણી પર્વતો, તે કીધા તૈયાર.

નારા સારા શોભિના, સુરજને વળી સોમ,
તે તો સઘળા તે ગ્ચ્યા, જબરૂ તારૂ જોમ
અમને અદકા જ્ઞાન ગુણુ, તેનો તું દાતાર,
ભૂલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર
કાપ ક્લેશ કકાસને, કાપ પાપ પરિતાપ,
કાપ કુમતિ કરુણા કરી, કાપ કષ્ટ સુખ આપ

(કવિ દલપતરામ)

૭

વ્હાલા માગ દેવ દયાળુ વીનવુ, પ્રેમભક્તિનું દેજો અમને દાન જો,
ચરણ શરણ રાખો રે બાળક બાલુડા, અમ અતરમા કરજો પ્રભુજી વાસ જો.
વ્હાલા૦
નિર્દોષી આનદી રહીએ સર્વદા, તજીને આળસ કૂડ કપટ કકાસ જો,
રહેણીને કરણીમા સાદા થઈ સદા, પળપળ દીલડુ પ્રભુ ચરણે મધાય જો
વ્હાલા૦
માતપિતા ગુરુજનમા પ્રીતિ ધારતા, નિશદિન રહીએ આજ્ઞામા આધીન જો
મધુજનને સમભાવે રીઝાવતા, સ્નેહભાવ અમ અતરમા ઉભરાય જો
વ્હાલા૦

(મળેલુ)

૮

(ગઝલ.)

પ્રભુ નમીએ પૂરી પ્રીતે, સુખી કર તું સુખી કરજે,
સ્તુતિ કરીએ રૂડી રીતે, સુખી કર તું સુખી કરજે
બનાવી તે બધી દુનિયા, બનાવ્યા તે ઉંડા દરિયા,
સુરજ ને ચદ્ર ઝગમગીયા, સુખી કર તું સુખી કરજે

વળી આકાશમા તારા, અતિ ઉંચેજ ફરનારા
બનાવ્યા તે પ્રભુ પ્યારા, સુખી કર તુ સુખી કરજે
જગત આખા ઉપર તારી, નજર ફરતી રહે ન્યારી
અમારા કામ જોનારી, સુખી કર તુ સુખી કરજે
બધાએ પાપ બાળી દે, વળી બુદ્ધિ રૂપાળી દે,
નમીએ હાથ જોડીને, સુખી કર તુ સુખી કરજે

૯

ધન્ય હો, ધન્યજ પુણ્ય પ્રદેશ
અમારો, ગુણીયલ, ગુર્જરદેશ--એ રાગ
પ્રભુનો વહાલો હુ છુ બાળ,
પિતાજી, લેછે, મુજ સભાળ,
દુખી હુ શાને માનુ મન ?
પ્રભુ પિતાનુ હુ ફરજન

પ્રેમી પિતાના પાક રાજ્યમા, ભર્યા લક્ષ્મીભડાર,
તે સર્વેનો વારસ હુ છુ, ચિંતા શી તલભાર---
સદાએ રહુ ઉમગે યાર,
પિતાજી લે છે મુજ સભાળ---પ્રભુનો

વિદ્યાને ડહાપણના દરિયા, ભરિયા વિશ્વ વિશાળ,
મુજ માટે રચના રચી આ સૌ, પિતાજી પૂર્ણ ઉદાર,
મળે જે માગુ તે તે માલ,
પિતાજી લે છે મુજ સભાળ---પ્રભુનો

આસપાસ આરોગ્યજ ફેરયુ જ્યા ત્યા દીનાનાથ,
કટક વાવુ તોપણ આપો પુષ્પ પ્રેમીલા હાથ

દુઃખમા સુખનો દેખુ તાલ,
પિતાજી લે છે મુજ સભાળ--પ્રભુનો
દરરોજે હજારો તોડુ, હુકમ આપના બાપ,
સહન કરોછો મુર્ખાઈ મારી, કરી ગુન્હા સૌ માફ,
દુષ્ટ હુ અને તમેજ દયાળ,
પિતાજી લે છે મુજ સભાળ--પ્રભુનો

અમદાવાદ તા ૮-૮-૨૦ (બાલુભાઈ રતનચદ શાહ)

૧૦

પ્રભાતની ઈશ્વર સ્તુતિ.

ભુજગી છદ.

અહો નાથ ! ઉભા અમે હાથ જોડી,
કરો રક સ્હામે કૃપાદષ્ટિ થોડી,
સદા વાપને પાપથી તો ઉગારો,
અમે માગિયે, ઈશ એ પ્રેમ ત્હારો ! ૧

ઉગ્યો સૂર્ય તો પૂર્વમા પૂર તેજે,
ગઈ રાત વીતી જુઓ વાત સ્હેજે,
પ્રભો ! તુ વિના કોણ સભાળનારો ?
અમે માગિયે ઈશ એ પ્રેમ ત્હારો ! ૨

પશુ પક્ષી ને પ્રાણિયો કામ લાગ્યા,
પડી એમ ઉદ્યોગમા સુખ માગ્યા,
અમારી પ્રભો ! બુદ્ધિ વિદ્યા વધારો,
અમે માગિયે ઈશ એ પ્રેમ ત્હારો ! ૩

કુડા દુખ કાપી રૂડા સુખ આપો,
અમારા શિરે નાથજી હાથ થાપો !
સુખે જાય આ આજનો દિન સારો,
અમે માગિયે ઈશ એ પ્રેમ ત્હારો ! ૪

(અ. ફ ખબરદાર)

૧૧

કુદરતનુ વર્ણન.

હે પ્રભુ તારી કુદરત ન્યારી, અદ્‌ભુત રચના લીલા સારી,
ઝાડ, પા'ડ, વન, ઉપવન ભારી, રણુ, વગડા, ભૂમિ રઢીયાળી,
સરવર સરિતા જો સુખકારી, નિર્મળ જળ સ્થળ શોભા સારી
હે પ્રભુ૦—૧

શિતળ મદ સુગધ પ્રસારી, પવન રેલા ઝુલાવી ડાળી,
મેના પોપટ કોયલ કાળી, મધુર મધુર ટહુકા કરનારી હે પ્રભુ૦—૨
મસ્ત મેઘમડળની હેલી, વીજ કરતી ચમકારા પેલી,
ઝરમર ઝરમર વરસે વારિ, ઈંદ્રધનુષ્યની છે બલિહારી હે પ્રભુ૦—૩

૧૨

પ્રભુવદન.

વદન કરીએ પ્રભુ તુજ ચરણમા અમે,
સુખ ને શાતિ કીધી છે પ્રભુ આજ આ સમે રે વદન૦-૧
પ્રીતે, ગીતે, નીતે, ચિત્તે મન ધરી હામ,
ગીધા સૌ કામ દાસ મૈ નમે વદન૦—૨

(બા ર શાહ)

૧૩

સારીગમ.

નમીએ પ્રીતે નિશદિન હે પ્રભુ તુજ પદમા
છછી છુમ છછીછુમ છનનનનનનન
દારેના દારેના દીમ તનનનનનનન
થેઅ્ન થેઅ્ન ક્રીડ ક્રીડ ધા ધા ધા
હળી મળી સુગ ભરી ગાઓ તાન સુર
સા રી ગ મ ધ ની સા નમીએ૦ (મળેલુ)

૧૪

શાંકર સર્વે દુ ખ પરિહર બાળક પર તુ મયા કર,
શુભ મતિ દઈને તુ કૃપા કર અમ પર,
ઉગાર આવાર,
સુખકર દુ ખ–હર તુ સર્વેના,
કરીએ મનથી તારી સેવા શકર૦ ૧
ઇંદ્ર ચદ્ર સૌ દેવા ધ્યાન ધરે છે તમારૂ
ઉગાર આ વાર
સુખકર દુ ખહર તુ સર્વેના
કરીએ મનથી તારી સેવા શકર૦ ૨ (મળેલુ)

૧૫

રાગ યમન કલ્યાણ તૈતાલ.

પ્રભુ ગતિ તારી બલીહારી,
દાવર તુજ પર અમ વારી—પ્રભુ૦
સકળ જગતનો પાલક તુ છે,
જળ થળ જનનો માલીક તુ છે,

સૂર્ય ચંદ્ર ને અગણિત તારા,
ગગનમંડળમાં ભારી--પ્રભુ૦
તું છે પાક પરવર દીગાર,
અમ પામરનો તુજ આધાર,
કાપ કષ્ટ સુખ આપ,
વદે 'કાન' સુણો મોરારી--પ્રભુ૦

૧૬

રાગ અંગ્રેજી માર્ચ ટાઇમ ?/ટ

રૂડી સવાર સત્ય જો ઉઠી પ્રભુજીને ભજો,
ભજન કરી મગન થજો, સદા સર્જન હો જો
છે એક પરમેશ્વર,
દયાળુ છે ઇશ્વર,
દુનિયા મહિં તું એક છે, બીજું બધું અનેક છે
વણાજ તુજ નામ છે, તો પણ તું એક છે
(શ્રીયુત કાનજી કાલિદાસ જોષી ન્યુ હાઈસ્કૂલ મુંબઈ)

૧૭

દોહરા.

પ્રભુ નજરે તો નવ પડે, ઉચરે નહિ ઉચ્ચાર,
જગ રચનાથી જાણિયે, જે છે જગ કરતાર ૧
ઉપરી વિણ નિશાળનો, રહે ન બંદોબસ્ત,
નીભે કેમ પ્રભુ વિના, વિશાળ સૃષ્ટિ સમસ્ત ૨
જેણે પ્રાણી જનમતા, પહેલું પ્રગટયું દૂધ,
એ પ્રભુને નહિ ઓળખે, એથી કોણ અબુદ્ધ ૩
(શિક્ષાવચન)

૧૮

ભુજંગી.

ઠદુખી જનો સર્વ મિત્રો અમારા, રહે તે શરીરે સુખી સવ સારા
સદા સુચવો તેમને સદ્વિચાર, જગાધીશને વંદીએ વારવાર ૧
સદાચાર નીતિ અમે આચરીએ, તમારા સદા ઉપકારો સ્મરીએ,
કરો તેજ ભક્તિ તમે અગિકાર, જગાધીશને વંદીએ વારવાર ૨
(શિક્ષાવચન)

૧૯

ધન્યાશ્રી.

ભાવ થકી ભગવાન ભજો રે ભાઈ,
ભાવ થકી ભગવાન
ઈશ્વર સમ કો અત તણુ નથી,
જન્મ જીવન અવસાન ભજોરે૦ ૧
ચદ્ર સુરજને ગ્રહ નીપજાવ્યા,
વાયું વહે વિમાન ભજોરે૦ ૨
હર પળ તેને યાદ કરીને,
મેળવજો સહુ જ્ઞાન ભજોરે૦ ૩
પુજ પાપનો પ્રલય કરે જે,
ભુલ્યાનુ લાવે ભાન ભજોરે૦ ૪
જાગ્રતિ કે સ્વપ્નાવસ્થામા,
વિશ્રાન્તિનુ સ્થાન ભજોરે૦ ૫
દાસ નિભાવે પ્રેમથકી જે,
દઈ મુક્તિનુ દાન ભજોરે૦ ૬

---

*મનુષ્યોની બુદ્ધિ વિમાન સુધી પહોચી છે, પરતુ તેને વહન કરનાર વાયુ છે તે વાયુ ઈશ્વરે સરજાવ્યો છે

સકળ ગૃહોનો જે સંયોજક,×
બહુ બુદ્ધિ બળવાન ભજોરે૦ ૭

૨૦

વિભુ તારો વિશ્વાસ, અમોને વિભુ તારો વિશ્વાસ,
તોડી તિમિરતણા દળતારક, પાથર તારો પ્રકાશ અમોને૦ ૧
ઉત્સાહી કર આગળ વધવા, નિરબળતા કર નાશ, અમોને૦ ૨
અધમ ઉધારણ સદ્વિદ્યા દે, બાળકની એ આશ અમોને૦ ૩

૨૧

પદ.

આનંદ આનંદ આજ અમારે, વિનય વિવેકથી વસ્તુ વિચારે આ૦ ૧
ધામ ધરા ધન સુખજ આપે, એ નિજ રૂપના પ્રૌઢ પ્રતાપે આ૦ ૨
પુત્ર કલત્ર કુટુંબ વગેરે, સુખદ દેખુ સદા કોઈ પેરે આ૦ ૩
સાભળુ જોઉં જગતમાહિ જે જે, હુંથી નહિ કાંઈ નાખુ રહે તે આ૦ ૪
કેશવ અંતરયામી પ્રતાપે, વિશ્વ વિલાસ સદા સુખ આપે આ૦ ૫
(કેશવકૃતિ)

૨૨

લલિત છંદ.

જય વિભુ વડા વદીએ અમે, સકળ વિશ્વના તાત છો તમે,
તમ દયા થકી આપદા ટળે, તમ કૃપા થકી સહાય તે મળે ૧
રવિ શશિ ગ્રહો પ્હાડ ને નદી, પવન ઝાડને સૃષ્ટિ આ બધી,
અજબ એ કૃતિ વિશ્વ બાપની, વિસરશે નહિ મ્હેર આપની ૨
સ્મરણ આપનુ ના ઘડી કર્યું, અખુટ પાપનુ ભાથુ છે ભર્યું,
કપટ જૂઠમા જિંદગી ગઈ, ભજનની નહિ પ્રેરણા થઈ ૩

× દરેક પદના આદિ અક્ષરો એ સંયોજકના નામને દર્શાવે છે

ધ્રન જમાવવા ઢોગ ક કર્યાં, છળ પ્રપંચમા ઠામ ના ઠર્યાં
સકળ દોષની માફી આપજો, જય દયાનીધિ કષ્ટ કાપજો ૪

(મણિકાન્ત-હુલસ્ગવાસ નિવાસી)

૨૩

પદ.

પ્રભુજી ભવસાગરથી તારો, (૨)
ભવસાગરથી તારો, પ્રભુજી ભવસાગરથી તારો
પળ પળ પાપ કરી પસ્તાઈએ, એજ સ્વભાવ અમારો પ્રભુજી૦
અલ્પ અમોને કંઈએ ન સૂઝે, ઉગરવાનો આરો પ્રભુજી૦
અધમ ઓધારણ છો અવિનાશી, ભારે ભરોસો તમારો પ્રભુજી૦
નબળી મહાય જો હોય તમારી, તો કંઈ થાય સુધારો પ્રભુજી૦
અબળાજનની અરજ સુણીને, પ્રભુજી પાર ઉતારો પ્રભુજી૦

(સુબોધ ગ્રંથાવલી-બાપાલાલ ભાઇશંકર ભટ્ટ)

૨૪

(ભૈરવીમાં)

નમીએ નાથ નૌતમ નરેશા અવિનાશ,
ભણીએ ભાવ આણી એહ પૂરો અમ આશ--નાથ નૌતમ
નવનીત નટવર નામ સભારૂ, ધનભાગી દેહ હુ લીખથી નુધારૂ,
મમતાથી માની બીરદ તમારૂ, ગણુ ભરોસો તમ ખાસ--નાથ,
સભાળ ભક્તોની નિશદિન કરતા, ભીડભજન નાથ કદી ન વીસરતા.
અરજી સૌ એની મનપર ધરતા, દયાળુ થાવ દીન તણા દાસ--નાથ
જગજીવન અમ જીવન સગાતી, નુખ દુ ખમા સૌની પાડો છો પાતી,
લળી લળી બાળાઓ ગુણ તવ ગાતી, યાચે મન પૂરો અભિલાષ-નાથ

(કર્તા-ઉમિયાશંકર ટી. દરૂ, મ્યુઝિક માસ્તર, (મળેલુ)

૨૫
શીર્ષપાત્ર સંગીત.

કાયા છે ત્યાં સુધી કરો સ્મરણ કિરતારનુરે,
જતન કર્યું જઠરામા જેણે,
તારો દેહ રચ્યો છે તેણે,
તેણે કામ કર્યું છે અતિ ઉપકારનુરે કાયા૦ ૧
પ્રસવ થતા પહેલા પય કીધુ,
માતાના સ્તનમા રચી દીધુ,
તેણે કારજ સીધ્યુ છે તારા આહારનુરે કાયા૦ ૨
કાન નેત્ર કીધા છે કેવા,
સર્વ અગ અમૂલખ એવા,
અતકરણ કીધા છે ત્રિવિધ વિચારનારે કાયા૦ ૩
દાત દીધા હસવા નહિ *ખાવા,
અન્ન શરીર પોષણને ન્હાવા,
કર સુકૃત કરવાને આપ્યા આપણારે

૨૬

પ્રભુ તારી ગતિ અતિ ન્યારી ટેક
ન્યારી નિરતર મો ઉર અતર, અત શકે ન વિચારી (૨) પ્રભુ૦
સર્વ ચરાચરનો તું કર્ત્તા, ભૂ ભર્ત્તા ભવ હારી (૨) પ્રભુ૦
રૂપ અરૂપ અનુપમ શોભા, વદી ન શકુ વિસ્તારી (૨) પ્રભુ૦
નિત્ય નિયતા નાથ નિગમય, નિશ્ચલ વિશ્વવિહારી (૨) પ્રભુ૦
નારદ શારદ શેષ પરાસર, ગાય ગુણે સ્તુતિ તારી (૨) પ્રભુ૦
સત્યાધિશ પરમ શાતિથી, વિનતિ સુણીને અમારી (૨) પ્રભુ૦
દુ:ખ દરિયામા નાથ ડુબતા, લેશો બાહ્ય પ્રસારી (૨) પ્રભુ૦

---

* પણ અહીં અધ્યાહાર છે

૨૭

વંદીએ શ્રી વિશ્વનાથ, હે વિભુ અનાથનાથ,
શુભ કાર્ય સમારંભે, ગુણ આપ ગાઈએ   વંદીએ૦ ૧
સૃષ્ટિ કરે વાર વાર, છે સકળ સૃષ્ટિકાર,
સંકટ વિદારનાર, અમીદૃષ્ટિ છાઈએ   વંદીએ૦ ૨
હે દયાળ તું કૃપાળ, અમે સર્વ તારા બાળ,
શુદ્ધ બુદ્ધિ અમને આપ, એ વરદ ચાહીએ   વંદીએ૦ ૩

(સાખી.)

ચરણકમળ ચિત્ત નિત્ય ચહુ, પૂજુ પ્રેમે પાય,
કરો કરુણા લક્ષ્મીપતિ, જય જયકાર જણાય   વંદીએ૦ ૪

૨૮

ભવપતિ સંકટ સર્વ હરો (૨)
અપરાધો અતિશય મે કીધા, અનુગ્રહ પૂર્ણ કરો   ભવપતિ૦
અનન્યભાવથી રાખુ તમારો, આશ્રય એક ખરો   ભવપતિ૦
હે દીનબન્ધુ દયાસિન્ધુ, નિર્ભય મુજને કરો   ભવપતિ૦
કરજોડી વિનતી કરું છુ, પ્રભુ ચિત્ત ધરો   ભવપતિ૦
કરુણા દૃષ્ટિથી મુજ હૃદયે, પ્રેમભક્તિ ભરો   ભવપતિ૦

૨૯

ભક્તિ થકી વશ થાય, દયાનીધિ ભક્તિ થકી વશ થાય,
ભવભંજનની ભક્તિ કર્યાથી, જન્મમરણ ભય જાય   દયાનીધિ૦ ૧
વિદ્યા વૈભવ વિવિધ વચનબળ કોઈ થકી ન રીઝાય   દયાનીધિ૦ ૨
ગોવર્ધન પ્રભુ પ્રેમબંધથી દીનબંધુ બંધાય   દયાનીધિ૦ ૩

૩૦

(સાનીપ, રીગમપ, ગમગરી સારી નીસા એ રાહ.)

નમીએ, શ્રીહરિને, ચરણે નિશદીન, (૨)
તારનાર તુ દાતાર, એક છે તારો આધાર (૨) નમીએ૦ ૧
બ્રહ્માદિક ઇંદ્ર જેહ, રૂદ્ર, ચંદ્ર, કરત સેવ (૨)
તારા, પ્યારા, નામની માલા, ફર ધરનાર (૨) નમીએ૦ ૨

૩૧

ગિરધારી-ખૂબી તારી-અતિન્યારી જગધારી,
ખીલી સારી કુદરતની તો આ સઘળી છે હરીયાળી,
અકળ સકળ જગની બ્હાર, ઠામઠામ બ્હાર બ્હાર (૨)
કોઈ ના પામે ગુણનો પાર, (૨) વિશ્વનાથ ગતિ ત્હારી (૨)
(સાખી) ઘટઘટમા તુજ વાસ છે, સૌની લે સભાળ
જેને જોઈએ તે આપતો, ભક્ત વત્સલ પ્રતિપાળ
તું દાતા-તુ પિતા પ્યારા-તુ ત્રાતા વિશ્વાધારી (૨)
તુજપર-તન મન-ધન છે વારી (૨) ગિરધારી૦

૩૨

પ્રભુનો ઉપકાર.

ગા માટે ડર દીલે પ્રભુ શીરપર સઘળે ગાજે (૨)
હવે ગભરાઉં કેમ આજે (૨) ગા માટે૦—

સાખી.

વ્યસનોના બધન ત્યજી, તન મન લે આરામ
બુદ્ધિવત થઈને બહુ, કરશે કામ મહાન
ઉજ્વલ જશ જગભર પ્રસરાશે
કીર્તિ દેશ નીજની સહુ ગાશે

સુખસાગરમા સ્નાન કરી પાવન મઉ જન થાશે (૨)
પીડા અતર તણી જાશે (૨) શા માટે૦

૩૩

લલિતવૃત્ત.

જય જગત્પતિ નાથ ઓ તને પ્રણમી પ્રેમથી દાસ વિનવે,
નગણુ રાખજો રક બાળને, ન દૂર મૂકશો રક છુ મને
કપટ કૂડના કર્મથી પ્રભુ, અલગ રાખજો પ્રેમથી વિભુ,
સત્ય રગમે પ્રેમથી કરી, તુજ તણી કૃપાથી ભજુ હરિ
પ્રભુ તમે મને એજ આપજો, દુરમતિ પ્રભુ મુજ કાપજો
(મળેલુ)

૩૪

(મહીદીપની ચાલ કે તેવી રાગણીમા.)

હે ઇશ ! તુને પાય પડી વદુ વારવાર,
વદુ વારવાર, તુને, વદુ વારવાર હે ઇશ !૦-૧
કર જોડી સ્તુતિ કરુ છુ, કષ્ટ કર નહાર હે ઇશ !૦-૨
જ્ઞાનનેત્ર આપી, અધકાર સર્વ કાપ
પાપ માર્ગ દૂર કરી, સદુપદેશ સ્થાપ .. હે ઇશ !૦-૩
કામ ક્રોધ લોભ માન, મદથી રાખી દૂર,
કુટિલ માયા જાળથી, ઉગારજે ભરપુર હે ઇશ !૦-૪
(મળેલુ)

૩૫

જય ! રઘુનદન ! વિભુ ! કર વદન !
વેદ નિવેદિત એક અનેક તુ
મગલ તુ મનરજન !—જય૦

શેષ રહિત સંપૂર્ણ સ્વરૂપ તું
　　　　પુરુષ ! પુરાણિક કુંદન !—જય૦
ભવદુઃખભંજન ! અઘનું અંજન !
　　　　શીતલ દે રમ ચંદન !—જય

૩૬

જે જે બ્રહ્મ અનંત ગોળ કરતા, દેવાધિ સેવા હરે,
તારી આંખ વિના શું વિઘ્ન હરતા, થાતે અમોથી અરે,
જે જે સર્વ ભયા છે યોગ્ય પગલાં, ને તે કૃપા તાહરી,
કર્ત્તવ્યો બહુ છે હજી, તું અમને, દેજે મતિ એ હરી

૩૭

ઇશ્વરસ્તુતિ (મોટી બાળાઓ).

પ્રભુ અમે ધરીએ ધ્યાન તારૂં, પ્રભુ અમે ધરીએ ધ્યાન તારૂં પ્રભુ૦
અન્તર્યામી તું સઘળું નજરે નિહાળે, છાનું કામ જે અમારૂં પ્રભુ૦
　સાખી—સાગર લ્હેરો ઉછળે, કિનારે સમી જાય,
　　　ચંદ્રપ્રકાશે ગતમાં, સાંજે સૂર્ય વિદાય,
સત્તા અતિશે એવી ઘટઘટ તારી, ધારે તુજ તે થનારૂં પ્રભુ૦
　સાખી—મહામોહના પાસમાં, વિસરીએ તુજ નામ,
　　　તોપણ તું ભૂલે નહિ, અમને ક્ષણ ક્ષણ રામ
વ્હાલા કૃપાળુ તું તો, અનહદ પ્રેમી, કરીએ ભજન ઉચ્ચ પ્યારૂં પ્રભુ૦
　સાખી—જગના હે પાળક પતિ, વરસાવી વરસાદ,
　　　પોપણ પ્રાણીનું કરે, દઈ ભોજન ભલી ભાત
શીકર અમારો તું ને બહુ છે વિધાતા, ઇચ્છે સૃષ્ટિનું તું સારૂં પ્રભુ૦

સાખી—સૌના મનમા જે રહ્યા, તે તુ હે ભગવાન,
ધારી દૂર અમે કર્યા, પાપો થઈ અજ્ઞાન
માફી તુ તેની અમને દેજે દયાળુ, કરશુ નહિ હવે નઠાર પ્રભુ૦
સાખી—એકવાર નક્કી આવશુ, તુજ પાસે વિભુનાથ,
ઉત્તર શુ દેશુ તને, દુખીઆ છે આ અનાથ
આપ બાળક સદા ડરગરી માગે, બાનુ તારૂ માત્ર ધાર્યું-પ્રભુ અમે ધરીએ
(શ્રીયુત પ્રેમચદ કરમચદ શાહ તરફથી મળેલુ)

૩૮

રાગ-સુદર શિવ મગલ ગુણ ગાઉ ઇશ્વિરા
દર્શન શુભ શાન્ત સુભગ દે તુ ઇશ્વિરા
સુખકર સૌ જન પાલક વિભુ મનોહરા દર્શન શુભ૦
બધુભાવ હ્રદયમાહી ભર નિરતરા,
મૃદુલ મધુર ફુટયા રૂચિર પ્રેમઅકુરા,
સિચ તે પર કૃપાસુધા તુ વિભુવરા,
તુજને, સહુએ, વિનવે, નમી નમીને વિનતી કરે, માર્ગ શુભ દ,
પ્રભુ મહેશ્વરા દર્શન શુભ—૧
વર્ષ વર્ષ કે પ્રસગ શુભ સુખપ્રદા
વષ અંત હર્ષનાદ હો મુદપ્રદા
સર્વ શોક નાશ કરી, આર્તવ મોહદા
ધનના, દળને, હરિને, તુજ કિરણે સકળ દિશે, ઝળહળને
જ્ઞાન રશ્મિદા દર્શન શુભ—૨
જ્ઞાન દે તું ધૈર્ય દે તુ અહો દયાકરા,
ભક્તિ દે તું નીતિ દે તુ પ્રેમસાગરા
ઐક્ય દે તું, ધૈર્ય દે તું, અહો જગદ્દગ

ભવને ભમરે, બળ દે, અતિ વિષમે વિપદ સમે, મન ના ભમે
સૌમ્ય મુદ્રા • દર્શન શુભ—૩

જ્ઞાનવારિ પાન કરી મધુર રસ ભર્યા
દૃષ્ટ ક્રૂર કર્મપાશ છેદી સત્વરા
ધર્મધારી ભાનુભાવ રાખીએ સ્થિરા

નમીને, નમીને સહુએ, વિનતી કરે, આશિષ એ, મંગળ દે,
હે કૃપાકરા દર્શન શુભ—૪

૩૯

પ્રભુ સ્તુતિ.

વંદન હો અમ વારવાર વંદન
આત્મ સ્વરૂપ શ્રીજી સુંદરવર વંદન
જ્ઞાનિના સાગર ધન્ણીધર વંદન
અલૌકિક તેજ તણા દિવાકર વંદન
સ્નેહ દયા મુદ અમી કૃપાભર વંદન
પ્રણતપાળ રખવાળ રસિકવર વંદન
અકળ સકળ તુંજ રચના નટવર
નમન કરાવે વારવાર વંદન

૪૦

દુનિયાથી પ્રભુજી સ્મરીશું,
ચિત્ત ચરણકમળમાં નિત્ય ધરીશું
આશ્રય શ્રી પ્રભુજીનો કરીશું,
લૌકિકની ચિંતા પરહરીશું ૧

સદ્‌ગુણમાંહિ જીવન ગાળીશુ,
પ્રભુપ્રેમ તરફ મન વાળીશુ ૩
અવગુણ સર્વે ટાળીશુ,
પ્રેમાનંદ રસમા મહાલીશુ ૪

૪૧

તોટક.

મુજ જીવન આ પ્રભુ તુથી ભરૂં, બસ દે અભિલાષ તું એક પુરે.
મુજ આત્મ વિષે મુજ રક્ત વિષે, જડ ચેતનમા પ્રભુ વાસ વસે
મુજ નાડી વિષે મુજ રક્ત વિષે, મુજ ચક્ષુ વિષે મુજ કર્ણ વિષે
મુજ હૃદય વિષે મુજ વાણી વિષે, મુજ અતરમા પ્રભુ વાસ વસે.

(શ્રીયુત રમણભાઈ મહીપતરામ નીલકંઠ)

સરસ્વતી સ્તુતિ.

૧

શાર્દૂલવિક્રીડિત

शुक्लां ब्रह्मविचारसार परमामाद्यां जगद्व्यापिनीम् ।
वीणापुस्तकधारिणीमभयदां जाड्यांधकारापहाम् ॥
हस्ते स्फाटिकमालिकां विदधतीं पद्मासने संस्थिताम् ।
वंदे तां परमेश्वरीं भगवतीं बुद्धिप्रदां शारदाम् ॥ १ ॥

૨

સુખદા યિની
સુખદા યિની સરસ્વતી મા તા તું,
સુખદાયિની સરસ્વતી તું
પંડિત જનની પુણ્ય ગતિ તુ
આ પ અમોને આશિષ, બ્રહ્મસુતા તું, (૨)
રે સરસ્વતી મા તા તું સુખ૦
મયુરવાહિની પ્રણતપાલિની ,
સુરત રૂપિણી સ્વ ર્ગ માલિની,
જ્વા લામુખી જગજનની, ભક્તારતા તું, (૨)
રે સરસ્વતી મા તા તુ
પારસમણિ તું પાવન કરજે. ,
દાસ જનો આ વ્યા સધરજે
દી ન દયાળી દેવી, દિ વ્ય સુધા તું, (૨)
રે સરસ્વતી મા તા તું સુખ૦

૩

મધ્યકાળ.

હર્ષથી સેવુ હુ હંસવાહની, (૨)
વીણાધારિણી હર્ષથી—ટેક
આરાધન કર નિર્મળ ચિત્તે, (૨)
પ્રાણથી, પ્યારથી, જીગરથી ના કર દૂર હર્ષથી૦ ૧
સ્મર હું સદા શારદા, (૨)
પદરજને શિર ધરીને, (૨)
ગિરા, તું સુને, બુદ્ધિધારા દે અપાર,
અહો ! હર્ષથી, અહો ! હર્ષથી હર્ષથી૦ ૨

ભૈરવીનો લય.

જય સરસ્વતી !
સુકુમાર નન્દિની !
મલકતી મનસ્વિની !
ઉરસંગ વિલાસીની !

વિમલ સરલ રસ-તરંગ સમ અમ-
હો સ્વચ્છન્દ વિહાર !
તુજ કૌમાર કળાયલ સમ હો—
ભાવજીવન-સંચાર !

જય સરસ્વતી !
પ્રતિભા જગાવતી—
અમીરસ ઉછાળતી—
સુરવેણુ ડોલતી !

દેવપુત્રી ! સંજીવની ઉષ્મા !
જ્યોતિ આમ ઉજાળ !
પ્રાણપ્રેરણા ! પ્રણય-પ્રચારક—
વિબુધ ભક્ત તુજ થાવ !

જય સરસ્વતી !
મલકાવી મ્હાલતી—
ઉમંગ આશ સિંચતી—
પ્રભુ-પંથ-સહચરી !

(રા રા જન્મશંકર બુચ ઉર્ફે લલિત)

૫

શારદ શારદ માત તમને,
ચરણકમળ શિશ નામુ   શારદ શારદ માત તમને૦
પ્રેમ રૂપી શુભ પુષ્પે વધાવુ,
હૃદયમંદિર પધરાવુ—   શારદ શારદ માત૦
વિદ્યાજનની મનરંજની માતા
શી ઉપમા હું આપુ રે—   શારદ શારદ માત૦
ગણધર પણ તુજને શ્રુત દેવી
કહીને કરે છે પ્રણામ રે—   શારદ શારદ માત૦
બાલબુદ્ધિ હુ સ્તુતિ કરું છુ,
વિદિત જગતની છે વાત—   શારદ શારદ માત૦
કાન નિરંતર ભાવ ભરોસે,
સંભારે દિવસ ને રાત—   શારદ શારદ માત૦

(મળેલુ)

૬

ઓમ્ ભગવતી સરસ્વતી શારદા (૨)
મયુરવાહિની વીણાધારિણી, નારાયણી કલ્યાણી (૨)
ગ્રંથ-સિંધુતારિણી (૨)   ઓમ્૦
સદ્‌વિદ્યારૂપ અમૃત પાવા, અર્પો સુબુદ્ધિ પ્રભુ ગુણ ગાવા (૨)
કૃપા કર શિશુ સર્વ સુહાવા (૨)   ઓમ્૦

૭

ઓમ્ ભગવતી સરસ્વતી શારદા (૨)
મયુરવાહિની વેદધારિણી (૨) નારાયણી કલ્યાણી- ઓમ્૦

ભયહારી સેવક સુખદાઈની (૨) વિશ્વ વિજય શોભા શુભ છાઈ (૨)
આનંદ પામુ ગુણગણુ ગાઈ (૨) નારાયણી કલ્યા ણી- ઓમ્૦
પુરુષાર્થ પરિમલ પ્રસરાવા (૨) ઉદ્યમ અમીરસ અમૃત પાવા (૨)
ગુણીજનને સિદ્ધાંત બતાવા (૨) વિમળ કર મુજ વા-ણી ઓમ્૦

૮

જય જગદીશ્વરી માત સરસ્વતી, શરણાગત પ્રતિપાલન હારી ॥ જય૦
ચંદ્રબિંબસમ વદન વિરાજે, શીશ મુકુટ માલા ગલે ધારી ॥૧॥ જય૦
વીણા વામ અંગમે શોભે, સામ ગીત ધ્વનિ મધુર પિયારી ॥૨॥ જય૦
શ્વેત વસન કમલાસન સુંદર, સંગે સખી શુભ હંસ સવારી ॥૩॥ જય૦
કેળવણીનું કાર્ય સુધારી, દીયો વિજય પરબ્રહ્મ દુલારી ॥૪॥ જય૦

૯

શરણુ ચરણુ તાહરે, તું લે સરસ્વતી ! (૨)
દિલથી રખે ! આ બાલુડા વિસારતી,
વન્દુ ભારતી !—દેવી ભગવતી ! (૨) શરણુ૦
મધુર મયુરવાહિની ! તું કાપ કુમતિ (૨)
અમાપ પાપ માફ કરીને, આપ સુમતિ,
કૃપાદષ્ટિ, કર વિજયવતી ! (૨) શરણુ૦
વન્દિયે સૌ બાલ માતૃદ્વારમા નમી, (૨)
શરણુ રાખ, શારદા ! શિશુ, પ્રભાવતી !
નીતિ-રીતિ, દે સુકીર્તિ ! (૨)
શરણુ ચરણુ તાહરે, તું લે સરસ્વતી !

(લેખક–રા રા વિજ્યાશંકર રેવાશંકર દ્વિવેદી–કરાચી)

૧૦

જય ભારતિ !

જય જય જય, જય જય જય માત ભારતિ !
કવિજન મન વસતી દેવી, વિશ્વ વ્યાપતી — જય જય૦

ધવલ હંસરાજ પૃષ્ઠ માત શોભતી,
શ્વેત વસ્ત્ર, શ્વેત કુન્દમાળ ધારતી,
અખિલ જગતનું જડત્વ તું નિવારતી,
તુજને, ભજીને, નમીને,
માગું માત, હૃદય વ્યાપ, આપ શુભ મતિ — જય જય૦

સુગ્રંથ હસ્ત ભક્ત ચિત્ત માત લોભતી,
કરાંગુલીવડે મધુર વીણા વગાડતી,
સમર્થ દેવી શારદે ! તું બુદ્ધિ અર્પતી,
સ્નેહે, નેહે, દેહે,
શિશુ 'સીય' શીર હસ્ત સ્થાપ હે સરસ્વતી — જય જય૦

(સીતારામ જે. શર્મા)

૧૧

સરસ્વતી પૂજન.

સરસ્વતીના (૨) પૂજનકાજ ચાલો ઉમંગ ધરી
ચુવાચંદન (૨) કુસુમ ને ગુલાલ લાવો થાળ ભરી૦
બ્રહ્મતનયા મયુરવાહિની ગૈરાંગી ગુણવાન રે,
સતી કુંવારી વીણાધારિણી કેમ ધરવા ધ્યાન—ચાલો૦

વિમળ વાણીને મન-કર્પુર આરતી કરીએ સાથ રે,
પ્રેમ-પ્રસાદી પામી એનો થઈએ જગવિખ્યાત—ચાલો૦
સરસ્વતીને (૨) વધાવો આજ કુમકુમ અક્ષતથી

× × × ×

કરી દર્શન (૨) થયા રળીયાત ચાલો ઉમગ ધરી
સરસ્વતીનુ (૨) પૂજન કરી આજ ચાલો ઉમગ ધરી૦

(મળેલુ)

૧૨

સરસ્વતી મંદિર મહિમા.

શિશુ જાણો ખરી વાત સૌ સુખના સાધન રૂપ નિશાળ,
સરસ્વતીમદિર સેવનથી, અગણિત લાભ પમાય,
સુખ મળશે, દુખ ટળશે, નીતિ પામી, ખોઇશુ ખામી,
સર્વ સાધનો સાપડશે જો ભણશુ વિદ્યા માત શિશુ—૧

સ્કૂલ તણી કેળવણી લઈને જગમા સૌ સુખ પામ્ય,
અધિકારી, વ્યવહારી, ભૂપપદધારી, નરનારી,
સૌ આભારી શાળા કેરાં નિશ્ચય માનો ભ્રાત. શિશુ—૨

ઉઠીને સવારમા નિત્ય વ્હેલા, માતપિતાને નમીએ,
નિત્યે મળતા, પ્રભુને ગમતા, તન શુદ્ધ કરતા, પરહરતા-
આળસ તજી અજ્ઞાન પ્રીતેથી કરો લેશન તૈયાર શિશુ—૩

જમી ભોજન સજી વસ્ત્રો ચોકખા વિદ્યાલયમા આવો,
ધરી ચિત્તે, નિયમિત રીતે, ખરી પ્રીતે, નિત્યે નિત્યે,
નમસ્કાર કરીને વિદ્યાગુરુને, દાખલ થાઓ યાર શિશુ—૪

અત ધરીને વિદ્યા ભણતા, ખરી ખૂબી મેળવજો,
મેળવજો, કેળવજો, ભેળવજો, હેળવજો,
નીતિ, મતિ, તન, મન, ચારે અનુક્રમ કરીએ ધીર વિશાળ   શિ૦—૫
કસરત કરીને તનને કસીએ, અથવા ગમતો રમીએ,
રૂડુ રમતા, ધરી શમતા, નવ દમતા, મન ગમતા,
મિત્રો સધાતે ખેલ કરીને, તન વિકસાવો બાળ   શિ૦—૬
નિશાળમાથી શિક્ષણ લઈને, છૂટી ઘર ભણી વળજો,
નિયમિતતા, ગુરુપ્રિયતા, આચરજો, સદ્‌ગુણ ભરજો,
ન્યાય નીતિના પાઠો પઢીને, અહો જ્ઞાન સુખરૂપ   શિ૦—૭

(વિહારી, પ્રે૦ ક૦ શાહ તરફથી મળેલુ)

૧૩

આરતી.

જય દેવી જય જય મા શક્તિ,
મા જય જય મા શક્તિ
કૃપા કરીને અમને દ્યો સાચી ભક્તિ—જય જય મા
મગળ આરતી આજ ધરીએ તમ ચરણે,
મા ધરીએ તમ ચરણે
દીન બાળક સૌ તારા આવ્યા તુજ ચરણે—જય જય મા

૧૪ સ્તુતિ (રાગ બલીહારી રસીયા.)

કરીએ સ્તુતિ દીન બાળા ના ત્યાગો કદી અમને ઓ મયુર-
વાહિની દેવી આરાધીએજી
વિદ્યા જે ગુપ્તજ ધનડુ, સ્થિર કર તેમા અમ મનડુ,
સહાય થાજો ઓ બીરદાળી—ના ત્યાગો કદી અમને
જપીએ નિત્ય નીતિ જાપો, પ્રલય કર અન્ય પાપો,
શરણ ન તજીએ ઓ કૃપાળી—ના ત્યાગો   (મળેલુ)

રાજ સ્તુતિ.

૧

चकोराणां चन्द्रः कुसुमसमयः कानन भुवां
सरोजानां भानु' कुवलयकदम्बं मधुलिहाम् ।
मयूराणां मेघ' प्रथयति यथा चेतसि सुखं
तथास्माकं प्रीतिं जनयति तवालोकनमिदम् ॥

ચંદ્ર જેમ ચકોરના, વસંત જેમ વનભૂમિના, સૂર્ય જેમ કમલોના, કમલસમૂહ જેમ ભ્રમરના, અને મેઘ જેમ મોરના ચિત્તને આનંદ આપે છે, તેમ, હે રાજન્, આ આપનુ દર્શન અમારા ચિત્તને પ્રસન્ન કરે છે

૨

આશીર્વાદ.

आयुस्ते नरवीर वृद्धिमयतां हेमन्तरात्रिर्यथा
लोकानां प्रियवर्धनो भव सदा हेमन्तसूर्यो यथा ।
जाल्मानां भयवर्धनो भव सदा हेमन्ततोयं यथा
नाशं यान्तु तवारयोऽपि सततं हेमन्तपद्मं यथा ॥

હે નરવીર, હેમંત ઋતુની રાત્રિની માફક આપનુ આયુષ્ય વૃદ્ધિ પામો જેમ હેમંત ઋતુનો સૂર્ય લોકોને સુખકર થાય છે, તેમ આપ પણ પ્રજાના સુખમા સદા વૃદ્ધિ કરનાર થાઓ, જેમ હેમંત ઋતુમા માણસો જલદી ભય પામે છે, તેમ દુષ્ટ લોકો આપનાથી હમેશા વધારે ને વધારે બીતા રહો જેમ હેમંત ઋતુમા કમલ નાશ પામે છે, તેમ આપના શત્રુઓ પણ હમેશને માટે નાશ પામો

૩

રાજગીત

(રાગ-કલ્યાણ)

રક્ષભૂપ જ્યોર્જને, તુ હે જગત્પતિ,
પ્રતાપ સૂર્યસમ અને છે ઉચ્ચતમ મતિ રક્ષ૦ ૧
શાન્તિદા હિમરશ્મિસમ છે સુખાકૃતિ,
શૌર્યને ક્ષમા વૃતિથી અધિક દીપતી રક્ષ૦ ૨
કીર્તિ તું પ્રસાર અખિલ વિશ્વમા અતિ,
જેમ ફૂલની સુવાસ વાથી પ્રસરતી રક્ષ૦ ૩
દુશ્મનો વિખેરી તેની ધૂળ કર કૃતિ,
અરિ તમામ નાશ કર તુ કોપ અનલથી રક્ષ૦ ૪
વેલીસમ વધાર પરિવાર ભૂપતિ,
કુટુંબમા રખાવજે પરસ્પરે પ્રીતિ રક્ષ૦ ૫
સપ જપ હેતની તુ નાખ જડ ઉંડી,
ઝેર વેર વિઘ્ન સર્વ કાપ મૂળથી રક્ષ૦ ૬
આધિ વ્યાધિ ને ઉપાધિ નાશ કર થતી,
નૃપ શિરે કૃપાની વૃષ્ટિ રાખ વરસતી રક્ષ૦ ૭
રાખ તંદુરસ્ત નિત્ય હે દયાનિધિ,
દીર્ઘ આયુ આપ એ અમારી વિનતિ રક્ષ૦ ૮

૪

પ્રભુ રક્ષ જ્યોર્જ મહારાજા, જીવો ઘણુ પાચમા રાજા,
કરો અમપર અમલ તાજા, રહો સુખમાજ મહારાજા જીવો ૧
સુજશ જેના જગત ગાજ્યા, વધે વેલી સમી માઝા,
અચલ ખૂબ રાજ રહો રાજા, જીવો ઘણું જ્યોર્જ મહારાજા જીવો ૨

પ્રજાનુ હિત ધર્યું હૈયે, અદલ ઇનસાફમા રહીએ,
બ્રિટિશ સુખ શાતિને ચાહીએ, જીવો ઘણું જ્યોર્જ મહારાજા જીવો ૩

શિક્ષાવચન પૃષ્ટ ૫૭

૫

ધન્યાશ્રી

પુષ્પે વધાવો આજ, બાળ સહુ પુષ્પે વધાવો આજ,
પચમ્ જ્યોર્જ મહારાજ, બાળ સહુ પુષ્પે વધાવો આજ
દીનકર કો દી અસ્ત ન થાએ, પ્રબળ પ્રૌઢ રાજ બાળ સહુ૦
મતતિ સમ નિજ પાળે પ્રજાને, સદ્ગુણી રાજસમાજ બાળ સહુ૦
હે ત્રિભ્નેશા વિનતી અમારી, રહો અચળ આ રાજ બાળ સહુ૦

૬

જીવો ઘણુ જ્યોર્જ મહારાજા, રહો મહારાણી સહ સાજા,
જગે જશ જામજો ઝાઝા, વિજયના વાગજ્યો વાજા
બનો બહાદુર બ્રિટિશ બકા, દશે દિશમા દઈ ડકા,
પરમ સુખ હિંદને આપો, વિજયધ્વજ વિશ્વમા વ્યાપો
અમલ અમપર અચલ રહેજો, અદલ ઇનસાફ સદા દેજો
દ્વિકર જોડી સહુ સાથ, અમે એ યાચીએ નાથ

૭

પ્રભુ જ્યોર્જ પચમ્ સુખી રહો ઘણુ,
મદા દીર્ઘ આયુષ્ય હો એમનુ પ્રભુ૦
વધુ રાજ્ય ધન સમ્પતિ દે સદા,
વિજય મેળવો શાન્તિથી સર્વદા પ્રભુ૦
સુખી પત્નીને સતતિ રાખજો,
દઈ સુખ વૃદ્ધિ વરદ આપજો પ્રભુ૦

૮

ભુજંગી

દયાળુ પ્રભુ લ્યો વિનતી સ્વીકારી, કરે બાળ બાળા પુરો પ્રેમ લાવી,
પ્રજાને વડા પ્રેમથી પાળનારૂં, તપો રાજ્ય આબાદ બ્રિટિશ સારૂં ૧
થયા હિંદ વિષે બહુ રાજ્ય એવા, નથી કોઇ પુર્યા કદાપિજ તેવા,
નીતિ ન્યાયને મારગે ચાલનારૂં, તપો રાજ્ય આબાદ બ્રિટિશ સારૂં ૨
જીવો જ્યોર્જ પંચમ્ હજો દીર્ઘ આયુ, થઈ નષ્ટ શત્રુ વહો શાન્તિ વાયુ,
યશસ્વી પ્રતાપી સુખો આપનારૂં, તપો રાજ્ય આબાદ બ્રિટિશ સારૂં ૩

(સૌ૦ રતનગૌરી, હરિલાલ ચંદુલાલ ઠાકોરના પત્ની)

૯

સાદરા સ્કૂલોના ઇનામના મેળાવડામાં બાળાઓએ ગાયેલો ગરબો.

(રાગ-" રામલક્ષ્મણ વનમાં સીધાવતા ")

બોલે હિંદપ્રજા આજે હરખથી,
જલ થલ વળી ગગનની માંહ્ય,
પ્રભુ થઈ સહાય
બ્રીટનનો વિજય થજો ?

રામરાજ્યસમા સુખ પામીએ,
રહે શાન્તિ મહીં નરનાર,
એ તમ ઉપકાર,
બ્રીટનનો વિજય થજો '

રૂડા જ્યોર્જ પ્રતાપીના રાજ્યમાં,
સુખ સાધન વધીયા અપાર,
ન કોઈ દમનાર,
બ્રીટનનો વિજય થજો !

(હરિગીત છંદની ચાલની તરજ.)

કાસ્મીર કેપ કુમારી દ્વારિકા કટક વચ્ચે વસ્યા—
હિંદુ મુસલમીન પારસી જયુ, ખ્રિસ્તી, સૌ સંપી રહ્યા—
ભારતતણા સંતાન એ, એકે અવાજે આજ તો—
બોલે વિજય બ્રીટન તણો જય-નાદ ગગને ગાજતો—

મહારાણી વિકટોરિયા હસ્તથી,
રાપ્યું વૃક્ષ તે ફળ ફૂલ સાથ,
વધો દિન રાત,
બ્રીટનનો વિજય થજો !

ઠામોઠામથી શત્રુઓ ભાગજો,
પાપી દુશ્મનનો થઈ નાશ,
મટી જઈ ત્રાસ,
બ્રીટનનો વિજય થજો !

સત્ય કાર્યનો જય જગ માંહિ છે,
વેદ કુરાન બાઇબલ ગાય,
તેને પ્રભુ સ્હાય,
બ્રીટનનો વિજય થજો !

ચતુર્ભુજ માણેકશ્વર ભટ્ટ

૧૦

The National Anthem.

(God Save The King.)

પ્રભુ રાજાને સુખી રાખો.

(I) God save Our Gra-cious King,
Long live our No ble King,
God save the King!—
Send him vic-to-ri ous,
Happy and glori-ous,
Long to re-ign o-ver us
God save the King!

(II) O' Lord our God a-rise
Sca tter his en-e-mies,
And make them fall,
Con-found their po-li-tics
Frus-trate their kna-vish tricks
On him o-ur hopes we fix,
God save us all

(III) Thy choicest gifts in store
On him be pleased to pour,
Long may he reign!
May he defend o-ur laws,
And e-ver give us cause
To sing with hearts and voice,
"God save the king!"

Henry Carey, 1663-1743

૧૧

રાજગીત	(ગુજરાતી તરજુમો.)
ગૉડ સેવ અવર ગ્રેસિઅસ કિંગ,	પાળો વિશ્વેશ એ,
લૉંગ લિવ અવર નોબલ કિંગ,	તેજસ્વી ભૂપને,
ગૉડ સેવ ધી કિંગ !	દીર્ઘાયૂ દો
સેન્ડ હિમ વિક્ટોરિઅસ,	વાધો શ્રીને સુખો
હૅપી એન્ડ ગ્લોરિઅસ,	ડંકો હો જીતનો,
લૉંગ ટુ રેઈન ઓવર અસ	ભૂપતિ અમ સર્વનો,
ગૉડ સેવ ધી કિંગ ! ૧	ઝાઝું જીવો ૧
ઓ લૉર્ડ અવર ગૉડ એરાઈઝ,	ધાઓ ત્રાતા તમો,
સ્કૅટર હિઝ એનીમિઝ,	વેરીને ખેરવો,
એન્ડ મેક ધેમ ફૉલ,	નીચા નાખો
કન્ફાઉન્ડ ધેર પૉલિટિક્સ	ફંદો, ફેલો, છલો,
ફ્રસ્ટ્રેટ ધૅર નેવિશ ટ્રિક્સ,	તોડી નાખો પ્રભો,
ઓન હિમ અવર હોપ્સ વી ફિક્સ	આશ્રય દઢ આપનો,
ગૉડ સેવ અસ ઑલ ૨	સૌને રક્ષો ૨
ધાય ચોઈસેસ્ટ ગિફ્ટ્સ ઇન સ્ટોર,	વર્ષો રેલો ઘણી
ઑન હિમ બી પ્લીઝડ ટુ પોર,	માયા મેહેરની,
લૉંગ મે હી રેઈન !	જીવો રાજા
મે હી ડીફેન્ડ અવર લૉઝ,	કાનૂનો રાજ્યના,
એન્ડ એવર ગિવ અસ કૉઝ,	જામો શ્રી જ્યોર્જના
ટુ સિંગ વિથ હાર્ટ્સ એન્ડ વૉઇસિ,	રૈયત–દિલ પ્રાર્થના,
ગૉડ સેવ ધી કિંગ !" ૩	રક્ષો રાજા.

ઉપલા રાજગીતની **સા રી** ગ મ હારમોનીઅન તથા પીઆનામા વગાડવા માટે નીચે મુજબ આપી છે અંગ્રેજી ગાયન સાથે ગુજરાતી ગાયન પણ લખેલુ છે જ્યા આ મુજબ સૅા. હોય (માથે ચડ આકૃતિ) તો તે તીવ્ર સુર સમજવો વાજીત્રમા શરૂઆતનો સા. મધ્યમ સ્પટકથી શરૂ કરવો

રાગ શંકરાભરણ, તાલ દાદરો. માત્રા ૬.

સા સા રી	**ની સ રી**	**ગ ગ મ**	**ગ રી સા**
1 ગૉડ સેવ્હ અવર	ગ્રે શસ કીંગ	લૅાંગ લીવ અવર	નો બલ કીંગ
' ગ્ક્ષ દેવ તું	મહા ગ જા	બહુ જીવ જે	પ્રૌઢ ગ જા
રી સા ની	**સા**		
2 ગૉડ સેવ્હ ધી	કીંગ		
૨ ગ્ક્ષ દેવ રા	જા		

પ પ પ	**પ મ ગ**	**મ મ મ**	**મ ગ રી**
1 સેડ હેમ વિક	ટો રિ અસ	હેપ પી એ ડ	ગ્લો રિ અસ
2 એમને કર જય	વ ત મસ	સુખ કી તિ	નો દે યશ
ગ મ ગ રી સા	**ગ મ પ**	**ધ મ ગ રી**	**સા**
1 લોગ ટુ ૦ રે ઇન	ઓ વર અસ	ગૉ ડ સેવ્હ ધી	કીંગ
૧ લ બા વ રાજ	બહુ વ રસ	ર ક્ષ દેવ રા	જા

૧૨

ગુજરાતી રાજગીતની સા રી ગ મ.

(ગુ ના પત્ર ઓક્ટોબર ૧૯૧૪ પૃષ્ઠ ૩૭૭ મા આપ્યા પ્રમાણે)

मध्यम वर्ग-गांधार स्वररचना, प्रभायुक्त ललित भाव

मात्रा ३ (गुरु) ગ્ક્ષ દેવ તુ	મહા ગ જા	
विलंबित ऽ ऽ ऽ	ऽ। । ऽ	
मध्य गति. सा सा री	नी। स री	

બહુ	જીવ	જો	પ્રૌઢ	રા	જા	
ऽ	ऽ	ऽ	ऽ।	।	ऽ	
गा	गा	म	गा	रि	सा	

∧

અથવા વાદ્ય સંગતિ

રક્ષ	દેવ	રા	જા .... ∠			
ऽ	ऽ	ऽ	ऽ	ऽ	ऽ	ऽ । । । ।
री	स	नि	सा			सासरिगम

એમ	ને	કર	જય	વ ન	મસ
ऽ	ऽ	ऽ	ऽ।	।	ऽ
प	प	प	प	म	गा

∧

સુખ	કી	ર્તિ	નો	દે	યશ
ऽ	ऽ	ऽ	ऽ।	।	ऽ
म		म	म	ग	रि

લ	બા	વ	રી	જ	બહુ	વ	ગ્સ
ऽ	।	।	।	।	ऽ।	।	ऽ
गा	म	ग	रि	स	गा	म	प

રક્ષ	દેવ		રા	જા		
।	ॱॱ	ऽ	ऽ	ऽ	ऽ	ऽ
ध	पम	गा	रे	सा		

।= ૧ માત્રા , ऽ = ૨ માત્રા, ऽ॥=૩ માત્રા, ⌒ =સ્વર, વર્ણ કે શબ્દ બીજા સ્તંભમા ચાલુ છે એ બતાવનાર, गा = કોમળ गा नी, = મન્દ नी ' ॥ = ગીત પૂરૂ ‸ = અર્ધમાત્રા, √ = સૂક્ષ્મ-વિરામ મંદ = ઓછા બળથી, સ્પષ્ટ = બળથી. ઘન =વધારે બળથી.

નીતિ.

બાલ કર્તવ્ય.

૧

ધનાશ્રી.

ધરો પ્રભુનુ ધ્યાન બાળ સહુ, ધરો પ્રભુનુ ધ્યાન (૨)
સવારમા વ્હેલા ઉઠીને, લેવુ પ્રભુનુ નામ બાળ૦
તે પછી વંદન માતપિતાને, કરો નિશ્ચય જાણ બાળ૦
આશિષ લઈ નિશાળે જઈને, કરો ગુરુને પ્રણામ બાળ૦
ગુરુની શિક્ષા શિર ચડાવી, લો વિદ્યાનુ દાન બાળ૦
વિદ્યા ભણીને સુખીઆ થાઓ, કરો પરમાર્થ કામ બાળ૦
એ રીતે જે બાળક કરશે, તેનું થશે કલ્યાણ બાળ૦

૨

બાળકોની દીનચર્યા અને શિખામણ.

ભુજંગી છંદ

પ્રભાતે ઉઠીને, પ્રભુ નામ લેવુ, કડુ બોલ છોડી મૃદુ વેણ કે'વુ,
પછી શૌચ જાઓ પુરૂ પાણી લઈ ને, ધુઓ હાથ બે મૃત્તિકા સ્વચ્છ લઈ ને ૧
વળી દાત નાહો બધુ ડીલ ચોળી, લુછો અંગ આખું પ્રભુ નામ બોલી,
પછી હોસથી આદરી નિત્ય કર્મો, રહી નીતિમા પાળવા નિજ ધર્મો ૨
જઈ માત પિતા તણે પાય લાગો, ઘણા ભાવથી રોજ આશીષ માગો,
ધરી સ્વચ્છ વસ્ત્રો, કરો પાઠ જારી, લખો અક્ષરો લક્ષ રાખી સુધારી ૩
પછી પાઠ તે વાચવા શુદ્ધ રીતે, હિસાબો ગણો હેતથી એક ચિત્તે,
ઇતિહાસ ભૂગોળને યાદ રાખો, પદચ્છેદ કેરા ભલા ભેદ ચાખો ૪

કવિતા ભણો તે મૃદુ સુર કાઢી, શીખ્યા શુ નવુ તે ગણો દાડી દાડી,
પુરા પ્રેમથી નિત્ય નિશાળ જાવુ, વળી વાટ કે વર્ગમાહે ન ખાવુ ૫
ગુરુ જે કહે તે બધુ ધ્યાન ધારો, કરો ના કદાપિ નકામો લવારો,
ભણો જે ઘડી તે ઘડી ધ્યાન રાખો, બીજા સર્વ વિચારને દૂર દાખો ૬
વળી પેન પાટી તથા પુસ્તકા જે, મહુ સાચવી મૂકજો એક ઠામે,
નહિ જૂઠું બોલો તજો ભૂંડી ગાળો, વળી દુષ્ટ મિત્રો તણો સગ ટાળો ૭
તજો ચોર્ગી ચાડી પ્રભુથી ડરીને, તજો દ્વેષને ક્લેશ સપે ગ્રહીને,
તજો ક્રોધ ને રીસ આલસ્ય ત્યાગો, ડરી દુર્ગુણોથી સદા દૂર ભાગો ૮
પિતા માત કેરી ધરો શીખ માથે, કદી ના લડો ભાઈ ભાંડુની સાથે,
સગા સ્નેહી સુમિત્રથી પ્રીતિ જોડો, સુસપે રહી ક્રૂર કુસંપ તોડો ૯
વડીલો અને પૂજ્યનું માન રાખો, વિવેકે નમી નમ્ર વાણીથી ભાખો,
ભણી છદ આ છદ કુછદ વામે, મહુ બાળકોને સદા સુખ પામે ૧૦

૩

બાળકોને હિત શિક્ષા.

ભુજગી છદ

પિતા માતને બાળકો પાય લાગો, પ્રભાતે પ્રતિ દીન વ્હેલાજ જાગો,
ભણોને ગણો તત્ત્વ વિદ્યા વધારો, કુટેવો પડે તેહને દૂર વારો ૧
અદેખાઈથી ક્લેશ કૂડો નિવારો, ગડેને જ એ પુત્ર તે તો નઠારો,
કદી ગાળ બોલો નહિ રે નઠારી, સદા વાક્યને બોલીએ સુખકારી, ૨
કદી ના રીસાવુ થતો ક્રોધ વારી, પિતા માત શિક્ષા થકી સુખ ભારી,
સદા સત્ય વાણી વદો ધર્મ ધારી, બહુ થાય છે ચોરીથી તો ખુવારી ૩
મહાપાપ ચોરી કરે તેહ પાવે, લહે બન્ધ મૃત્યુની ગોદે સિધાવે,
કરે ચોરીનુ કામ તે તો નઠારો, ઠરે ના કદા એક ઠામે બિચારો ૪

દિલે જાણુજો ચોરીનુ પાપ મોટુ, કરે ચોરી તેનુ થશે ભાઈ ખોટુ,
ભણો ભાવથી શિક્ષકો પાસ વિદ્યા, તજો જ્ઞાનથી જેહ લાગે અવિદ્યા ૬
સદા સાધુને વંદીએ પ્રેમ લાવી, ગુરૂ સત્ય દેશે સુવિદ્યાની ચાવી,
ગુરૂના કહ્યા કાર્યને ભવ્ય કીજે, ભલામા સદા અન્યના ચિત્ત દીજે
ગુરૂજ્ઞાનથી મોહ માયા ટળે છે, ગુરૂજ્ઞાનથી મુક્તિ સહેજે મળે છે,
ગુરૂજ્ઞાનથી ગર્વ નાશેજ પામે, ગુરૂજ્ઞાનથી સત્ય જ્યા ત્યા પ્રકાશે ૭
સદા ઉન્નતિ ધર્મથી તો થનારી, સદા ધર્મથી દોષ શ્રેણી જનારી.
દયા ધર્મમા બાળકો ચિત રાખો, દયા ધર્મથી મુક્તિના સુખ ચાખો ૮
સહુ સાથમા પ્રેમથી નિત્ય રહેવુ, ભલુ વેણ વાચા થકી ભવ્ય કહેવુ,
કરો કાર્ય સારા નઠારા તજીને, લહો સત્ય શાન્તિ પ્રભુને ભજીને. ૯
ધરી ધૈર્યને કીજીએ ધર્મ સેવા, ધરી ભક્તિને પૂજીએ ઇષ્ટ દેવા,
કહે બુદ્ધિ સર્વોતિ ધર્મ ધારો, ભલા બાળકો વાત એ તો વિચારો ૧૦

(બુદ્ધિસાગર રચિત ભજનપદ સંગ્રહ ભાગ બીજો)

૪

૧ ગુરુ સ્તુતિ.

गीर्भिर्गुरूणां परुषाक्षराभिस्तिरस्कृता यान्ति नरा महत्त्वम् ।
अलब्धशाणोत्कषणा नृपाणां न जातु मौलौ मणयो वसन्ति-

ગુરુની કઠોર શબ્દથી ભરેલી વાણીથી તિરસ્કાર પામેલા મનુષ્યો ગૌરવ પામે છે સરાણ પર ઘર્ષણ ન પામેલા મણિઓ કદી રાજાના મુકુટમા વસવા પામતા નથી

૫

૨ ભુજંગી છંદ

નમુ હું નમુ હુ ગુરૂજી તમોને, ભણાવી ગણાવી સુધાર્યા અમોને,
હતા ઢોર ઢાલા, થયા ગુણવતા, અમારી તમોએ હરી સર્વ ચિન્તા. ૧

નહિ હું પહેલા જગ કંઈ જાણું, તમારી કૃપાથી હવે સૌ પ્રમાણું,
નહિ પાડ ભૂલું ગુરૂ જ્ઞાનવંતા, અમારી તમોએ હરી સર્વ ચિન્તા ૨
શિખી ઇતિહાસો ઘણી વાત જાણી, બધા દેશની રીતભાતો પ્રમાણી
હતા આકળા તે થયા ધીરવંતા, અમારી તમોએ હરી સર્વ ચિન્તા ૩
ભૂગોળો ખગોળો ભણી ભેદ જાણ્યો, ભણાવી નીતિ દોષનો અંત આણ્યો
ન ભૂલું કદીએ ગુરૂ હેતવંતા, અમારી તમોએ હરી સર્વ ચિન્તા ૪
ગુરૂજી ઘણું જ્ઞાન આપ્યું હમોને, શિશુઓ સુ-આશિષ આપે તમોને.
ઘણાં વર્ષ જીવી થજો કીર્તિવંતા, અમારી તમોએ હરી સર્વ ચિન્તા ૫

(મણિકાન્ત-હલદરવાસ નિવાસી)

૬

૩ ગુરુ સ્તુતિ.

સાખિયો.

સદ્‌ગુરુ ચરણે નમુ, માગુ પ્રેમ પ્રસાદ,
દયા કરીને દીજિયે, હરિરસ અમૃત સ્વાદ ૧
વાણી શકે ન વરણવી, સદ્‌ગુરુ તણું સ્વરૂપ,
બુદ્ધિબળ પહોચે નહિ, ઉપમા રહિત અનૂપ ૨
પ્રથમ પૂરણ પ્રેમ થી, વંદુ સદ્‌ગુરુ ચર્ણ,
તાપ ટળે સંસારના, મટે જન્મ ને મર્ણ ૩

૭

૪ ગુરુ મહિમા.

પ્રથમ નમુ ગુરુ દેવને, જેણે આપ્યુ જ્ઞાન,
જ્ઞાને ગોવિંદ ઓળખ્યા, ટળ્યુ દેહ અભિમાન
તત્ત્વસાર ત્રિલોકમા, ગુરુ ગોવિંદજ રૂપ,
આદ્ય અંત્ય મધ્ય એહ છે, હરિગુરુ અંત સ્વરૂપ

માતૃ પિતૃ ભક્તિ.

૮

૧ માનું હેત

ઝીલણા-માત પિતા થાઓ ઉદાસી એ-રાગ.

જે આખા જગમા જગે જગ ફરે, પણ માના જેવો પ્યાર કઈ ના જડે,
બધુ હેત આવે, અને તે ટળે, પરંતુ ન મા હેત ટાઢુ પડે,
ઓ માતા ! (૨) વ્હાલી ઓ માય, ન તું જ પ્યાર જેવો જગતમા જણાય
બધુ સોનુ રૂપુ, હીરાઓ મળે, વળી રાજનો તાજ સાથે ભળે,
જગતનુ બધુ ધન, કદાપિ મળે નકામુ છે મા હેત, વિના ખરે,-
ઓ માતા ! (૨) વહાલી ઓ માય ! ન તુજ પ્યાર જેવો જગતમા જણાય

(ગો૦ ક૦ દેલવાડાકર)

૯

૨ (ભેરવી)

લાગુ પાય, લાગુ પાય, વહાલા માત માજી,
તીર્થરૂપ શિરછત્ર, પુણ્યરૂપ માજી—લાગુ પાય૦ ૧
જન્મ આપીને ઉછેર્યો, બુદ્ધિ રાખી તાજી
શુદ્ધ દૂધ ધવરાવીને, ગાયો ગજી ગજી—લાગુ પાય૦ ૨
લીધી ભાળ રાતદીન, વેઠી દુખ ભારી,
હસી હસાવતા મુખડા સામુ જોઈ ધારી ધારી—લાગુ પાય૦ ૩
હિત હેત દીઠું ન જગમા તમ સમુ કદાપિ
ગુણ પાડ ભૂલે પાપી પુત્ર એ તથાપિ—લાગુ પાય૦ ૪

(બા. ૨. શાહ.)

૧૦
૩

માતા—મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે
જનનીની જોડી સખિ ' નહિ જડે રે લોલ (ટેક)
પ્રભુના એ પ્રેમ તણી પુતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે—જનની૦
અમીની ભરેલ એની આંખડી રે લોલ
વ્હાલના ભરેલા એના વેણ રે—જનની૦
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
માનો નહિ આથમે ઉજાસ રે—
જનનીની જોડ સખિ ' નહિ જડે રે લોલ
(સ્વ બોટાદકર)

૧૧

૧ પિતૃભક્તિ.

બાપ તે તો બાપ, સઘળા બાપના પ્રતાપ,
દાના ને દીલ સાફ, તે તો બાળઘેલા બાપ—બાપ તે તો૦ ૧
વાંક કરતા માફ તે તો એક વા'લા બાપ,
જીવનના સંતાપ તે તો ટાળનારા બાપ—બાપ તે તો૦ ૨
બુદ્ધિબળની છાપ, તે તો આપનારા બાપ,
જય સિદ્ધિ ને તાપ, આત્મ જગાવનારા બાપ—બાપ તે તો૦ ૩
બાપ સવાઈ આપ, કર્મી સપૂત બનાવે બાપ,
પ્રભુ જગતના તાત, તેનું ભાન કરાવે બાપ—બાપ તે તો૦ ૪
જપિયે શા ગુણ જાપ? વન્દી અખિન રહિયે તાત—બાપ તે તો૦
(લલિત)

૧૨

૨ ગઝલ.

પિતાજી પ્રેમથી માગુ, સદાએ આપની સેવા,
પ્રભાતે હું પગે લાગુ, મળે જેથી મીઠા મેવા ૧
તમે શિર છત્ર છો મારા, તમે સૌ ગુણના ગ્રાતા,
તમે છો પ્રાણથી પ્યારા, તમે સૌ સુખના દાતા ૨
તમારી આજ્ઞા પાળુ, તમારો બોલ ઊઠાવુ,
તમારા ગુણ ના ભૂલુ, તમારો દાસ હુ થાઉં ૩

(બા. ર. શાહ)

૧૩

૩ માબાપનું કહ્યું માનવા વિષે.

(હુ રે થયુ રે બેનો હુ રે થયુ, આપણી આ રાણકીને હુ રે થયુ એ—રાગ)

માનો તમે રે માનો તમે, કહ્યુ મા બાપનું માનો તમે,
ખોળે બેસાડી જે ખેલ ખેલાવે, આપે રમકડા જેવા ગમે ૧
લાડ લડાવે ને ભાવે ભણાવે, પ્રીતે જમાડીને પોતે જમે,
માબાપ જેવુ સગુ ન બીજુ, આપણું દુ ખ એ જાતે ખમે ૨

(મળેલુ)

૧૪

૪ કહ્યું માબાપનું કરવું.

(ગઝલ)

પિતા માતા કહે જે તે, સદાએ ચિત્તમા ધરવુ,
પ્રથમ કર્તવ્ય બાળકનુ, કહ્યુ માબાપનું કરવુ ૧

પિતામાતા તણી આજ્ઞા, પ્રભુ-આદેશ માનીને,
કહે જે પથ વળવાનુ, સદા તે પથ સચરવુ ૨
હજારો કઈ મુશીબતમા, ઉછેર્યા પાળી પોષીને,
વિચારીને જરી દીલમા, કહ્યુ માબાપનુ કરવુ ૩
કરી કાવડ ફર્યો તીર્થે, શ્રવણ માબાપને લઈને,
ઘણા કષ્ટો ત્યજી સુખો, કહ્યુ માબાપનુ કરવુ ૪
વિકટ વનમા ગયા શ્રીરામ, ત્યજી નિજ રાજ્યના સુખો,
પિતાના કોલની ખાતર, ઘણા કષ્ટો પડયા જે તે ૫
વળે માબાપને ટાઢક, અને સતોષ હૃદયમાહિ,
સદાચારી અને ગુણીયલ, સુપુત્રો, પુત્રીઓ જોઈ ૬
પિતામાતા તણી પ્રીતિ અને નિશદિન શુભાશિષો,
ખરા અન.કરણની જે, કરી સુકૃત્ય મેળવજો ! ૭

ચદ્રકાન્ત પરીખ, બી. એ.

૧૫

૫ માત-પિતાની સેવા.

ગરબા પીલુ.

માતપિતાને નમન નિત્ય કરીએ, કેમ કહો ઉપકાર વિસરિએ ? એ ટેક
પાલણ પોષણ પ્રેમે કરે છે, બાળકને ઠીક દેખી ઠરે છે,—
વેઠે વિપત્તિ પડે તે અપાર, થાવા ન દે દુ ખ લગાર માત૦
સકટ આપણના સહુ કાપે, આનદ લાખ ઉપાયથી આપે માત૦
સાચી શિખામણ ખાનથી કરતા, આપણના દુ:ખ દેખતા ડરતા, માત૦
ભણતર ભાવ ધરીને ભણાવે, જોર જુલમ તજવાનુ જણાવે, માત૦
અકલ વધારે બધે લાભકારી, બોલિએ ચાલિયે વાત વિચારી, માત૦
વિનય વિવેક વધેછે વધારે, એ માતતાતને સઘળે સુધારે, માત૦

ચિન્તા કરે ચિત્તમા જે અમારી, એ માતતાત તણી બલિહારી, માત૦
હુકમ કરે તે કરો કર જોડી, એના વિના આપણુ મૂલ કોડી, માત૦
માતપિતાનુ કહ્યુ જે ના માને, નરક વિષે તે પડે અભિમાને, માત૦
(કેશવલાલ હરિરામ.)

૧૬

૬ આશાવરી.

વંદીએ પરમપૂજ્ય માબાપ પરમપૂજ્ય માબાપ વંદીએ-
દેવરૂપ સાક્ષાત્ વંદીએ૦
માતતાતના ચરણકમળમા પુનિત તીર્થ તમામ,
સફળ થાય જીવન સેવાથી-ટળે સર્વ પરિતાપ,
એમનો અનુપમ દિવ્ય પ્રતાપ પરમપૂજ્ય--
સદ્‌ગુણના શિક્ષણથી નાઠા-દુર્ગુણ આપોઆપ,
યત્ન થકી અંકિત કરી હૃદયે-નીતિજ્ઞાનની છાપ,
ખરેખર છે ઉપકાર અમાપ પરમપૂજ્ય--
માતતાતની ખાતર કરશો-ધનવૈભવ, કુરબાન,
ઉત્કૃષ્ટ આનંદે ઉમંગે-કરે વિસર્જન પ્રાણ,
ધન્ય ! તે શિશુઅવતાર પ્રમાણ પરમપૂજ્ય--
(સાકરલાલ પુરુષોત્તમ શુકલ)

૧૭

૭ માબાપની ખીજમત કરવા વિષે (ઉર્દુ)

ગઝલ.

અદબ કરના માબાપ કા હય જરૂર
ન કરના કભી ઉસમે બચ્ચો કસુર

કોઈ ઉનકે રૂતબે મે હમસર નહીં,
બુઝુર્ગ ઉનસે કોઈભી બઢકર નહીં
નથી તુમસે જબ અકલો તાકત જરા,
ઉન્હોને તુમે પરવરીશ હય કીયા
રહા રાત દિન ઈનકુ એહી ખયાલ,
સદા ખુશ હમારા રહેનો નીહાલ
વો તકલીફ ખુદ તો ઉઠાતે રહે,
મગર તુમકો દુખસે બચાતે રહે
ગરજ વો રહે તુમ પર હરદમ ફીદા,
હય મશહુર માબાપ કી મામતા.
હો તકલીફ તુમકો તો વો હો મલુલ
ખુશીસે તુમારી ખુશી હો વસુલ
મહોબત હો ઈસ કદ્ર તુમસે જિન્હે,
હયે વાજિફકે તુમ ભી રખો ખુશ ઉન્હે
કહે તુમસે જો કુચ્છ કરો તુમ વોહિ,
ન નારાજ ઉનકો કરો તુમ કભી
ખુદાને યેહ ફરમાયા હે બાર બાર,
ચલે હુકમપર ઉનકે સબ દીનદાર
જો મા બાપકો ખુશ રખે ગા સદા,
હય ઉસકે લીયે બાગે જન્નત ખુલા

૧૯

૮ માબાપના હક.

નીકલતી હય દીલસે દુઆ મેરે અબ્બા,
સલામત રહો તુમ સદા મેરે અબ્બા,

જહાંમે બડી સબસે ન્યામત તુમી હો,
ખુદાવંદ કી ખાસ રહેમત તુમી હો,
કે સાચા તુમારા બેહીસ્તા કા છાયા,
તુમારી મોહબ્બત હય દુન્યાકી માયા,
ન ભુલુગા વો આપકા પ્યાર કરના,
વો મીઠી નજર મુજપે હરબાર કરના
લે જાના શફ્કતસે હમરાહ મુજકો,
દીખાના ચમન હર શેહેલ ગાહ મુજકો
હમારે લીએ ઝેલતે હો મસક્કત,
કમાતે હો કરકે શબો રોઝ મહેનત,
હમે ખુશ રખા ખુદ મુસીબત ઉઠા કર,
હમે સુખ દીયા આપ તકલીફ ઉઠા કર
તલબ જો કીયા આપસે હમને પાયા,
જો ચાહા સો પેહના જો ભાયા સો ખાયા,
હુઇ પુરી જીતનીથી હાજત જો અપની,
ખુશીમે ગુજરતી હય ઔકાત અપની,
યે હેય સારે સામા ભલા કીસ કે દમસે,
યે ખુશીયા હેય સબ કીસકે નાઝો ન અમમે,
મેરે અબ્બા સારા ઝહુર આપસા હય,
કે મ્ત હરસીમ્તમે નુર આપકા હય,
તુમારે હી દમસે બને કામ સારે,
તુમારે હી ભલપર હય આગમ સારે,
ઇનાયાત કે આપ હો એક સમંદર,
મુસીબતમે હય આપ સીદ્દે સીકંદર,

ખતાઓંગે હૈય દરગુજર કરને વાલે
હમે નેક બક્ષી ખબર કરને વાલેં,
હમારી ખુશીસે ખુશી આપકો હય, .
હમે ગમ જોહો એકલી આપકો હય,
ગીનુ આપ કે કીસ તરેહ સારે એહસાન,
ગરજ આપકે હમ પે ભારી હેય એહસાન

(મળેલુ)

૧૯

૧ બંધુ પ્રેમ.

(કલ્યાણ રાગ).

બંધુના વિના, ઉલ્લાસ તો જશે,
હર્ષ, હાસ્ય, પ્રેમ ગાઢ, ધુળ તો થશે

રાજા રાણે રાજ્યલોભથી, કીધા બંધુ ખૂન,
ગરજ પડી બંધુની જ્યારે, પસ્તાયા તે પૂર્ણ—બંધુના વિના૦ ૧
દિનકરને નિશાકરની, હા કેવી શોભે જોડ,
કરી વહેંચણી કાર્ય તણી, સાંજે સવારે રોજ—બંધુના વિના૦ ૨
ચરણ, હસ્ત, કરણો ચક્ષુની પ્રભુએ કીધી જોડ,
વિના જોડ લગડખા, ઠુંઠા, બહેરા કાણા ખોડ—બંધુના વિના૦ ૩
કડવી હોજો લીમડી પણ શિતળ તેની છાય,
બંધુ હોજો બોલકણા પણ તોય પોતાની બાય—બંધુના વિના૦ ૪
બાળપણ તો બંધુ સાથે હસતા રમતા જાય,
ખબર પડે નહિ દિન ગયો કે રાત ગઈ તે ક્યાંય—બંધુના વિના૦ ૫
ભાઈ નહિ ઘરમાં જેને તે ભાઈબંધને ઘેર જાય;
કાઢી મૂકે લઢી વઢીને રમત ગમત શું થાય ?—બંધુના વિના૦ ૬

ભાઈ સાથે બેસીને ભણતા આવે બહુ આનંદ,
ઘડી ઘડીની ગમ્મત ઘરમાં તેને તો ધન્ય ધન્ય—બંધુના વિના૦ ૭
ભાઈ તણા ભાવો મોંઘા છે, મુક્તાફળના હાર,
જતન કરવું મોંઘા માડીજાયાનું શ્રીકાર—બંધુના વિના૦ ૮
(બા. ૨. શાહ મળેલું)

૨૦

ભગિની–બેનનો પ્રેમ.

બેન તે તો બેન તેના પ્રેમનો નહિ પાર છે,
ભાઈનું ભલું સદાએ જીગરથી તે ચ્હાય છે—બેન તે તો૦ ૧
નાના ભાઈને નીરખી હરખી, અડધી અડધી થાય છે,
હીરની દોરી હાથમા લઈને, મધુર હાલો ગાય છે—બેન તે તો૦ ૨
રમત ગમત જોવાનું મળતા, દોડતી તેડી જાય છે,
ભાઈને નવાઈ દેખાડી પોતે ખરી ખુશી થાય છે—બેન તે તો૦ ૩
ભાગ પાડે છે ભાઈનો ઝાઝો, ભાગમાથી દે ભાગ તે,
સુતો જાણી ભાઈ પોતાનો, દોડતી દોડતી જાય છે—બેન તે તો૦ ૪
ભાઈનું મુખ દેખીને ખરેખર, બેન બહુ મલકાય છે,
ભાઈનો વાંકો ન વાળ થવા દે, ઉપરાણું અપાર લે—બેન તે તો૦ ૫
ભાઈને સુખે સુખીને દુઃખે દુખી બેન થાય છે,
દુખમા દેખી વ્હાલા વીરાને, અધીરી અધીરી થાય છે—બેન તે તો૦ ૬
અવગુણ થાય જો પાઈનો ભાઈને, બેનથી ના ખમાય તે,
કાઢે ઝટકણી ભાભીઓ કેરી, આખમા ના ખમાય તે—બેન તે તો૦ ૭
(બા. ૨. શાહ મળેલું.)

૨૧
સારાં ખોટાં કૃત્યો.
લલિત છંદ.

વિણુ વિચારથી બાણુ ફેંકીયુ, પવન વેગથી ચાલી તે ગયુ,
નજર ના પડ્યુ ક્યા જતું રહ્યુ, શોધીયુ ઘણુ તોય ના જડ્યુ ૧
વિણુ વિચારથી કાવ્ય તો કબ્યુ, પવન વેગથી તે ઉડી ગયુ,
નજર ના પડ્યુ ક્યા જતું રહ્યુ, શોધીયુ ઘણું તોય ના જડ્યું ૨
વખત વીતતા બાણુ તે જડ્યુ, વડ તરૂતણી ડાળમા મળ્યુ,
વખત વીતતા કાવ્ય તે જડ્યુ, હૃદયરાગના મિત્રથી મળ્યુ ૩
નહિ કુકર્મનો નાશ તો થતો, નહિ સુકર્મનો ભાવ તો જતો,
વખત વીતતા આવી સૌ મળે, તપ જ ત્યાગને સત્યના બળે. ૪

(બા. ર. શાહ.)

૨૨
સદ્ગુણ–પુષ્પો.

મારી વાડીમા મોગરો મહેક્યો કુમાર, કોઈ કુસુમ લ્યો કોઈ કુસુમ લ્યો,
એની પાખડી તો આખડી ઠારે અપાર, કોઈ કુસુમ લ્યો કોઈ કુસુમ લ્યો. ૧
મન વાડીના ક્યારા માહી, છોડા અમોલજ વાવીઆ,
જળસિંચી ખાતર ખૂબ ભરી, અતિયત્નથી ઉછેરીઆ,
તેના માળીની મહેનતનો કરજે વિચાર—કોઈ૦ ૨
ખીલી હવે તે પર બધે, વિચિત્ર કળીઓ કોમળી,
ઝુલી રહી ડાળી પરે, વાયુથી વાંકી વળી,
લીલા વજોમા ડોકીયા કરતી કુમાર—કોઈ૦ ૩
ખીલ્યા પછી શા મોગરા, સુગધીમા તે નામીચા,
ગુલબાસ ને ગુલાબ, જાઈ જુઈ છે બહુ જાણીતા,
મીઠી સુગધી તેમાથી ઉડે અપાર—કોઈ૦ ૪

સોંદર્ય અલૌકિક જોતા ચક્ષુની તૃપ્તિ થશે,
અદ્ભુત અંતરની વિષે ઉર્મી ઉછાળા મારશે,
તેની લહેજતનો શોખ તમે રાખશો કુમાર—કોઈ૦ ૫
વિવેક, વિનય ને નમ્રતા, વાડીમાંના પુષ્પો ખરા,
હીરા તણા હારો થકી, એ મૂલ્યમાં ચડતા ઘણા,
તેવા પુષ્પોથી ચુંટણી કરજો કુમાર—કોઈ૦ ૬

(બા. ૨ શાહ.)

૨૩

(કેસરી-સિંહ.)

(કોયલ બોલે ટિહુ ટિહુ કરતી રંગ ઉમંગમાં રે.)

જુઓની ! સિંહણસુતો, શ્યામ નીડર, વનમાં ફરે રે,
નીડરપણે વનમાં વિચરતા, વનરાજો મનમાં શું ડરતા ?
હરતા ફરતા ફરે ન પરવા કદી ધરે રે જુઓની !
ઘન ગરજે બહુ જોર થકી પણ, શોર કરે અધિકો એથી પણ,
કદી નહિ નમતી મૂકે વનપતિ ખરે રે જુઓની !
ગૌર્ય મંત્રથી સાધે ભિક્ષા, પ્રતાપની પૂરણ દે શિક્ષા,
ભૂખ દુઃખ વેઠે તોપણ શું ઘાસ ચરે રે ? જુઓની !
રાજાના રાજા થઈ ફરતા, આગે ડગ ભરતા નહિ ડરતા,
વનચર સહુ થરથરતા ત્રાસે ત્રાડ તણે રે. જુઓની !
માન મહત્તા માંહે મોટો, જગમાં જોતા જડે ન જોટો,
ધન્ય કેસરી, જનની જગમાં, તને જણે રે જુઓની !
કોહ્યું એઠું જૂઠું વરજે,* તાજું માંસ સદા તે ભક્ષે,
સંતોષી થઈને પાછો પરવરે રે જુઓની !

* વરજે-છોડી દે.

જોતામા ખોતા ધીરજ ત્યા, નજર નાખવા ગ્હે હિંમત ક્યા,
નાસે ત્રાસે પશુપક્ષી સૌ થરથરે રે, જુઓની '
શૌર્ય, માન ને ચાલ ચાતુરી, સિંહણસુતમા અદ્‌ભુત ઉતરી,
અગાગ ધખતી આંખો બે ઝળહળે રે જુઓની '
પ્રતાપ પૂરણ પેખો એમા, તેજ તણા અબારે+ જેમા,
જ્યોતિ-પુંજો જુઓ× નયનયુગ્મોં† ઝરે રે જુઓની '
શૌર્ય, ધૈર્ય, બાહુના બળનો, કેસરીસિંહ વિચિત્ર નમૂનો,
મરદાઈ માટે માન બહુ તેને મળે રે જુઓની '
અનમાળા માનવી તું માને, જીવન તણા સૂત્રોને જાણે,
સિંહણસુતના ઉમદા લક્ષણ ઉરે ધરે રે. જુઓની '

(બા. ૨. શાહ.)

૨૪

સ્વર્ગની શ્રેષ્ઠ ભૂમિ.

ઝુલણા છંદ.

જ્યા રહે પુષ્પ ખીલી સદા સર્વદા, રંગ ઉડે નહિ ના સુગંધી '
કદી ન કરમાઈ કે, જાય સુકાઈ તે, છોડને વૃક્ષ લીલા સુરંગી
વિહંગ વિચરે બધા સંપથી હળી મળી, આગના રંગની દિવ્ય અવધિ '
માડી તું તે દિને મુજને કહેતી હતી, સ્વર્ગની શ્રેષ્ટ તે ક્યા છે ભૂમિ ? ૧
જ્યા સહુ માનવી, માનથી બોલતા, કંકાશનો લેશ જાણે ન કોઈ,
ઝેરને વેર કરી ઉરથી દૂર તે, સંપને જંપનુ સુખ જોઈ,
અંગ ઉમંગથી વિચરતા અહી તહી જોડી ના તૂટતી દિન કોઈ માડી ૨

+ ઢગલા. × જ્યોતિ-પ્રકાશ, પુંજો, ઢગલા, જ્યોતિપુંજો-પ્રકાશના ઢગલા. † નયન યુગ્મે-બે આંખોમાથી

જ્યાં બધાં બાળકો ગાય છે ગીતને, ખાય છે મિષ્ટ મેવા મિઠાઈ,
માતપિતા તણી આજ્ઞા માનતા, વિદ્યાવિનોદમાં કાળ ગાળી
રમતને ગમતમાં રાત દહાડા જતા, મદગીનું નહિ નામ ત્યાંહી, માડી૦ ૩
જન્મ કે મરણનું નામ નિશાન ત્યાં, કોઈ જાણે નહિ બીક શાની ?
શોકના આંસુથી રુધિર શાનું તપે ? પ્રેમના વિરહની વેદના શી ?
જોરૂ કે જર તણી, જમીનની ત્યાં કદી, કોઈ કરતા નથી જો લડાઈ, માડી ૪
દુષ્ટ દૃષ્ટી નથી, કંટકો હિંસકો, ત્યાં નથી ભય તણાં સ્થાન ભારી,
નંદ આનંદ ત્યાં પ્રગટતો અંગમાં, રંગમાં ભંગ થાતો ન ભારી
સ્વાર્થના ઝુમખાં ત્યાં નથી લટકતાં, ભટકતા ભામટા ત્યાં ન ભાળી, માડી ૫
સંગેમરમર તણા સર્વના મહેલ છે, શિખરો સર્વ સોને મઢેલા,
કનક કળશો રહ્યા વ્યોમમાં ઝળહળી, કિરણની કોરમાં તે ટકેલા
મણી અને મરકતો પોખરાજો ખરા, પગથીએ પાવઠે છે જડેલા, માડી, ૬

(બા. ર. શાહ.)

૨૫

રાજકુમારોને ઉદ્દેશીને.

રાજવંશીના બાળ, તમે વહાલા, રાજવંશીના બાળ,
પક્ષીગણોમાં હંસ મધુરા, સરવરમાં જેમ માન—તમે વહાલા૦ ૧
ક્ષાત્રતેજથી શોભો જગતમાં, કંપે જેથી કાળ—તમે વહાલા૦ ૨
તાતની કીર્તિને માતની શોભા, ગજવો ગામે ગામ—તમે વહાલા૦ ૩
પુષ્પની ખુશ્બો મધુરી આવો, ઇચ્છા એ ચિરકાળ—તમે વહાલા૦ ૪
વિદ્યા વિનોદને વિવેક વરજો, લેજો પ્રજાની ભાળ—તમે વહાલા૦ ૫
સાદું જીવનને સાદું વર્તન, સાદા શુભ વિચાર—તમે વહાલા૦ ૬
તમ વર્તનનો દાખલો લઈને, સુધરે સૌ સંસાર—તમે વહાલા૦ ૭

રાજાને રૈયત બહુ ચાહે, ધન્ય એ ધર્માચાર.--તમે વહાલા૦ ૮
કોઈની અપ્રીતિ ના લેવી, ઉત્તમ એ આચાર --તમે વહાલા૦ ૯
મોટાને મોટાઈ ન છાજે, એ છે સુખનો સાર --તમે વહાલા૦ ૧૦
કરકસર હમેશા કરવી, લક્ષ્મી જાય ન બહાર --તમે વહાલા૦ ૧૧
લક્ષ્મી વિના રાજા કે રાણી, તરણા તુલ્ય ગણાય --તમે વહાલા૦ ૧૨
રાજકુમારમા ઉંચા લક્ષણ, મુક્તાફળના હાર --તમે વહાલા૦ ૧૩
ગતિ-લક્ષ્મી દુર્લભ નથી તમને, સદ્ગુણ મૂલ્ય વિશાળ -તમે વહાલા૦ ૧૪
ઉંચા લક્ષણ વિણ વિદ્યાલક્ષ્મી, મેળવશે ધિક્કાર --તમે વહાલા૦ ૧૫
સદ્ગુણ વિણ નર ખરની તુલ્યે, ગણાય બહુજ ગમાર --તમે વહાલા૦ ૧૬
તે માટે હું નમ્રપણે કહું, સુધારો વાણી વિચાર --તમે વહાલા૦ ૧૭

(બાલુભાઈ રતનચદ શાહ)

૨૬

દોહરા.

શરીર ચોખુ રાખવા, નિર્મળ નીરે નાહો,
ચોખા વસ્ત્રો પે'રીને, નિત્ય નિશાળે જાઓ ૧
ચોખુ રાખો આગણુ, તેમજ ઘરને બાર,
ચોખી રાખો ચોપડી, એજ સરસ શણગાર ૨
સુગરી માળામા રહે, મધુપડામા માખ,
રચના સ્વચ્છ નિહાળીને, ચોખી ચીજો રાખ ૩
કલમ પકડજો કળ થકી, જેથી સ્વચ્છ લખાય,
મહેતાજી જોઈ અક્ષરો, મનમા રાજી થાય ૪

શિક્ષા વચન પૃષ્ઠ ૩

૨૭

કોઈને હલકો ન ગણવો.

દોહરા.

પરમેશ્વરની છે પ્રજા આ સઘળો સંસાર,
એક કુટુંબી આપણે, એક પિતા પરિવાર ૧
કાળા ગોરા કોય છે, ધન હીણા ધનવાન,
કહો ન હલકો કોયને, સઘળા એક સમાન ૨

ક. દ. ડા.

૨૮

ભુજંગી.

શીખો પાઠ તેમાં તમે ચિત્ત રાખો, નહીં વાત બીજી સમે તે વિચારો,
સુખો પામવાને પુરો પંથ સારો, શિશુ સર્વને સુખ તે આપનારો ૧
કીધું અર્ધ જે કામ તે અર્ધ રે'શે, કરેલું પરિપૂર્ણ રે'શે હમેશે,
રૂડી પદ્ધતિ ધીમતો એમ ધારે, વિનંતી કરું બાલકો સૌ વિચારે ૨

(ચત્રુભુજ માણેકેશ્વર ભટ)

૨૯

બાળકોને બે બોલ.

ભુજંગી છંદ.

શિખો એ સમે શિખવાનું સુધ્યાને, રમો તે સમે જે સમો ખેલવાને,
સદા સુખનો માર્ગ છે એ તમારો, નથી અન્ય આથી વધુ કોઈ સારો ૧
કરો કાર્ય જે આદર્યું હામ સાથે, ખરી હોંશથી અંત સુધી સ્વહાથે,
અપૂર્ણું કદી કાર્ય પુરા ન થાયે, સુઆરંભ ને ખંતથી ટોચ જાયે ૨
અરે કે કરો જે કાર્ય જે જે બધા તે, ન સાથે બના પાર આવે સુઅંતે,

સદા રાખજો ઇશ્વિરે સ્નેહ સાચો, પળો પૂજ્ય આજ્ઞા અસત્યે ન રાચો ૩
પળો વાપરો ના ખરે તો નકામી, ન પાછી મળે જે ગઈ તે સદાની,
ખરી રીતથી વાપરી કાળ જાણો, કરી પાઠને ખેલ આનંદ માનો ૪

(માવજી દામજી જોશી મળેલુ)

૩૦

દોહરો.

ઉદ્યોગે સહુ આવડે, અઘરૂં સેહ્યું થાય,
સહાય કરે ઉદ્યોગીને, ઈશ વિશ્વની માય

૩૧

વિદ્યા સંપાદન કરવા વિષે.

ધન્યાશ્રી.

વિદ્યાધન ભંડાર જગતમાં વિદ્યાધન ભંડાર,
દે સુખ અપરંપાર જગતમાં વિદ્યાધન ભંડાર
ખપથી ન ખુટે ચોર ન લૂટે, જેને છે ભય ન લગાર— જગતમાં
માતપિતાની સેવા કરાવે, સુખી કરે સંસાર જગતમાં
ઇશ્વિર ભજવા પંથ સુઝાડે, શુદ્ધ કરાવી વિચાર જગતમાં
પરમારથમાં પ્રીત કરાવે, જેથી ઉતરીયે પાર જગતમાં
આ જગમાંહિ સરસ ગુણોની, વિદ્યા મોટી વખાર જગતમાં
વિદ્યાવિણુ સરવે જન કેરો, જાય અફળ અવતાર જગતમાં

(ચતુર્ભુજ માણુકેશ્વર ભટ્ટ)

૩૨

માઢ.

રે વિદ્યા થીંઓ, જ્ઞાન ગર્થીંઓ, ધર્મ પંથીઓ, ભણુવામાં રાખો ઉલ્લાસ
શાણા સુધરેલા સઘળુ સમજીને વિદ્યાને દે છે માન,

જેણે વિદ્યાનો સ્વાદ ન ચાખ્યો, તે છે પશુ સમાન રે,—
ભણે નાની ઉમરથી, નેકનજરથી, વિદ્યારથી×, ભણવામા રાખો ઉલ્લાસ (૨)
ચોર ઠગારા ઠગી ન શકે, ભાઈઓ પડાવે ન ભાગ,
દુષ્ટ રાજા પણ લૂટે શી રીતે, ઉડે ન તેને આગ રે—
વધે વિદ્યા વાપરથી, માનીતી જગથી, વિદ્યારથી, ભણવામા રાખો ઉલ્લાસ (૩)
× × × પધાર્યા, × × × સાથ,
પ્રાતિ પિતાના જેવી, આપની એવી, સદા લેશો સભાળરે,
વિદ્યારથી ભણવામા રાખો ઉલ્લાસ (૪)

૩૩

ગઝલ

સરજેલા પ્રભુજીએ, મનુષ્યો સર્વ સરખા છે,
નથી કોઈ ઉચ્ચ કે નીચા, જીવન તો સર્વ સરખા છે
પ્રભુજીની જનવાડી, તણા ફૂલડા સહુ જીવો,
સુગધીથી ભરેલા સહુ, સમજીએ તો એ સરખા છે
વિષમ આ વિશ્વનો વાયુ, કરે જીવ ક્રોધી ને ઘેલા,
ન મનહર દોષ માનવનો, સમજીએ તો સરખા છે

(મળેલુ)

૩૪

સભાળજો વ્હાલાઓ વચનો દીનના, દીનપણુ છે પરમ દયાનુ પાત્રજો-
મોટા એ અધિકારતમારો માનવી, અધિકારી છો જેના માનવમાત્ર જો-સ૦

(મળેલું)

× વિદ્યાર્થી

૩૫

દોહરા.

શોભે નવ વિદ્યા વિના, હોય રૂપાળો જેહ,
કેસુડા નહિ શોભશે, વાસ વિનાના તેહ ૧
એક એક અક્ષર ભણ્યે, મોટો ગ્રન્થ ભણાય,
ડગલુ ડગલુ ચાલતા, લાબો પથ કપાય ૨
હળી મળીને હેતથી, સપી રહો સદાય,
માનો કહ્યુ માબાપનુ, જેથી બહુ સુખ થાય ૩
શિક્ષાવચન પૃષ્ઠ. ૧

૩૬

થોડે થોડે ભણો.

ભણતા પંડિત નીપજે, લખતા લહિયો થાય;
ચાર ચાર ગાઉ કાપતા, લાબો પથ કપાય ૧
પોપટ પણ અભ્યાસથી, શિખે બોલતા બોલ,
કાયર થઈ આળસ કરે, તે નર ખરને તોલ ૨
કુવા ઉપરના કહણ જે, પાકા કાળા પ્હાણ,
દોરડીએ છેદાય છે, એ લેવુ એધાણ ૩
ક૦ દ૦ ડા૦

૩૭

ભણી વિદ્વાન થવા વિષે.

સવૈયા.

ફરી અવસર નહીં આવે આવો, બાળપણુ જાતુ રહેશે,
ભણ્યા વિના ભવમા ભટકેથી, માનવીમાત્ર મુરખ કહેશે

મોટા થઈ મનમા મુઝાશો, ખારે રહેશો નહીં કાલા,
ભણી ગણી વિદ્વાન બનો ભાઈ, શાને ઠોઠ રહો ઠાલા. ૧
જુવાનીમા જર મેળવ્યુ જેણે, જરા વિષે સુખથી ખાશે,
એમજ બાળપણે ભણિયો તે, પાછળથી સુખીઓ થાશે
સમજી એવુ થવુ સર્વદા, ભણવા કાજે હોસીલા, ભણી૰ ૨
જુવાનીમા જર નવ મેળવ્યુ, તે પાછળથી દુખીઓ થાશે,
એમજ બાળપણે નહિ ભણિયો તે પાછળથી પસ્તાશે.
કપુત નામ કહેવાશો એથી, માતતાતને નહીં વાહાલા, ભણી૰ ૩
ફીર કરે અભ્યાસ સદા તો, આદરથી સૌ જન પાળે,
કાન ધરી કોયલ રવ સુણશે, કાગ રાગથી કટાળે
ગુણને વશ થાશે સઘળાજન, રગ રહે બેઉના કાળા, ભણી૰ ૪
સરસ ફૂલ શીમળનુ ભાસે, શોભા જોતા પદ્મ સમાન,
ગધ હીન ગર્ધવ નવ સુધે, માટે કહુ છુ ગુણને માન.
રાખી ટેક વિવેક ધરીને, ભણો ઠરુ કાલાવાલા, ભણી૰ ૫
કર દીપક લઈ પડે કૂપમા, એથી અવર મુરખ જન કોણ;
બુદ્ધિ ખીલ્યે બોધ ન લાગ્યો, તે નર ખરેખરો ખર જાણ
ટાપટીપમા વખત ગુમાવી, ફરો થઈ શાને લાલા; ભણી૰ ૬
અભ્યાસેથી પશુ પ્રાણી પણ, કેળવાય છે રૂડી રીત;
સરકસ ખેલોને અવલોકો, મદારી મરકટ પણ એ રીત
મે'નત વીણુ તો ફળ નહિ પામો, કરશો નહિ કાંઈ કટાળા, ભણી૰ ૭
સાહિત્ય સંગીત અલકાર વિણ, દિસે શુષ્ક ભાષાના બોલ,
કાવ્યકળાનો સ્વાદ 'ન ચાખ્યો, તે નર તો છે પશુનો તોલ
ભણ્યા વિના નરપશુ સૌ જગમા, ભલે ફરે થઈ રૂપાળા, ભણી૰ ૮
કઈ બાળક નજરે મે નીરખ્યા, ભણતા તે સહુ કટાળે,

નિદ્રાદેવીને આરાધે, આળસ ઉરથી નવ ટાળે
તેને શિક્ષા માટે રચીયા, છંદ નવીન આ ગસવાળા, ભણી૦ ૯
(મળેલુ)

૩૮

જ્ઞાન અને પુસ્તકાલય.

(રાગ ધન્યાશ્રી)

જ્ઞાન વિના હેવાન, મનુષ્ય અરે જ્ઞાન વિના હેવાન,
આંખ છતા નર જાણો અંધો, જો ચિત્તમા અજ્ઞાન મનુષ્ય૦
તિમિર ટળે ઝટ અંતર કેરૂ, જો પામે શુભ જ્ઞાન, મનુષ્ય૦
જ્ઞાન કરાવે ભાન સાચનું, સત્ય વડે જયવાન મનુષ્ય૦
આવે સુબુદ્ધિ જ્ઞાન પ્રતાપે, મળે મોક્ષ નીદાન મનુષ્ય૦
ઈશ્વર દર્શન જ્ઞાન કરાવે, ટાળીને અભિમાન મનુષ્ય૦
જ્ઞાનરૂપી નૌકાથી સહેજ આ, ભવજળ પાર જવાય મનુષ્ય૦
ઉત્તમ રસ્તો જ્ઞાન મળ્યાનો, પુસ્તક આ લેખાય મનુષ્ય૦
વાચો અને વચાવો ભાઈ, પુસ્તક ધરીને ધ્યાન મનુષ્ય૦
સદ્ગ્રંથો વાચ્યાથી બંધુ, મનનો મેલ કપાય મનુષ્ય૦
નીતિને સદ્ગુણની રીતિ, પુસ્તકથીજ પમાય મનુષ્ય૦
ગ્રંથ વાચી સદ્ગુણ સેવ્યાથી, મળે સદા સન્માન મનુષ્ય૦
સ્થાપો સ્થપાવો પુસ્તકશાળા, જે છે ધર્મ નીદાન મનુષ્ય૦

૩૯

વિદ્યારૂપી બગીચો.

(શું નટવર વસત થઈ થઈ નાચી રહ્યો. એ રાગ)

શો વિદ્યાનો બાગ રૂડો ખીલી રહ્યો, ખીલી રહ્યો કવી ખીલાવી રહ્યો—શો૦

(સાખી) અંતર ક્યારામાં ઉગ્યા, કર્તવ્ય-છોડ ગુલજાર
વિજ્ઞાન-ધારા લાવતી, નીતિ અંકુર બહાર
બુદ્ધિ-ગુલાબ બટમોગરો ને માલતી
કીર્તિ-સુવાસ દે તો પ્રસરી રહ્યો, પ્રસરી રહ્યો પ્રસારી રહ્યો—શો૦
(સાખી) શાસ્ત્ર ફુવારો છૂટતો, દે વિધેય ભાન
શુક આદિ શુક પંખીજન, શુભ જશગાન
બેસો જઈ મનન બાંક ભ્રાન્તિ-શ્રમ ખોવા
શ્રદ્ધા બીજ લેજો હાથ શાન્તિ-ફળ જોવા
(સાખી) વિજય સરોવરમાં ભલા ખીલ્યા કૌતક કંજ
વૃત્તિ ભ્રમર ખેંચાય ત્યાં, ઠેલી અડચણ રંજ
ધીરજ છાયામાં વિવેક માળી
કાન પ્રભુ ચરણમાં રમી રહ્યો, રમી રહ્યો રમાડી રહ્યો—ગો વિદ્યાનો૦
(સાખી) શીખામણ કોદાળી લઈ હૃદયભૂમિકા ખેડ
પ્રજ્ઞાઅંકુર ખીલવવા, સરસ જ્ઞાન જળ રેડ
નૌતમ રંગ ધરે દેહ પુષ્પ ખીલશે રે
રાખી સત્સંગ સબંધ, સુખમાં વિલસે રે
વાત્સલ્ય વેગે વીંટીને સુમન સુગંધ ફેલાવ
સાર સાર વિચાર લઈ, મિત્ર ભૂમાં વિચરાવ
સંસારવૃક્ષને સુકૃત્યથી શોભાવવા
"કાન" સુપંથમાં વિચરી રહ્યો, વિચરી રહ્યો વિચરાવી રહ્યો—શો૦

૪૦

દેવ અને મનુષ્યોનો સંવાદ.

દેવતાઓ—દેશવિદેશમાં કેમ જાશો ભણનારા ? (૨)

માત ને તાત તમારા રોકશે (૨)
મનુષ્યો— નહિ, નહિ અમ બાલક ઘરને ખૂણે રહેનારા (૨)
સઘળી પૃથિવીમા આગળ વાધશુ—
વિદ્યા કંઈ કંઈ જાણી લાવશુ
પિતૃ ગુરુ ને દેશ દિપાવશુ ૧
દેવતાઓ—દેશવિદેશમા કેમ જાશો ભણનારા ?
પિતા પરણાવી ઘરમા રાખશે.
મનુષ્યો— ધાર્યું ધાર્યું બ્રહ્મચારી-વ્રતને આ હૈડે (૨)
તેના તેજે સૌ ધાર્યાં સાધશુ વિદ્યા કંઈ૦
દેવતાઓ—દેશવિદેશમા કેમ જાશો ભણનારા ?
સંકટ પરદેશોના શે વેઠશો ?
મનુષ્યો— સંકટના ડુંગર છોને આવી ગભરાવે (૨)
બ્રહ્મચારી બળથી તેને ખાળશુ વિદ્યા ક૦
દેવતાઓ—દેશવિદેશમા કેમ જાશો ભણનારા ?
ભણીને વિદ્યાઓ કરશો શુ તમે ?
મનુષ્યો— આવી અમારી ભૂમિમા વિદ્યા શીખીને (૨)
ઝળહળતી તેને જગ શોભાવશુ વિદ્યા ક૦
દેવતાઓ—દેશવિદેશ જાઓ, જાઓ, ભણનારા (૨)
મનના મનોરથ પૂરા પામજો
ઇચ્છિત વિદ્યાઓ સઘળી સાધજો
પિતૃ ગુરુ ને દેશ દિપાવજો.

(મળેલુ.)

૪૧

બાળાઓને ભણાવવા વિષે.

(હરિભજન વિના, દુઃખ દરિયા સંસારનો પાર ન આવે) એ ટેક
હે માતાપિતા, બાળાઓને ભાવે નિત્ય ભણાવજો.
સુખની સરિતા, ઘરઘર પ્રત્યે રાત્રિદિવસ રેલાવજો —હે માતાપિતા૦
જો બાળાઓ ભાવે ભણશે, વાંચ્છિત સહુ સુખ આવી મળશે,
સંસાર સહજમાં સુધરશે. હે માતાપિતા—૧
આપો સ્નેહે શુભ કેળવણી, નીતિ રીતિની મેળવણી,
સાથે શુભ શિયળ ભેળવણી, હે માતાપિતા—૨
જો વિદ્યાજ્ઞાન બાળા ગ્રહશે, નીજ સંતતિ સારી કેળવશે,
કંકાસ કુસંપ ઘરથી ટળશે. હે માતાપિતા—૩
જે બાળા આજે દેખાતી, વરસો વીતતા માતા થાતી,
તે કેળવતા સુધરે જ્ઞાતિ હે માતાપિતા—૪
શિક્ષણ શુભ સુભદ્રાએ લીધું, ગર્ભમાં નીજ પુત્રને તે દીધું,
અભિમન્યુ એ કાર્ય કેવું કીધું, હે માતાપિતા—૫
કરવા ઇચ્છો જો ઉન્નતિ, દ્યો બાળા પ્રત્યે લક્ષ્ય અતિ,
એ છે "અભિનવ" ની વિનતી હે માતાપિતા—૬

૪૨

"દાસપરે દયા લાવો રે, દયાળુ દેવા"—એ રાગ.

ઉન્નતિ કાર્ય બીજ વાવો રે, સુજ્ઞ બંધુઓ,
ઉન્નતિ કાર્ય બીજ વાવો,
કન્યાવિક્રય મૂળથી ટાળો, બાળલગ્નો શીઘ્ર નિવારો,
બાળાને ભાવે નિત્ય ભણાવો રે—સુજ્ઞ બંધુઓ

ઉદય અલ્પ સમયમા થાશે, અગણિત લાભો શીઘ્ર પમાશે,
ઉન્નતિ પથે પ્રીતે ધાઓ ધાઓ રે--સુજ્ઞ બધુઓ
બાળ બિચારા જ્ઞાન વિનાના, સમય જતા પ્રૌઢા થાવાના
દયા દીલમા તે માટે લાવો લાવો રે--સુજ્ઞ બધુઓ
જ્ઞાનપ્રકાશ અતરમા થાશે, અજ્ઞાનતિમિર ક્ષણમાહિ હણાશે
સ્ત્રી-ઉદ્ધારક થાઓ થાઓ રે--સુજ્ઞ બધુઓ
આર્ય જ્ઞાતિ જે ઉચ્ચ ગણાયે, દીન દીન પડતી થાતી જાયે,
આખ ઉઘાડી જોતા જાઓ જાઓ રે--સુજ્ઞ બધુઓ
ધન માલ પડયા રહી જાશે, હાથે દીધેલુ સાથે થાશે,
અવસર એળે શીદ ગુમાવો આવો રે--સુજ્ઞ બધુઓ
ઐક્ય કરી સહુ સપ સજીને, કાર્ય કરો નીજ સ્વાર્થ તજીને,
અરજી "અભિનવ"ની ઉરમા લાવો લાવો રે--સુજ્ઞ બધુઓ.

૪૩

અઠંગો ગુંથવો.

(ઈશ્વર સ્તુતિ.)

હરિ ભજીએ તો આવે સુખની લ્હેર જો
આ દુર્લભ મનુષ્યાદેહનો લ્હાવો લીજીએ,
ક્યા થકી આવ્યો ને જીવ તારે ક્યા જવુ,
બોલ વિચારી જો ઠરવાનો ઠામ જો — આ દુર્લભ--૧
આ જૂઠા જગત સાથે ઝઘડો નવ કીજીએ,
અતે સાચો બેલી સીતારામ જો — આ દુર્લભ--૨
આ મનુષ્યાદેહ પામ્યો રે મોઘા મૂલની,
કોટી જન્મના પુણ્ય તણો નહિ પાર જો — આ દુર્લભ--૩

આ શીશને સારે રે માગી નહીં મળે,
આ ઘડી તો લાખેણી વહી જાય જો. આ દુર્લભ--૪
આ તન મન ધન જોબન રે રંગ પતંગનું,
આ જોને જોતામાં વણસી જાય જો આ દુર્લભ--૫
અંતરમાં ઓળખી લે આતમરામને,
કહે પ્રીતમ તારૂં આવાગમન મટી જાય જો આ દુર્લભ--૬

૪૪

અઠંગો ઉકેલવો.

સાચી વાત કહુ છુ આજ સુણો સહુ કાને રે,
તે છે હિત કરનાર સદાય ધરોને ધ્યાને રે
રાખી શાંત સ્વભાવ સદાય સરળ થઈ રહેવું રે,
દુઃખકારક વેણ કઠોર ન કોઈને કહેવુ રે
માન અપમાનની વાત ન કદિ ક્યાંય કરવી રે
મન માની સદા સંતોષ પીડા પરહરવી રે,
બળી રીસ કર્યાની ટેવ સદા લોહી બાળે રે,
ક્ષમાવાન ખરી તે હોય તરત તે ટાળે રે
સદાચારનો મારગ રોજ લહી સંચરવુ રે
દુરાચાર થકી કુળવાન દીકરીએ ડરવુ રે
દંભ દેખતા કરવો દૂર સાચે ચિત્ત ચોડી રે,
અદેખાઈથી જે ભરપૂર તેનું મૂલ કોડી રે
સુજ્ઞ લોક હસે નહિ જેમ તેવી રીત સારી રે,
શીખવાને રહો તૈયાર હૃદયમા વિચારી રે

૪૫

સ્વામીના પૂજે પાય, સુંદરી સાચી રે,
ઘર ઘર વિષે અથડાય, ગુણની કાચી રે

સાખે સ્વામીના વેણુ, સુદરી સાચી રે,
પરનરથી જોડે પ્રીત, ગુણુની કાચી રે
સ્વામીના જે ગુણુ ગાય, સુદરી સાચી રે,
જે હલકી વાત જણુાય, ગુણુની કાચી રે
પતિસગે માને સુખ, સુદરી સાચી રે,
વણી જોઈને ધારે દુ ખ, ગુણુની કાચી રે
પાતિ પતિદુ ખમા લેય, સુદરી સાચી રે
દુ ખમા જે બાળે દેહ, ગુણુની કાચી રે,
પતિવ્રતાનો પ્યારો પથ, સુદરી સાચી રે
ગાએ અનીતિના ગ્રથ, ગુણુની કાચી રે,
સ્વામીની કરતી સેવ, સુદરી સાચી રે
ભુવા જતિ તણી એ ટેવ, ગુણુની કાચી રે,

(પ્રે. ક. શાહ તરફથી મળેલુ)

૪૬

રાસડો.

આવો બેની માતૃભૂમિ પૂજવાને કાજ,
ભાગ્તી મદિર માહી લેઈ સર્વ સેવનાનો સાજ,
આવો આવો ગીત રગ રેલીએ રે આજ— આવો૦ ૧

સાખી— ઉપવન કુસુમોથી ખીલ્યુ, સુમન સુરભિ મલકાય,
સ્નિગ્ધ હૃદયનો હર્ષ આ, ઉછળી ઉછળી છલકાય

એ રમા ગૌરી શારદા સોહામણી,
નૂપુર વાદના સૂરે શોભા વધી ઘણી,
આવો બેની ખૂબ રાસ ખેલીએ રે આજ— આવો૦ ૨

સાખી— મીઠા ઝરણ ઝરી ગ્યા, મધુરૂ મધુરૂ સુરગાન,
કોકિલ બુલબુલ રસ ભર્યા, દ્રવે અનુપમ તાન
દેશવાડી આ શી નવ પલ્લવે ભરી,
કુંજકુંજ ધારી પુષ્પ પુંજ પુણ્ય વૃક્ષ વલ્લરી,
આવો એની જનની ગાન ગાઈએ રે આજ— આવો૦ ૩

સાખી— ભાગીરથી ગોદાવરી, બ્રહ્મપુત્રા શુભ તીર,
રમે સિંધુ કાવેરી જ્યા, રમ્ય નર્મદા તીર
ગુર્જરી બંગ સુંદરી ઘણી મળી,
કાશ્મિર દ્રાવીડી મહારાષ્ટ્રી રજપુતાણીઓ વળી,
આવો એની ઐક્ય તાન વાઈએ રે આજ— આવો૦ ૪

સાખી— હિમાલય શીર સમ ઉંચી નીમાઈએ મન આશ,
ભિન્ન અતિ તદપિ રહો, એક ઉર અમ આશ,
લાવો લાવો હૃદયપાત્રમા ભલે ભરી,
મંગળ પ્રીતે અર્ધ્ય ભક્તિ આત્મ સુવાસે ભરી ભરી,
આવો એની માતૃભૂમિ પૂજીએ રે આજ— આવો૦ ૫.

(પ્રે૦ ક૦ શાહ તરફથી મળેલું)

૪૭

શિયળ.

(રાસડો-પુનમ ચાંદની—એ રાગ.)

સખીઓ નિજ નિજ નીતિ ધર્મ સદા સંભાળીએ રે,
પરમ પવિત્ર પતિવ્રતા પટકુળ કરી પરિધાન,[1]
નાસુ સસરા માત પિતાની સેવા સાચવો રે,

ભાવ સહિત ભક્તિથી, નિત ભજીએ ભગવાન
એવા ઉત્તમ ગુણથી ઉભય મુકુળ અજવાળીએ રે એ ટેક

(સાખી) નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ,
પગનગને નવ આપીએ, તાળી હાથોહાથ,
હસવુ રમવુ જમવુ એકાતે નવ બેસવુ રે,
પતિવિણુ પતિના પણુ સન્મિત્રોની સગાથ એવા૦ ૧

(સાખી) નાથ વિના કરવી નહિ, વિનોદ[2] ક્રીડા વાત,
વિશ્વ વિરુદ્ધ નવ વરતવુ, ભલે તાત કે ભ્રાત,
સજની ભ્રષ્ટ થવુ નહિ સુંદરી સદ્આચારથી રે,
નિરલજ નટખટની સોબત તજવી સુજાન એવા૦ ૨

(સાખી) કુષ્ટી[3] કંદ્રપ[4] કુબડો, નિર્ધન નિર્બળ કાય,
મતિ હીન પતિત પતિ મળે, એ સતીને સુરગાય[5]
જોડી પગ અગુઠે દૃષ્ટિ આધુ ઓઢીએ રે,
સુખકર સાચવીએ સૌ સાથે સંપ સદાય એવા૦ ૩

(સાખી) ઉંચે સ્વરે નવ ઉચરવું, મુકીને મરજાદ
કુલીન બ્હેન કરવો નહિ, વડિલથી વિવાદ[6]
ચ ચળ ચાલે ચટક મટક ચતુરા[6] નવ ચાલીએ રે,
શિવ સુત કેશવની શીખામણુ અતર યાદ એવા૦ ૪
(ડાહ્યાભાઈ ધોળશાજી, કેશવલાલ શિવલાલ)

૪૮

વિવેક વિષે રાસડો.

સૌ સાભળો સજન મન એકથી જો,
વર્તીએ વિચારી કર્મને વિવેકથી જો સૌ સાભળો

---

૧ કરી પરિધાન-પહેરીને, ૨ રમત ૩ કોઢવાળો ૪ ખરાબરૂપવાળો, ૫ ઇન્દ્ર જેવો. ૬ તકરાર.

સાર વાત છે વિવેક સંસારમાં જો,
સુગ થાય સર્વ જે થકી વ્યવહારમાં જો, સૌ સાભળો
સાગમાર જ્ઞાન વળી જે થકી જો,
દૃષ્ટબુદ્ધિને અજ્ઞાન ટળે એકથી જો સૌ સાભળો
ન્યાય નીતિને જણાવે જુગતે કરી જો,
સત્યના વિચાર સૂચવે ફરી ફરી જો સૌ સાભળો
વિશ્વમાં વિવેક જે સદા લહે સહી જો,
પરાભવ કદાપિ કોઈથી થશે નહિ જો સૌ સાભળો
નીતિના પંથ વિણ ગુણ એ આવે નહિ જો,
પ્રભુકૃપા થકી વિવેક પામીએ સહી જો સૌ સાભળો
માટે પ્રાર્થના કરો પ્રભુની પ્રીતથી જો,
દીન દાસ થઈ ચાલો રૂડી રીતથી જો સૌ સાભળો.
પ્રભુ રીઝવા તણો ઉપાય એહ છે જો,
મનુષ્યજન્મનું સાફલ્ય ખરે તેહ છે જો સૌ સાભળો
નમીએ દાસ ભગવંત કરી વિનતી જો,
પ્રાર્થના કરી પ્રભુથી માગે સન્મતિ જો સૌ સાભળો

(એક મિત્ર તરફથી મળેલું)

૪૯

નિશાળે આવવા વિષે.

"તમે હરિ હૈયાના હાર છો"—એ રાગ

આવજો આવજો આવજો રે, આજ વહેલા નિશાળે આવજો
બેહેનો મને બોલાવજો રે, આજ વહેલા નિશાળે આવજો ટેક.
જો તમને અવકાશ ન આવે રે, તો કોઈ સાથે કહાવજો રે આજ ૧

---

૧ ચતુર સ્ત્રી

પાટીને ખડીઓ લેખણુ સાથે રે, લખવાનો સામાન લાવજો રે આજ ૨
ડગ ભણાવી મને આંક ગણાવી રે, બારાખડી શિખાવજો રે આજ ૩
ભૂલો પડે કદી ભણતા ગણતા રે, તો મને તરત બતાવજો રે આજ ૪
સારી શિખામણ શિખવીને સજની રે, બહુ હુશિઆર બનાવજો રે આજ ૫
સમજાવતા કદી જો નવ સમજે રે, શિળે સ્વભાવે સમજાવજો રે આજ ૬
હતી ભણેલી સતજુગની સતીઓ રે, એવી મને આબરૂ અપાવજો રે આજ ૭
સારી સુધારી મારા મનની મનસારે, દલના દોષ દળાવજો રે આજ ૮

દલપત કાવ્ય પૃષ્ઠ ૨૧૯

૫૦

બાળકીઓનાં નિત્ય કર્મની ગરબી.

“ મા પાવા તે ગઢથી ઉતર્યાં મા કાળી રે. ”

સુતા ઉઠી શુભ રીતથી, સાહેલી રે,
પરમેશ્વર ભજવા પ્રીતથી, સાહેલી રે, ૧
પછી દાતણુ પાણી થાય છે સાહેલી રે,
જેથી દુરગંધી જાય છે, સાહેલી રે, ૨
નહાવુ નિત્ય નિરમળ નીરથી, સાહેલી રે,
સઘળો જાય મેલ શરીરથી; સાહેલી રે ૩
સંતોષે જમીએ જે મળ્યુ, સાહેલી રે
નહિ ખાઈએ નિત્ય ગળ્યુ ગળ્યુ સાહેલી રે ૪
પટકુળ ઝીણા નહિ પહેરીએ, સાહેલી રે,
ગાવા ન જવુ પરશેરીએ, સાહેલી રે ૫
આભૂષણુ ઝાઝા નહિ ઇચ્છીએ, સાહેલી રે,
સદ્ગુણુની શોભા પ્રીચ્છીએ, સાહેલી રે ૬

નિરલજની સોબત છોડીએ, સાહેલી રે,
વાહાલાથી વૈર ન જોડીએ, સાહેલી રે ૭
સઘળુ સરખુ નહિ લેખીએ, સાહેલી રે,
દલમા ડાંયા થઈ દેખીએ સાહેલી રે ૮

(દલપત કાવ્ય પૃ૪ ૨૧૭)

૫૧

અદબ.

"બહુચર ભલે આવીયા "—એ રાગ.*

સુણો સમજુ સકળ નર નારીઓ,
વધે માણસમા જેમ માપ, અદબ શીખો એટલી
સારી અદબ જો રાખવા શીખશો, થશો ઉત્તમ પંક્તિના આપ અ૦
સારૂ મનુષ્ય આવે ઘેર આપણે, "આવોજી" કહી કરીએ સલામ અ૦
ઊભા થઈને આદરમાન આપીએ, પછી પૂછીએ હોય જે કામ અ૦
કોઈ કારણે પરઘેર જો જાઓ, ઊભા રહેજો જઈ ઘર બહાર અ૦
રજા માગી પછી ઘરમા પેસજો, રહેજો મન દેખો તેટલીવાર અ૦
છાની વાત કરે જ્યા માણસ મળી, વણુ તેડયા ન જઈએ ત્યાય અ૦
વણુ બોલાવ્યા વચમા ન બોલીએ, કડવુ કથન ન કાઢીએ કાય અ૦
વાસો ઉદર ઉઘાડા ન રાખીએ, ઉચે ઘાટે ન કરિયે ઉચ્ચાર, અ૦
છેડો વસ્ત્રનો મુખ આડો રાખીએ, આવે બગાસુ કે ઓડકાર અ૦
સભામા બહુ સંભાળી બેસીએ, જેવો આપણો હોય અધિકાર, અ૦
મોટા જનને ઉઠી માગ આપીએ, નીતિશાસ્ત્રનો એ છે આધાર અ૦
કોઈ ધનના, વિદ્યાના, કે અમલના, અધિકારથી મોટા મનાય, અ૦
તેની માન મરજાદા ન તોડીએ, તોડે જરૂર બેઅદબી જણાય, અ૦

---

*આ રાગ લાબા સ્વરથી ઘોળમા અને ટુંકા સ્વરથી ગરબીમા ગવાય છે

૬૭ મન તો પોને મત આપીએ, અતિઆગ્રહમા નથી સ્વાદ, અ૦
માને નહિ તો ત્યા ચુપ રહી બેસીએ, વડા સાથે ન વદિયે વિવાદ અ૦
કોઈના કરમાથી ચીઠી કે ચોપડી, ખેચી લઈએ ન વાચવા કામ, અ૦
જોતી હોય તો માગીને લીજીએ, આપે તો લઈ કરિયે સલામ અ૦
કોઈને તુકારે કદી ન બોલાવીએ, હોય દીન કે વર કેરો દાસ, અ૦
ઘરમા નાના મોટા સઉ માણસે, એમ કરવો અદબનો અભ્યાસ, અ૦
"ફરમાવો""બીરાજો""ભોજન કરો," એવા અદબના શબ્દ અનેક અ૦
સાગ માણસે તે શીખી રાખવા, વળી શીખવો વચન વિવેક, અ૦
હસીયે નહિ ખડખડતે મૂખે, કોઈ સાથે ન લડીયે લડાઈ, અ૦
કોઈ કડવા વચન કહે ક્રોધથી, સુણી ચુપ રહીએ શરમાઈ, અ૦
મર્મ વચનના બાણુ જે મારવા, કહીયે નાદાન જનનુ તે કામ, અ૦
ક્ષમા રાખે તે તો મોટું માનવી, તેને લોક વખાણે તમામ, અ૦
હોય અદબ તો ઉત્તમ જાતમા હલકી જાતમા અદબ ન હોય, અ૦
જેના ઘરમા અદબ દલપત કહે; સૌથી સુખિયા તો માણુસ સોય, અ૦

(દલપત કાવ્ય. ભાગ ૧ લો પૃષ્ઠ ૨૬૭)

૫૨

શિયળ વિષે.

"અલબેલી રે આ બે માત જોવાને જઈએ"—એ રાગ.

સર્વેથી સરસ ગણાય શોભા શીયળની,
નહિ તો જેમ વ્યર્થ જણાય, નદિયો નિર્જળની—ટેક,
સર્વાંગે શણગાર સજ્યા પણ ન મળે જેને નાક રે,
તો એકે શણગાર ન શોભે, જોઈ જન હશે અથાક, શો૦ ૧
ભાણુનરમા તો ભડકો ઉઠયો, રૂપ વિષે પડી રાખ રે,
સ્નેહ સહિત શીયળ નવ પાળે, લાછન લાગે લાખ શો૦ ૨

ડાપણમા તો દવ લાગ્યો ને ચુલે પડી ચતુરાઈ રે,
જે જનથી શુભ વેલ શિયળની સ્નેહે નહિ સચવાઈ શો૦ ૩

ધર્મ કર્યામા ધુળ પડી, જો કર્મ નઠારૂ કીધ રે
હૃદયે પરમેશ્વર નહિ રીઝે, વદન કયે વિવિધ શો૦ ૪

એક ઉપર મીંડા મૂકે તો, તો દશ દશ ગણુા ગણાય રે,
એક વિનાના મીંડા સર્વે, શુન્યે શુન્ય જણાય શો૦ ૫

શિયળ વૃત્તને એક સમજજો, મીડા સદ્ગુણ માત્ર રે,
શિયળ વિના સદ્ગુણિને પણ સૌ, કહેશે લોક કુપાત્ર, શો૦ ૬

અમૃત જેવા ઉત્તમ ભોજન, પિરસ્યા રૂડી પેર રે,
પણ તે પર સર્પે ગળ નાખી, તો તે સર્વે ઝેર, શો૦ ૭

ધિક ! ધિક ! તેના માતપિતાને,ધિક ! એનો અવતાર રે,
જે સંસાર વિષે જનમીને, શિયળ તજે નરનાર, શો૦ ૮

જીવ વિનાનુ શરીર જેવુ, તાર વિના જ સતાર રે,
શિયળ વિના નરનારી તેવા, સૌ જાણે અસાર શો૦ ૯

જે કોઈને ઘેર જઈને બેસે, જાણે ક્યારે જાય રે ?
વા પછી પણ માનવીઓમા, લપટ જન નિંદાય, શો૦ ૧૦

પરનારી માતા સમ માનો, પરનર પિતા સમાન રે,
તો આ લોક તથા પરલોકે, ભલુ કરે ભગવાન શો૦ ૧૧

સાળો કે સસરો કહેવાથી, તામસ કરે તમામ રે,
નાનો સાળો મોનો સસરો, છે દ્વિજ દલપતરામ, શો૦ ૧૨

દલપત કાવ્ય પૃષ્ટ ૨૮૪

૫૩
શિયળ.

(મામેરૂ મોશા મૂલનુ—એ રાગ)

સુણો સમજુ સકળ નર નારીયો,
મોટો શીયળ તણો મહીમાય, શીયળ પાળો સ્નેહથી,
જે કોઈ શીયળ સારી રીતે સાચવે, સરવે સુફળ મનોરથ થાય, શી૦
સોના રૂપાની શોભા ન સમજીએ, શોભા સરસ શીયળ શણગાર, શી૦
જેવા નકટાને ભૂષણ નાખીઆ એવા શિયળ વિના નરનાર, શી૦
વધે લાજ અધિક હીક લોકમા, પરલોકમા મુક્તિ પમાય શી૦
સુખસપત્તિ શીયળથી સેવીએ, રીઝે જગકરતા જગરાય, શી૦
માટે શીયળ સરવ વિધે સાચવો, તજો કામી હરામીનો સગ શી૦
જરીએ ડરીએ ન મરણનો ડર ધરી, ભારે શીયળ થતા ભગ, શી૦
તજી લાજ બેઅદબી ન બોલીએ, નહીં ડોલીએ મદ છક માય. શી૦
નીચી નજરે સરળ ચિત્તે ચાલીએ, હાસી મશ્કરી કરીએ ન કાય શી૦
ફાટી આખે ફરે જે કોઈ ફાતડા, તેનુ ડાટીએ માટીમા મુખ, શી૦
તજવી તજવી સોબત નિત્ય તેહની, જેણે લજવી જનેતાની કુખ શી૦
ભણવુ ગણવુ તો તેહનુ ધન્ય છે, જેણે કુળને લગાડયો ન ડાઘ, શી૦
ભણી ગણીને જે શીયળ ન સાચવે, એના ભણતરમા ઉડી આગ, શી૦
હૈયાફૂટા બોલે બોલ હામીએ, દેખી ફાસીને નાસીએ દૂર, શી૦
શિક્ષા સુદર દલપતરામની, જાણી કામની શીખો જરૂર, શી૦

દલપત કાવ્ય ભા ૧ લો ૨૯૧

૫૪
ગરબો.

આર્ય સુતા બાળાઓ, પ્રેમે નીતિ ધર્મ વિચારો,
ચાલી તેજ સુપથે, માનિની પહુ માન વધારો,

પૂર્વતણી મહાસતીઓ ફેરી ગયો રૂડી રીત જોને,
એજ નિયમમા ક્રમથીવાધો પ્રીતિ આણી નિત્ય જોને–આ૦
સત્ય સુખનો એ ઓવારો, સ્નાન કરે સુધરે જન્મારો,
જ્ઞાનવારિથી તૃષા નિવારો— —આ૦
(સાખી)–ધારી દીલમા હોસને, કરોને રૂડા કામ
નેક નિષ્ઠાથી ચાલવા, જગમા રાખો હામ
હામ ધરેથી કામ સર્વ સદ્ય સુધરે, કરતા પરોપકાર શુ ડરો આ
(સાખી)–પૂર્વ તણી મહિલા તણા, અદ્ભુત જોઈ જીવન,
તે કૃતિ આજે આદરો સફળ કરો આ તન
અમેરિકાને યુરોપમા પણ એવી રે સ્ત્રીજાતિ કરેછે કામ,
વિચારો ફેરી રે— આ૦
(સાખી)–શિયળવ્રતને પાળવુ, પતિ પરમેશ સમાન,
તન મન અર્પો નાથને, ના ધરો અભિમાન, આ૦

(મળેલુ)

૫૫

ગરબો.

સખી સુણજો સુબોલ યાર સારો, શિયળને સભાળો સંભાળો(૨)
સખી જીવનનો મત્ર મર્માળો, શિયળને, સંભાળો ' સભાળો '
(સાખી)–ઓ રસ તરસ્યા બાળ, રસની રીત ન ભૂલશો,
પ્રભુએ બાધી પાળ, રસસાગરની પૂર્ણથી
સખી દેહના, ડલકી મોહ ટાળો શિયળને, સભાળો ' સભાળો '
સખી કુળકેરી, કીર્તિ ઉજાળો, શિયળને, સભાળો ' સંભાળો '
સખી સીતાને રામના છો બાળો, શિયળને, સંભાળો ' સભાળો '

(મળેલુ)

૫૬

વ્હાલા વિરાજો મારા પ્રાણમા રે લોલ,
પ્રાણના પ્રકાશ છે પ્રફુલ્લ જો,
વ્હાલા વિરાજો મારા પ્રાણમા રે લોલ
આશાનો જડેલ મારો માડવો રે લોલ,
ગુથી સૌભાગ્ય કેરી વેલ્ય જો—વ્હાલો૦
આવો પીયૂષ પાઉં ઉરના રે લોલ,
નેત્ર મહી આજુ રૂડા તેજ જો—વ્હાલા૦
પ્રેમનુ ઘડાવુ રૂડુ પારણું રે લોલ,
શોભાવાના બધાવુ હિંદોળ જો—વ્હાલા (૨) (મળેલુ)

૫૭

ગરબો.

સખી છો આપ સૌ શાણી, વદુ છુ સત્ય હુ વાણી,
પ્રથમ તમ ભાવથી ભણજો, ગુરુ માબાપ સમ ગણજો
કદી કુકાસ નવ કરશો, બુરા કૃત્યથી સદા ડરશો,
પતિના બોલને પાળો, સતીના ચરિત્ર સભાળો,
રતી મન ગર્વ નવ રાખો, ભલા મુખથી વચન ભાખો,
સુધર્મને માર્ગે ચાલો, સદાચરણી થઈ મહાલો
સુઅન્ન લઈ રકને આપો, કપટ છળ ક્રોધને કાપો,
સુનીતિ સત્યથી ચાલે, કરીએ નહિ હાઠ તે હાલો—સખી છો

૫૮

ગરબો.

સદ્ગુણ વિણ સજની, શિખ્યું સર્વ નકામુ,
જેમ લૂણ વીણ સજની, લુખુ ભોજન ભાણું—સદ્ગુણ૦

ભણતરનુ સહીઅર ફળ સદ્ગુણ,
વિનય વિવેકનુ કારણ સદ્ગુણ,
કુમતિ તણું છે મારણ સદ્ગુણ,
ભવજળનુ તારણ છે સદ્ગુણ.
સહીઅર નાવ થવાનુ— સદ્ગુણ૦
ભલે વાચતા લખતા શીખ્યા,
ભલા ભાષણો કરતા શીખ્યા;
ભરત ભભકથી ભરતા શીખ્યા,
વિજય કહે સદ્ગુણ નવ શીખ્યા
ધુળ પર લીપણ સમાણુ— સદ્ગુણ૦
(ખડાયતા મિત્ર)

૫૯

આવો બાળા, આવો સંગ, કહુ એક વાતલડી,
ઉજમાળા, ધરોને ઉમંગ, ઉજાળી જાતલડી,
સંસારની સુંદર વાડીમાં, ડોલી રહ્યા નગવૃંદ રે,
લીલાભરી સન્નારીવેલી, ઝુમી રહી લીલીછમ—કહુ૦
વિદ્યાનો રસ પીતા લ્હાણુ લેવી વ્હાલપની,
રસ સુના જ જાળી જીવડા જીવતરને ગણે તંત રે,
મોહુ થાય મનડું હેતે ભરાય હૈડુ,
વિદ્યા હુલાવી આપે, હુંફ જાણે માવલડી—આવો૦
(મળેલુ)

૬૦

(અઠંગામાં ગાવાનુ ગીત.)

આવો સાહેલી મારી સંગે રમાડુ,
સંગે રમાડુ રૂડા ગીતો ગવરાવુ—આવો૦

ભાવ ગમત છકછોળ થાય રમત રસબોળ (૨)
લોલક કિલ્લોલના રે હૈયે ઝુલાવુ,
હૈયે ઝુલાવુ લીલા લ્હેર રે રેલાવુ—આવો૦
અમર આશ આવો આજુ નવ્યાશને પટાવુ
કલગી સૌભાગ્યની રે, બ્હેના પહેરાવુ
બ્હેના પહેરાવુ વિજય મંગળ મચાવુ—આવો૦

સાખી

લાવણી—ચાંદા સુરજથી સોંપડ્યા રે, મોધેરા માતને,
લીલા લીલુડીને તારલીયાથી મીઠલડા ભગિનીને તાતભ્રાતને
જિંદગીને સંસાર, જાય વ્હેવા નરનાર
વૃત્તિ વિચારની રે, પાંખો પ્રસરાવુ,
પાંખો પ્રસરાવુ સદા સાસરે સજાવુ—આવો૦
બેન નમીએ નેહે, બેન ઉડીયે મેળે,
જીવન સહચારી સંગ રહેવુ ને સહાવુ,
રહેવુ ને સ્હાવુ બેન, સ્નેહમા સમાવુ—આવો૦
(મળેલુ)

૯૧

સીતારામના સન્તાન, પુણ્યભૂમિના સંતાન,
આવો હો રામ નામ ઝીલવા
નીતિરાજ્ય નિપુણતામા રામરાજ્ય શોભતું,
સ્નેહલગ્ન શુદ્ધતામા રામજીવન ઓપતું,
એવા મોઘેરા ગાન, પ્રભુ ગીતપ્રના તાન—આવો૦
માતૃપ્રેમ પિતૃપ્રેમ ભ્રાતૃપ્રેમ દર્શાવા,

પતિપ્રેમ પત્નીપ્રેમ મિત્રપ્રેમ નીરખવા,
રામજીવનમા માન લઈ ભારતી સતાન--આવો૦ ૨
શાન્તિ અનેરી જગે શિયળની ગણાતી,
કાન્તિ રૂડેરી બ્રહ્મચર્યમા જણાતી,
એક વચન એક બાણુ એ રામના સતાન—આવો૦ ૩
પુનિત પગલે ગૃહે ગૃહે સીતા સતી પધારે
પત્નીભક્ત પતિ રામ જીવનમા ઉતારે,
હિંદ સ્વર્ગને સમાન રામ સીતાને ગાન
સહુ ભારની સતાન--આવો૦ ૪

(મળેલુ)

૬૨

પ્રેમ.

પ્રેમ વિશ્વમાહિ વ્યાપ્ત, વિશ્વ પ્રેમમા સમાપ્ત,
પુનિત પ્રેમની પ્રતીતિ જ્યા થાય છે (૨)
વહેતી સરિતા નિનાદ,
મધુર પુષ્પોના વાસ,
લતા પલ્લવમા પ્રેમ શો દેખાય છે પ્રેમ વિશ્વ૦
અણુને અણુ થકી જોડનારો પ્રેમ આતગ હેતુ છે,
રૂપે વિવિધ કાઈ ભાસતો, પણુ એજ એક સ્વયભૂ છે,
માતા, પિતા, બધુ, ભગિની, મિત્રને અર્ધાગના,
રૂપેરી પ્રેમતણી સુકોમળ સાકળીથી ગુથાયલા,
એવા પ્રેમના શા ગાન, એવા પ્રેમના શા માન, (૨)
પરબ્રહ્મતણા સ્થાન એ મનાય છે પ્રેમ વિશ્વ૦

૬૩

કલ્યાણી

(સુંદર શ્યામ ઓ તજી અમને રે—એ રાહ.)

પતિને પ્રભુની તુલ્ય માને,
ઉજ્વલ યશને એ પામે,
ત્રિભુવન વંદ્યા એ પુનિતપાવિની હોજી (પતિને)
બ્રહ્મ, શંકરને વિષ્ણુ, પાય, પડે છે જી, (૨)
જ્યાં જ્યાં કલ્યાણી સંચરે ત્યાં,
માંગલ્યોની શુભ વૃષ્ટિ રે
અમીધારાથી એ સ્થાન ભિંજાવતી હોજી—(પતિને)

(નટવરલાલ બાલુભાઈ શાહ)

૬૪

રાસે રમિયે.

રમિયે રાસે રંગ ઘેલી,
સાહેલડી ' ગમે રમિયે રે '
મન્દિર સુહાવ્યું પ્રેમ સાથિયા રે પૂરી
પ્રેમલ શબ્દોની કરો હેલીઃ
સાહેલડી ' રાસે રમિયે રે '
પ્રભુતાના પગલાથી આંગણાં દિપાવો
દેવ-દેશમાં અવતરેલી
સાહેલડી ' રાસે રમિયે રે '
નીતિ-નિકુંજમાં ને પ્રીતિના પુંજમાં
નૌત્તમ નારી નેહ ઘેલી

સાહેલડી ! રાસે રમિયે રે !

મુખડામા માયા ને ચક્ષુમા ચારૂતા

ભાલમા ઝળકતા ભરેલી

સાહેલડી ! રાસે રમિયે રે !

શોભે સોહામણી સ્વભાવે લજામણી

સુન્દર સકળ દેહવેલી

સાહેલડી ! રાસે રમિયે રે !

આનન્દ ઉલ્લાસમા વિશ્વના વિલાસમા

કૂદડી ફરો અલબેલી

સાહેલડી ! રાસે રમિયે રે !

(લેખક રા ચન્દુલાલ પુરુષોત્તમ મ્હેતા)

૬૫

ગરબો.

(રાગ દેશ)

ઉગ્યો સખી સૃષ્ટિનો શૃંગાર હાર,
ચાલ્ય ચાલ્ય જોવાને ચન્દ્રમા,
જોને પ્રેમઘેલી ભૂમિનો દેદાર,[1]
જોને ડોલે સૃષ્ટિ આનન્દમા,
હારે ડોલે સૃષ્ટિ આનન્દમા

(સાખી) ધન્ય ! ધરા સુન્દરી તને, ચતુર ચન્દ્ર તુજ કાન્ત,
શાન્તિ પાઠ[2] પઢાવતો, સાધીને એકાન્ત
ધરણી પડી પતિને પાય શિક્ષા શિરે ધરે રે,
ગુણિયલ ગોરી પતિ ગુણ ગાય, શાન્તિ ચિત્તે સ્મરે રે

---

૧ દેખાવ ૨ બોધ

ધરોને બ્હેન ' ધરતી માતાનું કહ્યું કાન,
પ્રીતિથી કરો સંસાર સુધારસ પાન
(સાખી) ચંદ્ર સુખે ચોંડાઈને, તારાના મુખ શ્યામ,
સદ્‌ગુણીનું સુખ ભાળીને રમે દુષ્ટના રામ,
સખી ' જેને પતિનું માન,
તેનાં ગંધર્વ ગાયે ગાન,
પામે દેવી સમાન સન્માન,
રમે રમા રસિક લઈ તાન.
ધરણી પડી૦
(સાખી) ધરણીનાર[3] સમ ગૃહિણીઓ[4] એવે સ્વામી પાય,
ચતુરચંદ્રસમ ધણી મળે, જય જય ત્યાં ઉચ્ચરાય
ધરણી પડી૦
(ડાહ્યાભાઈ ધોળશાજી)

૬૬
ગરબો.

પૂનમ ચાંદની ખીલી પૂરી અહીં રે,
શોભે રજની સુંદર શી આજ—હેતે રમીએ સધાતે સહીયર આપણે રે૦
સૈયર કંકણો સોનાના કરે ધર્યા રે,
માંહે જડીઆ છે લીલમ મણિ નંગ—હેતે રમીએ૦
(સાખી) મળીઆ આજે આપણે ધરી સોળ શણગાર,
કર કંકણ ચૂડી ચમક ચંદ્ર તેજ એક તાર,
હીરા રત્નથી જડીત ઉર હાર છે રે,
મોતી ગુચ્છ ને લળકે છે બાજુબંધ—હેતે રમીએ૦

---

૩ પૃથ્વીરૂપી નારી, ૪ સ્રીઓ

(સાખી) અબોડા ફૂલે ભર્યા, શિર સેંથે હિંગુળ,
દીધા કુમકુમ ચાંદલા મુક્તામાળા ઉર
આરસ પારસ મણી જડેલા ચોક છે રે,
તેમાં રમતા નવ ફાટે આ નવરંગ ચીર—હેતે રમીએ૦
(સાખી) પહેર્યાં ઝાંઝર પ્રીતથી, ઝણણ કરે ઝણકાર,
ફૂદીએ સહીઅર ફૂદડી, આ રજની મોઝાર,
સખીઓ વેલીઓ ખીલી છે વિધવિધ ભાતની રે
તેની આવે છે શી સુંદર સુગંધ—હેતે રમીએ૦
(સાખી) ઈશ્વર લીલા નિરખતા ઈશ્વર ઉપર પ્રેમ,
વધ્યો સખી ગંભીર જલ ચંદ્ર દર્શને જેમ,
પૂનમ ચાંદની ખીલી પૂરી અહીં રે,
ગાજે રજની સુંદર શી આજ—હેતે૦

(ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી)

૬૭

પ્રશ્નોત્તર ગરબો.

(તમે શાના માગો છો દાણ રે ગોવાળીયા, શાના આરગડા મેલોને—એ રાગ)

પ્ર—કહો બ્હેની ભણીને તમે શું કરશો ?
ઉ—સારૂં ચલાવીશું ગૃહરાજ્ય
સાહેલી ભણી ગુણીયલ ગુજરાતને દીપાવીએ
પ્ર—ગૃહરાજ્ય શું ખોટું ચાલે છે ?
ઉ—એમાં ઝાઝા સુધારાની ખોટ રે સાહેલી
ગુણીયલ ગુજરાતને દીપાવીએ,
(સાખી) ગ્રંથો નીતિ વિવેકના, ભામીનીથીજ ભણાય,
સર્વ સુખોને સાધવા, એકજ દીસે ઉપાય

પ્ર—કેવા કેવા સુધારા સખી કહો કરશો ?
ઉ—સ્ત્રી સુધારાસમાજ અમે સ્થાપીશુ,
જેથી ગુર્જરી ભૂમિનુ કષ્ટ કાપીશુ,
જ્ઞાન સૂર્ય પ્રકાશી ગ્હે પૂરે રે સાહેલી,
જેથી સંસાર સુધરે જરૂર રે સાહેલી. બહેની
નદીઓ તણા જેવા પૂર છે રે લોલ,
જુવાની તેવી આ જરૂર છે, રે લોલ
સુધરીને દેશને સુધારીએ રે લોલ
ધર્મ નીજ એજ ઉર ધારીએ રે લોલ

પ્ર—પુરુષોથી શુ થાય નહીં સુધારો ?
ઉ—એક હાથે જુઓ ન પડે તાળી,
રથ ચાલે ન ચક્ર એક રે સાહેલી,
જોઈ સર્વ પ્રજાનો વિવેક રે સાહેલી,
શીખે વ્યક્તિ પ્રજાની એકે એક રે સાહેલી,
ગ્હે જેથી ગુજરાત તણો ટેક રે સાહેલી,
ભણી ગુણીયલ ગુજરાત દીપાવીએ

(ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ)

૬૮

ખેલ ખેલો તો ખેલો વિચારી,
આવો સમય ન મેલો વિસારી
માનવ જન્મ વસંત સમય છે, આજ સુઘડ નગનારી,
વીતે વૃથા તો ફરી નહિ આવે, એથી ખરી શી ખુવારી ?
રહે ભવનો ભય ભારી, ખેલ.

નીતિ સરોવર શીતલ જલનું, નાખે મલિનતા નીવારી
ફૂલ અને ફલ રૂપ સુસાધન, અત્યંત આનંદકારી,
નિરંતર અતિગુણકારી, ખેલ
ઉત્તમ અત્તર તેમ અરગજા, ચંદન તો ચિત્ત હારી,
શુદ્ધ સદાચાર સપ સરલતા, તે સુખ સર્વની ભારી,
હૈયે હોય જો હોશિયારી, ખેલ
નારી નિવૃત્તિ કરી પ્રાણ પ્યારી, મોહ મમત્વને મારી;
હરિહરના ચરણે ચિત્ત ચોડો, જેમ હુકમ સરકારી,
કહું કર જોય પ્રસારી, ખેલ
(મળેલું)

૬૯

ગરબો.

રૂડી રૂડી ગુજરાત, અમ ગુણીયલ માત,
સુખદાતા સાક્ષાત તને નમિયે,
મળી સર્વ નાત જાત ભિન્ન ભિન્ન ભલી ભાત
સુખદાતા સાક્ષાત તને નમિયે,
(સાખી) દાંતા, દમણ, દ્વારકા, દોહદની વચમાંહી,
દેવળ તુજ અતિ ઓપતુ, જેવુ દીસે નહી ક્યાંહિ,
કરીયે તે માહિ યશોગાન તુજ માડી,
ભાત ભાતની ગુંથી ભરેલી ફુલવાડી,
જીવન ગળાય તુજ માટ દાડી દાડી,
શોભે શરીરે અમ, તુજ મેવ સાડી,
હિંદુ પારસી જમાત ખ્રીસ્ત ત્યાં અભિન્ન નાત,
સુખદાતા સાક્ષાત તને નમીયે રૂડી રૂડી

(સાખી) પ્રેમ દયા દલમા વસે નરમ દયાળુ નેણ,
નૃસિંહ ગોવરધન સમા વદી ગયા શુભ વેણુ[1]
વિધ વિધ નીતિ ગ્રંથ ગણાય ભણીએ ભાવે રે,
ગીત ગુર્જરી ગીરાના રચાય, ગુણીયલ ગાવે રે,
સ્ત્રી કેળવણી સુખકાર રહે પ્રસારી રે,
સુધરે સુખી થાએ સહુ સૌ, નરનારી રે,

(સાખી) તાતા ગોકળદાસને ત્રીજા સર ચીનુભાઈ,[2]
ચોથા ગુર્જરપુત્રની ક્યારે મળે વધાઈ[2]
કેળવણી પ્રસારીને કુચાલો વિદારી સહુ મસાર
સુધારી ધર્મ દીલ ધરીયે રૂડી રૂડી
ભલે મળે ગુજરાતને કેળવણી ભલી ભાત,
કુચાલ દૂર કર્યા વિના, નહી ઉદય સુપ્રભાત
જનનીને ભૂમિ જન્મ સેવ સુખકારી રે,
સ્ત્રીશાળા સહુ સંસ્થાપવા લાભકારી રે,
(સાખી) સાબ્રમતી મહી નર્મદા તાપી, સહિત તરંગ,
દમણગંગા દક્ષિણે, સરવેના શુભ ગંગ,

---

૧ દ્વિ અર્થ છે—એક અર્થ—હે માતા ! તારા હૃદયમા ને નેત્રમા દયાજ ભરેલી છે એવુ સારૂ ચિત્ર કવિઓએ આપેલું છે અને બીજમા કેટલાક નામાંકિત કવિઓનાં નામ છે —પ્રેમાનંદ, દયારામ, દલપતરામ, નર્મદાશંકર, નૃસિંહ મ્હેતા, નૃસિંહાચાર્યશ્રી અને ગોવર્ધનરામ

૨ મતલબ એમ છે કે—મર્હુમ મી તાતાએ જીઓલોજીકલ સર્વે માટે, શેઠ ગોકળદાસ તેજપાળે હાયર એજ્યુકેશન વગેરે માટે અને સરદાર સર ચીનુભાઈએ ટેકનીકલ કેળવણી માટે સારી રકમો કહાડી પરંતુ તેવી એક મોટી રકમ કેળવણી માટે આપનારની ક્યારે વધાઈ મળે ?

તેના સમાન તુજ ચરણામૃતે અમે—(૨)
ગચી સુધારીયે સમાજ માત આ સમે—(૨)
આ સમે-આ સમે-આ સમે-આ સમે
ફરી ફરી અવતરીયે નહી-ધર્મે વિચરીયે સદા—
તરીયે સલુણી જેથી ભવદરીયે—
રૂડી રૂડી ગુજરાત
(ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ)

૭૦

ઉજાણીનો ગરબો,

વ્હેલી વ્હેલી ચાલો સાહેલી મળીને સૌ રમવા જમવા,
આજે ઉજાણી, સુદર સ્માણી, આનંદે સૌ દુ ખ દમવા—વ્હેલી વ્હેલી૦
શો સુદર બગીચો છે બન્યો આ —(૨)
નન્દનવનથી અધિક ગણ્યો આ—શો સુદર
કતકી માલતી ચ પેલી મોગરો, સુગ ધ ગુલાબમા છે ઘણો—
(૨) શો સુદર
જે આ શહેરના હસની પેરે સાર ગ્રહીને અસાર હણ્યો—
(૨) શો સુદર
(સાખી) રંગે, ઉમ ગે, રમીને જમીને ચાલો ચતુરા સૌ સંગે,
નવા નવા આવા હુન્નર શીખીને લઈએ કેળવણી સારી,
બુદ્ધિ વધે જેથી સુખમા સૌ રહીએ, થાય કીર્તિજ અપારી
જેને પ્રતાપે આવા આન દ પામીએ તેને અચળ કરી સ્થાપો
શ્રીમ ત મહારાજા જ્યોર્જ સાહેબને પ્રભુ સકળ જશ
આપો—શો સુદર
(મળેલુ)

૭૧

નળ દમયંતી.

(ગરબો.)

(કાફી) વટ સાવિત્રી વ્રત મારે કરવુ રે એ રાગ.

જુગટુ રમતા નળરાય આજે હાર્યો છે,
પુષ્કર જેને કલિપક્ષ ને બહુ ફાવ્યો છે,
વરતાવી પુરમા આણ પડો વજડાવ્યો છે,
વન જાવા નળને સદ્ય હુકમ કાઢ્યો છે,
સરવે તજી તે નળ નીકળ્યો વને,
અગે ધર્યુ છે વસ્ત્ર એક જો,
નૈષધનાથ આજ જાય છે વને
દમયતી કાજ કલિ કોપીયો અતિ,
કોઈએ ન આપ્યુ અન્નપાણી જો,
નૈષધનાથ આજ જાય છે વને
નળ દમયતીને વાત જણાવે,
પળવાને પીએર પથ બતાવે,
સુણી દમયતી આવે રે, નળની પાસે આવે
સતી આવી નળની પાસ રડતી વીનવે છે
પતિ ચરણ નમાવી શીષ અરજી ઉચરે છે
મગે સર્વે સમય રાખજે પતિ,
કહુ છુ સુખે દુખે સાચી વાત જો
નૈષધનાથ તજી ના જશો વને
સ્વામીથી વિખુટી કદી નારી ન રહે,
જળથી જુદુ ન રહે મીન જો
નૈષધનાથ તજી ના જશો વને (મળેલુ)

૭૨

સિદ્ધરાજ જયસિંહ અને જસમા ઓડણનો સંવાદ.*

(રાગ—પૂનમચાંદનીનો સાખી વગર ગાવાનો)

ગાજે પાટણપુરમાં ગરવી ગુર્જરનો ધણી રે
સાચો સબળો પેલો સોલંકી સિદ્ધરાજ,
જેની કીર્તિ વ્યાપી રહી છે આ જગમાં વણી રે ગાજે ૧
તેણે લોકો કાજે વાવ કુવા બંધાવીઆ રે,
મોટા માન સરોવર, દેવળ, ધામ વિશાળ,
પોષી સર્વ પ્રજાને શત્રુ સર્વ નમાવીઆ રે ગાજે ૨
તેણે પાટણ પાસે એક સરોવર આદર્યું રે,
ખોદે ખાડા ત્યાં તો માળવી ઓડ અનેક
નાખે ઓડણો માટોડું માથે વહી પણું રે ગાજે ૩
પાળે વડને ડાળે ઝૂલે બાળક પારણે રે,
માટી વહેતાં જસમા ઝૂલાવે નીજ બાળ,
વળતાં મુખડું પેખી જાય કુંવરને વારણે રે ગાજે ૪
સાદે વેશે ફરતા રાજાએ પેખી પરી રે,
જાતે રૂપાળી રંગીલી પરમ ચતુર,
પાસે જઈને રાજા કહે છે, સુણ તું સુંદરી રે, ગાજે ૫

સિદ્ધરાજ—માટી વહેવાને આ કોમળ કાય કરી નથી રે,
પાળે બેસીને તું રીઝવ તારૂં બાળ,

---

* રચનાર સ્વ. બાપાલાલ ભાઈશંકર ભટ્ટ (આસિ. ડે. એજ્યુ. ઇન્સ્પેકટર) જુઓ "સુબોધ ગરબાવળી" આવૃત્તિ ૧, પૃષ્ઠ ૪૪–૪૮

બીજી ઓડણે। છો કામ કરે તારી નતી રે   ગાજે૦ ૬
જસમા કહે છે, "રાજા, કાય કસી ખાવુ ગમે રે,
મુજને બેસી રહેતા વાધે અગે રોગ,
મારા નવરા દહાડા બેડે નવ નીઠે કદી રે "   ગાજે૦ ૭
સિદ્ધરાજ—જસમા, જ ગલમા વસવાને તુ સરજી નથી રે,
મારા નગર તણે। તુ આવીને જો નોક,
પાટણપુરની શોભા તુજને હું શુ કહી કથી રે ગાજે૦ ૮
જસમા —નગરે અધારી શેરી ને ઉંચી મેડીઓ રે,
તેમા માણુસ આડે ચાલ્યાને। નહિ માગ,
જાણે ઉનાળે ઉભરાતી દેખુ કીડીઓ રે   ગાજે૦ ૯
સિદ્ધરાજ—જસમા, માણુસ બહુ પેખીને શુ ઘેલી બને રે,
તારા હલકા મનમા ઉઠે હલકા ઘાટ,
ન રુચે ખાખરની ખિસ્કોલી સાકર સ્વાદને રે   ગાજે૦ ૧૦
જસમા —રાજા, મેલા મન માણુસના મેલા શહેરમા રે,
મેલી ગલીઓમા બહુ મારે છે દુર્ગંધ,
મેલા ઝેર તણા જીવા છો જીવે ઝેરમા રે   ગાજે૦ ૧૧
સિદ્ધરાજ—જસમા, રાજાના દરબારો તે દીઠા નથી રે,
તેમા બાગબગીચે ખીલે ફૂલ ગુલાબ,
જળના હોજ, ફુવારા ઉડે, આવી જો, સતી રે ગાજે૦ ૧૨
જસમા —રાજા, બાગ બગીચા જ ગલ આગળ ધૂળ છે રે,
જેવા સૂરજ આગળ તારાને। ચળકાટ,
મારા જ ગલની મોજે તો મોઘે મૂલ છે રે   ગાજે૦ ૧૩
સિદ્ધરાજ—જસમા, જ ગલની વાતો તુ આજ વિસારજે રે,
મીઠા નરઘા ને સારગી કેરા સૂર,
ગાયન સુણુવાને માટે તુ શહેર પધારજે રે   ગાજે૦ ૧૪

જસમા —રાજા, નવ રીઝું નગધા સારંગી સૂરથી રે,
મેના, મોર, બપૈયે ટેવ્યા છે મુજ કાન,
વાતો કોયલના ટહુકાની તો કહેતી નથી રે   ગાજે૦ ૧૫
સિદ્ધરાજ—ઓડણુ, આવો તો ઊતારૂં મેડી માળીએ રે,
રહેજો મિત્ર સહોદર સર્વ સંબંધી સાથ,
તમને પ્રિયજનો માનીને નિશદિન પાળીએ રે ગાજે૦ ૧૬
જસમા —મારે ઓડણુને ઊતરવા જોઈએ ઝૂંપડી રે,
મેડી માળે મુજને ચઢતા આવે ફેર,
પડતા પગ ભાગે કે કાયા થાશે કૂબડી રે   ગાજે૦ ૧૭
સિદ્ધરાજ—ઓડણુ, આવો તો પીરસાવું મેવા ચૂરમા રે,
ઝૂલે હાથી ઘોડા ગુર્જરપતિને દ્વાર,
તેને પેખીને હરખાશો ઓડણુ ઉરમા રે   ગાજે૦ ૧૮
જસમા —મારે ઓડણુને તો જોઈએ વાળુ ઘેંશના રે,
રાજા, શું છે મારે હય હાથીનું કામ,
દહીં ને દૂધ મઝેના મારે ભૂરી ભેંશના રે   ગાજે૦ ૧૯
સિદ્ધરાજ—ઓડણુ, માગી લ્યોને આછા સાળુ ઓઢણા રે,
હીરા માણેક, મોતી, મોનાના શણગાર,
આવી કાચનવરણી કાયા પર શોભે ઘણા રે   ગાજે૦ ૨૦
જસમા —જાયલ ટકશે, આછા સાળુ તો ફાટી જશે રે,
નાખું ઘાસ ચણોઠી કંઠે હાર,
પહેરૂં ફૂલ તણી માળા તો પરણ્યો રીઝશે રે   ગાજે૦ ૨૧
સિદ્ધરાજ—જસમા, કહે મુજને તું કેવો છે તારો પતિ રે,
તારા જેવી સમજુ નારી જેને ઘેર,
એના જેવો સુખીઓ આ જગમા બીજો નથી રે ગાજે૦ ૨૨

જસમા —પેલો કેડ કસીને કામ કરે મારો પતિ રે,
જેના મોળીડામા મ્હેકે છે બહુ ફૂલ,
એના કોદાળાના ઘાથી ધરતી ગૂજતી રે   ગાજે૦ ૨૩
સિદ્ધરાજ—જોને કામ કરતા ન્યાળે એ તારા ભણી રે,
એના મનમા તારો પૂરો નહિ વિશ્વાસ,
તારી ગુજ ન જાણે જસમા એ તારો ધણી રે ગાજે૦ ૨૪
જસમા —રાજા, સાચાને ભય લેશ નથી સસારમા રે,
મારા વરને મારો સપૂરણ વિશ્વાસ,
હુ તો અન્ય જનોને ભાઈ ગણી રહુ ભારમા રે ગાજે૦ ૨૫
સિદ્ધરાજ—જસમા, રાજા ને રાણાને હુ તાબે કરૂ રે,
મોટા મહારથી પણ નવ આપે સામો બોલ,
તારા આગળ હુ નવ અમલ ચલાવા આદરૂ રે ગાજે૦ ૨૬
જસમા —રાજા, કાયા ને માયા પર બળ નૃપનુ વસ્યુ રે,
પ્રભુએ જીવ ધર્યો છે જૂદો કાયા માહ્ય,
મારે ભૂપ તણુ પણ તે પર નવ ચાલે કશુ રે ગાજે૦ ૨૭
સિદ્ધરાજ—જસમા, દઢતા તારી દેખી વિસ્મય થાય છે રે,
આવા દપતીને પણ આખર હોય વિયોગ,
મિથ્યા આ જગના સુખ માટે મન મુઝાય છે રે ગાજે૦ ૨૮
જસમા —રાજા, કોઈ ન જાણે, "કાલે મારૂ શુ થશે રે,"
એવી અલ્પ જિંદગી માણે સૌ આ લોક,
રૂડી રહેણી સુખ પરલોકે પૂરણ આપશે રે   ગાજે૦ ૨૯
સિદ્ધરાજ—જસમા, પહેલુ કે આ બીજુ પરણુત તાહરૂ રે,
ઓડણ, કેવો તારો સ્વામી પ્રત્યે પ્રેમ,
મારા મહેલ તણુ સુખ ઝૂપડીએ આવી દયું રે ગાજે૦ ૩૦

જસમા —રાજા, આ લોકે પરલોકે મારે એ પતિ રે,
પ્રીતે પરણ્યા માટે છોડુ મારા પ્રાણ,
એના શત્રુનુ હુ મુખ કદી જોતી નથી રે   ગાજે૦ ૩૧
એવુ કહીને જસમા ટોપલી લઈ પાછી ફરી રે
ગયે લીધો વળતી પાટણ કેરો પથ,
થઈ છે જસમાના પતિવ્રતની જેને ખાતરી રે ૩૨

સ્વ બાપાલાલ ભાઇશિકર ભટ્ટે આ ગરબી રચી એક પવિત્ર ઉજ્જવળ જીવન રસિક રીતે ગુર્જર સન્નારીઓ સમક્ષ રજુ કર્યુ છે સ્વ બાપાલાલની "સુબોધ ગરબાવળી" ગુજરાતી ભાઈ–બહેનોએ વાચી વિચારી લેવી જોઈએ એમા કશો સદેહ નથી

ગુજરાતની પ્રાચીન રાજધાની અણહીલપુર પાટણમા મહાબળવાન સિદ્ધરાજ જયસિંહ (સધરા જેસગ) નામે પ્રતાપી રાજા થઈ ગયો એ સહુને વિદિત છે એ સમર્થ રાજાનુ અવસાન ઇ સ ૧૧૪૩ મા થયુ હતુ, એટલે આપણી વાર્તા લગભગ ૮૦૦ વરસ જેટલી જૂની છે એટલા વર્ષ ઉપર એક ગામડિયણ, પણ સતીત્વના સામર્થ્યથી રાજા કરતા પણ વધારે સમર્થ સ્ત્રીએ એક રાજાની સત્તાને કેવી હફાવી તેનો કરુણ, હૃદયભેદક ચિતાર આ કથામા આલેખાયો છે

૧—"જય જય ગરવી ગુજરાત" એ નર્મદના પ્રસિદ્ધ કાવ્યમાથી "ગરવી" શબ્દ અત્રે ઉપાડી લીધો છે સોલકી વશનો મહાસમર્થ રાજા સિદ્ધરાજ ગરવી ગુજરાતની રાજધાની અણહીલપુર પાટણમા સિહની પેઠે ગાજી રહ્યો છે, અર્થાત્ પોતાના તેજોબળથી સમર્થ રીતે રાજ્ય કરી રહ્યો છે.

[સાચો સબળો = મહાબળવાન, મહાસમર્થ સતી રાણક-દેવી અને સતી જસમાના સતીત્વ પર લંપટ પશુની પેઠે તરાપ માર-નાર રાજાને સાચો (એટલે સત્યશીલ) કહેવાનો આશય હોઈ શકે જ નહિ, માટે 'સાચો સબળો' એમ સામટુ ઘટાવી લીધુ છે]

૨—આ મહાપરાક્રમી રાજાએ લોકોના કલ્યાણને સારૂ વાવ, કુવા, સરોવર, મંદિર, ધર્મશાળા વગેરે ઠેકઠેકાણે બંધાવ્યા હતા પોતાના સામર્થ્યથી ગુજરાતનું રાજ્ય ચારે બાજુએ વધાર્યું હતું, અને માળવાના યશોવર્માને, સોરઠના રાખેંગારને, બર્બર જાતના મ્લેચ્છ સરદારને, બુંદેલખંડના મદનવર્માને હરાવી નમાવ્યા હતા

૩—પાટણપુરની પાસે સહસ્ત્રલિંગ નામનું એક મોટુ માન સરોવર ખોદાવવાની રાજાએ યોજના કરી હતી એ સરોવર ખોદવાના ઉદ્યમને અર્થે માળવાના અનેક ઓડ લોકો પોતાના બૈરાછોકરા લઈ ત્યા આવી વસ્યા હતા પુરુષો ખોદવાનું કામ કરતા અને તેમની સ્ત્રીઓ (ઓડણો) ખોદેલી માટી ટોપલામા ભરી દૂર નાખી આવવાનુ કામ કરતી

૪—આ મહેનતુ નિર્દોષ મજુરિઆત લોકોમા એક જસમા નામની ઓડણ બાઈ હતી, તે પોતાના છોકરાને તળાવની પાળ પર આવેલા એક વડની ડાળીએ ઝોળીમા સુવાડી પોતે મજુરી કરતી હતી આ મજુર બાઈનો પોતાના પુત્ર પ્રત્યે કેટલો બધો પ્રેમ હતો ! "માટી વહેતા જસમા ઝૂલાવે નિજ બાળ, વળતા મુખડુ પેખા જાય કુવરને વારણે રે " ઝોળીમા સુવાડેલા બાળકને હિંચોળતી જાય અને માટીની ટોપલી માથે લઈ મજુરી કરતી જાય, વળી માટી નાખી આવ્યા પછી ઝોળીમા ડોકિયુ કરી બાળકનુ વ્હાલસોયુ મુખ જોઈ રાજી રાજી થતી જાય અહા, કેવો માતાનો પ્રેમ !

૫—સુંદરતાને શણગારની જરૂર હોતી નથી સાદે વેશે ફરતા એ જસમા સુંદરી દુર્ભાગ્યે રાજાની દૃષ્ટિએ પડી જોતા વાત રાજા સમજ્યો કે આ મનોહર રસિક ચતુરસુજાણ સુન્દરી છે, પરંતુ એ સૌન્દર્યનુ પૂજન કરવાને બદલે રાજાને તેનો ઉપભોગ કરવાનુ મન થયુ **સૌન્દર્યનુ પૂજન એ પ્રભુનુ પૂજન છે; સૌન્દર્યનો ઉપભોગ એ વાસનારૂપી પિશાચનુ પૂજન છે.** અરેરે ! આ વાત આપણે માનવી જનો કેટલી બધી વાર વીસરી જઈએ છીએ !

પછી રાજા અને જસમા વચ્ચે ચાલેલી વાતચીત એક રસમય સવાદના રૂપમા કવિએ વર્ણવી છે તે નીચે પ્રમાણે છે—

સિદ્ધરાજ—હે સુન્દરી, જરા મ્હારી વાત સાભળ આ તારી કોમળ કાયા આવી મજુરી કરવા માટે સરજી નથી, તુ તારી મેળે તળાવની પાળે બેસી તારા બાળકને રમાડયા કર તારી વતીનુ કામ બીજી ઓડણો કરશે, અને તને મજુરીના પૈસા એમને એમ મળશે ૬

(તુ તારૂ છોકરૂ રમાડ, તને પૈસા વગર કામ કર્યે અપાવીશ આ લાલચરૂપી પહેલુ બાણ રાજાએ છોડયુ આપણી સામાન્ય મજુરણો આવી લાલચને વશ થાય છે એ અનુભવીઓ જાણે છે)

જસમા—હે રાજા, શરીરે પરસેવો વળે ત્યારે જ મ્હને તો ખાવાનુ ભાવે, બેસી રહું તો શરીરમા અનેક પ્રકારના રોગ ઘર કરે અને બેઠે બેઠે આળસમા મ્હારા દિવસ પણ જાય નહિ ૭

(આપણી ઉચ્ચ કોમની વિલાસી, અને તેથીજ રોગગ્રસ્ત, સ્ત્રીઓને આમાથી કેટલુ બધુ શીખવાનુ મળે છે !)

સિદ્ધરાજ—જસમા, તારા જેવી સુકુમાર નારીને જગલમા રહેવાનુ હોય જ નહિ, માટે તુ મ્હારા શહેરમા આવજે અને તેની

શોભા નીરખજે મ્હારૂં રાજનગર બહુ રળિયામણું છે, તેની સુન્દરતા વર્ણવી જાય તેમ નથી ૮

જસમા—રાજા, નગરમા તે બીજુ શુ હોય ? સાકડી અધારી શેરીઓ અને ઉંચી ઉંચી મેડીઓ રસ્તા ઉપર આવજા કરતા અસખ્ય માણસોની ભીડને લીધે ચાલવાનો મારગ પણ મળે નહિ ઉન્હાળામા કીડીઓનો રાફડો ફાટે અને ઠેર ઠેર અગણિત કીડીઓ ઉભરાય, તેમ નગરમા માણસોનુ સમજવુ ૯ (આ વાત કેટલી સાચી છે તે અમદાવાદ જેવા શહેરમા વસનાર પ્રત્યેક જણ અનુભવે છે માણેકચોકમા કે રીચીરોડ ઉપર ચાલતા કેટલી મુશ્કેલી પડે છે તે ચાલનાર જાણે છે)

સિદ્ધરાજ—જસમા, તું હલકી કોમની છે માટે જ તને આવા હલકા વિચાર આવે છે નગરમા માણસો બહુ હોય તેમા શુ થઈ ગયુ ? નગરના ભોગવિલાસ તારા જેવી ગામડિયણ શુ સમજી શકે ? ૧૦

જસમા—હે રાજા, ગદા શહેરમા રહેનાર માણસોના મન પણ ગદા જ હોય, શહેરીઓના ચિત્ત મલિન વિચારથી ભરેલા જ હોય છે શહેરની ગદી શેરીઓમા દુર્ગંધવાળી જ હવા હોય છે, માટે મ્હારે તો તારા શહેરમા નથી આવવુ વિષના કીડા વિષમા ભલે રહેતા ૧૧

સિદ્ધરાજ—જસમા, તે રાજમહેલ જોયા નથી તેથી જ તું આમ બોલે છે અમારા દરબારગઢમા તો કેવા સરસ બાગબગીચા છે, અને તેમા કેવા સુગન્ધીદાર ગુલાબના ફૂલ મહેકી રહ્યા છે પાણીના હોજ ભરેલા છે, તેમ રમણીય ફુવારા ઉડી રહ્યા છે તે બધુ, હે સતી જરા આવીને જો તો ખરી ૧૨

જસમા—હે રાજા, તારા બાગબગીચા ખુલ્લા વન આગળ કંઈ હિસાબમા નથી સૂરજના તેજ આગળ તારાનુ તેજ જેમ ફીકુ પડે છે,

તેમ તારા બગીચાના મોજશોખ મ્હારા વનના આનન્દ આગળ મોળા પડે છે મ્હારા કુદરતના વૈભવનુ તારાથી મૂલ અકાય તેમ નથી ૧૩

સિદ્ધરાજ—જસમા, તારા વનના આનન્દની વાતો જવા દે મ્હારા શહેરમા આવી તું નરઘા સારગીનો મધુર સુર સુણી ખુશ ખુશ થઈ જઈશ. ૧૪

જસમા--રાજા, તારા નરઘા સારગીથી મ્હને આનન્દ નહિ મળે, કેમકે મ્હારા કાન તો મેના, મોર, બપૈયા અને કોયલના મધુર ટહુકા સાભળવાને ટેવાયા છે, પખીઓના વન્યકિલકિલાટ જેણે સાભ-ળ્યા છે તેને તારા તબલા સારગી શુ રીઝવવાના છે ? ૧૫

(ગામડામા ફરતા મોર અને કોયલના સુર સાભળવાનુ ખૂબ મળે છે, એ વાત અત્રે અનુભવપૂર્વક નોધુ છુ)

સિદ્ધરાજ--હે ઓડણ, મ્હારે મહેલ આવશો તો તમને ઉતરવાને મેડી આપીશ વળી તમારા સગા-વહાલા સહિત તમને રહે-વાની ગોઠવણ કરી આપીશ, કેમકે તમે તો હવે અમારા સબન્ધી થયા તેથી તમને અમારે પાળવા જ જોઈએ ૧૬ (આ પ્રમાણે બીજી લાલચ જસમાના મ્હો આગળ રાજા ધરે છે)

જસમા—રાજા, મ્હારા જેવી મજુરણને તો ઝુપડી જ ઠીક છે, મેડી અને માળ અમારે કામના નહિ ઉપર ચઢતા ચક્કર આવે ને પડીએ, તો કાયા કદ્રૂપી બને ૧૭

સિદ્ધરાજ--હે ઓડણ, મ્હારે નગરે આવશો તો તમને જમ-વામા ચૂરમા અને ફળફળાદિ મળશે ગુજરાતના રાજાને દરબારે હાથીઘોડા ઝૂલે છે તે જોઈને તમારે હૈયે હરખ માશે નહિ ૧૮

જસમા—હે રાજા, મ્હારે તારા હાથીઘોડાનુ શુ કામ છે ? મ્હારા જેવી ઓડણને તો જમવામા ઘેંશ જોઈએ, અને મ્હારી ભગરી ભેંસના દૂધ દહીં તારા મેવા ચૂરમા કરતા વધારે મીઠા લાગે છે. ૧૯

સિદ્ધરાજ—હે ઓઢણુ, લૂગડા ઘરેણા પણ તમે માગશો તે મળશે, આછા આછા સાળુ, ઓઢણા, હીરા માણેક મોતી અને સોનાના દાગીના-જે માગશો તે મળશે આવા સુવર્ણરંગી મનોહર દેહ પર એ બધુ તમને ખૂબ શોભશે ૨૦

(આ બહુ જબરૂ પ્રલોભન સિદ્ધરાજે ધર્યું વસ્ત્રાલંકારથી સ્ત્રીઓ રીઝે છે અને ઘડીભર ભાન ભૂલી જાય છે એ સામાન્ય અનુભવ છે *મનુ મહારાજે પણ સ્ત્રીઓને સારૂ સારૂ ખાવાનુ, ફક્કડ કપડા અને નરસ અલંકારથી (**भूषणाच्छादनाशनै**) સંતુષ્ટ કરવાનુ કહ્યુ છે આનુ નામ સ્ત્રીઓની પૂજા ')

જસમા—રાજા, આછા સાળુ વહેલા ફાટી જાય, માટે હુ તો મ્હારા જાડા છાયલ જ પહેરીશ રાતી ચણોઠી ઘાસે ગારી તેનો હાર ગળામા નાખીશ અને ફૂલની માળા પહેરીશ, એટલે મ્હારા પતિદેવ મ્હારા પર ખૂબ રીઝશે ૨૧ (જસમાની આ *સાદાઈને કોણ નહિ પૂજે ?)

સિદ્ધરાજ—(જસમાએ પતિની વાત કહાડી, એટલે રાજાને તરત આવી સતીના પતિની સ્વાભાવિક ઈર્ષ્યા થઈ)

હે જસમા, તારો પતિ કેવો છે તે મ્હને જરા કહે તો ખરી ખરેખર, તારા જેવી શાણી સ્ત્રી જેને મળી છે તે આ દુનિયામા ખરો સુખી છે મ્હારૂ સુખ એના આગળ મ્હને ઊણુ લાગે છે ૨૨

જસમા—હે રાજા, મ્હારા પતિ જોવા હોય તો જો પેલા રહ્યા તારા તળાવમા કમ્મર કસીને ખોદી રહ્યા છે એ શરીરે એવા મજબૂત છે કે એમના કોદાળાના ઘાથી ધરતી ધ્રૂજી રહી છે વળી એ કેવા રસિક છે, એમના ફેટામા ફૂલ ખોસેલા છે, તે મઘમઘી રહ્યા છે ૨૩

---

* **तस्मादेता' सदा पूज्या भूषणाच्छादनाशनै ॥ मनुस्मृति ॥**

(હવે રાજાએ એ એક તીક્ષ્ણ અસહ્ય વાગ્બાણ છોડ્યું પતિ-પત્ની વચ્ચે વિરોધ કરાવવા માટે પત્નીને કહે છે, કે તારા પતિને તારો અણવિશ્વાસ છે સ્વાભાવિક રીતેજ સ્ત્રીથી આ વાત સહન થઈ શકતી નથી તેથી આ યુક્તિ સફળ થાય તો જસમા મળે એમ રાજાએ ધાર્યું)

સિદ્ધરાજ—જસમા, જોને જમીન ખોદતા ખોદતા તારો પતિ તારા તરફ નજર રાખે છે, કેમકે એને તારો અણવિશ્વાસ છે તારા જેવી સતી સ્ત્રીની કદર એ મજુર શુ કરી શકવાનો હતો? ૨૪

જસમા—હે રાજા, મ્હારા ધણીને મ્હારો પૂરેપૂરો વિશ્વાસ છે. એમને મ્હારો અણવિશ્વાસ હોય જ નહિ, કારણ કે સસારમા સાચને આચ આવતી નથી મ્હને કોઈની જગાએ બ્હીક લાગતી નથી હુ પરપુરુષને ભાઈ સમાન ગણી મ્હારી આબરૂ સાચવી રહી છુ, ૨૫

(આ સાભળી રાજા ઠંડોગાર થઈ ગયો)

" સાદા તોપણ ધોઈ ધોઈ ને ઉજ્જ્વળ વસ્ત્રો ધરીએજ,
કાયાને જન ઝાંખે એવાં ઝીણા પટ પરહરીએ,
શાણા થઈ એજ "

વળી —

" વય સપત્તિ પ્રસગ પ્રમાણે માદા થઈને ધરીએજ "

સિદ્ધરાજ—જસમા, મ્હોટા મ્હોટા રાજા મહારાજાઓને મ્હે તાબે કર્યા, પણ તારા ઉપર મ્હારૂ સામર્થ્ય ચલાવવાની મ્હારી હિમત ચાલતી નથી કોઈ મ્હારો બોલ ઉથાપે નહિ, પણ તુ તો તડ ને ફડ સ્હામો જવાબ દઈ રહી છે ૨૬

• સરખાવો—

જસમા–(જસમાનો આ ઉત્તર આખી ગરબીમા અદ્વિતીય છે)

હે રાજા, તારા જેવો રાજા કોપે તો કાયા અને માયા એને નષ્ટ કરી શકે, ધન દોલત લૂટી લે અથવા દેહને કારાગૃહમા પૂરે, પરતુ પ્રભુએ દેહથી પર એવુ આત્મતત્ત્વ સરજ્યુ છે, તેના ઉપર પ્રબળ રાજાનુ પણ કશુ જોર ચાલી શકતુ નથી ૨૭

‘ ભારે ભૂપતણુ પણ તે પર નવ ચાલે કશુ રે ”

સિદ્ધરાજ—હે જસમા, આટઆટલી લાલચોથી પણ તુ ડગની નથી ખરે, તારી દૃઢતા જોઈ મ્હને અચબો થાય છે તારા જેના અસારી જોડાને પણ આખરે વિખૂટા પડવાનુ ! સાચેજ, મનુષ્યનુ મન સસારની માયાના મિથ્યા સુખમા લપટાઈ ફોગટ દુખ પામે છે ૨૮

જસમા—હે રાજા, સ્હવારે શુ થશે તેની કોઇને ખબર નથી, એવુ આપણુ સહુનુ આયુષ્ય ક્ષણિક છે, છતા લોકો મોહમાથી છૂટી શકતા નથી પરલોકે સુખ—અને એ જ ખરૂ સુખ છે–મેળવવા માટે આ લોકમા કરેલા રૂડા કામ જ કામ આવશે ૨૯

“ રૂડી રહેણી સુખ પરલોકે પૂરણ આપશે રે. ”

સિદ્ધરાજ—જસમા, આ તારો પતિ તારો પહેલી વારનો ધણી કે બીજી વારનો ? હે ઓડણ, તારી પતિભક્તિ જોઈ હુ ચકિત થાઉં છુ તારી ઝુપડીમા જે દાંપત્યસુખ હુ જોઉં છુ તે મ્હારા મહેલમા પણ મ્હને જણાતું નથી ૩૦

“ ઓડણ, કેવો તારો સ્વામી પ્રત્યે પ્રેમ,
મારા મહેલ તણુ સુખ ઝુપડીએ આવી ર્હ્યું રે ”

---

* “ પત્થરની દિવાલો આત્માને કેદ કરી શકતી નથી, લોઢાના સળિયા જીવને પાજરામા પૂરી શકતા નથી, નિર્દોષ અને શાન્ત ચિત્તવાળા આત્માઓ કારાગૃહને આશ્રમ માને છે ”–એક અગ્રેજી કાવ્ય.

જસમા—હે રાજા, મ્હારે આ ભવમા તેમજ બીજા ભવમા એ જ સ્વામી છે સતી સ્ત્રીને એકજ ધણી હોય એ મ્હારા પતિને કાજે મ્હારે પ્રાણ આપવા પડે તોપણ હુ તૈયાર છુ અને જે પુરુષ એમને અન્યાય કરવા ઇચ્છતો હોય, તેવાનું તો હુ મ્હો સરખુ જોવા માગુ નથી ૩૧

સિદ્ધરાજ—ઉપર પ્રમાણે રાજાનુ હૃદય વીંધી નાખે એવો કઠોર ઉત્તર આપીને જસમા માટીની ટોપલી લઈ પોતાની મજુરી કરવા મંડી પડી અને સિદ્ધરાજ જયસિંહે પણ પોતાના નગરનો પંથ લીધો, કેમકે એને ખાતરી થઈ ચૂકી હતી કે મજુરણ જસમા મહાસતી સ્ત્રી છે અને તે પોતાનુ પાતિવ્રત્ય કદી ભંગ થવા દેનારી નથી ૩૨

અત્રે દિલદીરી સાથે લખવુ પડે છે, કે સ્વ. બાપાલાલે આ રસીલી ગરબીનો જે રીતે અંત આણ્યો છે તે ઐતિહાસિક નથી તેમજ વાજબી પણ નથી સિદ્ધરાજ જયસિંહ મહાસમર્થ રાજા હતો તે વાત નિઃસંદેહ છે પરંતુ એમા પણ સંદેહ નથી કે તે વિષયી, વ્યભિચારી, લંપટ અને પાપી હતો રાણકદેવીના બે કુમળા બાળકોનો તલવારને ઝપાટે વધ કરનાર નરાધમ સુન્દરી જસમાને એમ ને એમ જવા દે એ કોણ માને ? ફાર્બસ સાહેબે સંગૃહીત રાસમાળા (ગ્રન્થ ૧ પૃ ૧૬૧) પરથી જણાય છે, કે બિચારા ઓડ લોકો રાતોરાત રહીકના માર્યા પાટણથી ન્હાસી ગયા જસમા અને તેનો પતિ પણ તે ટોળામા જ હતા દુરાચારી રાજાને ખબર પડતા પોતે ઘોડેસવાર થઈ થોડા માણસો લઈ તેમની પુઠળ પડ્યો, તેમને પકડી પાડ્યા, અને ઘણા ઓડને ઝપાઝપીમા કાપી નાખ્યા જસમાનો ધણી પણ

મરાયો પણ સતી હારી નહિ, તે તો જીતી ગઈ* એક કટાર લઈ તેણે પાપીના દેખતાજ પોતાના પેટમા ખોસી દીધી અને સ્વર્ગે સિ· ધાવી વિષયાસક્ત પુરુષ વ્હીલો કપાળે હાથ મૂકતો પાછો ફર્યો આમા જ આખી ગરબીનું રહસ્ય રહેલુ છે, તે કેમ ફેરવી નખાય ? સતી જસમાએ વળી એક વાર ઇતિહાસમા સિદ્ધ કરી દીધુ કે—

" રાજા, કાયા ને માયા પર બળ નૃપનુ વસ્યુ રે,
પ્રભુએ જીવ ધર્યો છે જુદો કાયા માંહ્ય;
ભારે ભૂપ તણુ પણ તે પર નવ ચાલે કશુ રે "

સિદ્ધરાજનુ સહસ્ત્રલિંગ તળાવ તો ક્યારે લુપ્ત થઈ ગયુ, પણ સતી જસમાની દેરડી સતીત્વનો અખડ પ્રકાશ ફેલાવવાને હજી પાટણમા કાયમ છે.

અમદાવાદ
ઋકૃશ્રાવણી, ૧૯૭૭ } સાકરલાલ અમૃતલાલ દવે.

૭૩

રા'ખેંગાર અને રાણકદેવી.

ગરબી.

ખડો ચતુર પેલો ટોપીવાળો—એ રાગ

જુનાગઢનો જાદવરાજા, રાખેગાર સવાયો રે,
મૃગયા કરતા મૃગની પાછળ, ધનુષ ચઢાવી ધાયો રે જુનાગઢ ૧
મઝેવડીની સીમા પાસે, મૃગ દોડીને આવ્યો રે,
પનઘટ પર જળ ભરતા રૂડી, રાણકને મન ભાવ્યો રે જુનાગઢ ૨
કોમળ બાળા કર પ્રસારી, કહે મૃગને નવ મારે રે,
કહોજી હરણુ બિચારે કીધો, શો અપરાધ તમારો રે ? જુનાગઢ. ૩

---

* " ધર્માચરણુ કરતા કદીએ કષ્ટ પડે તો સહીએજી. "

નૉંવ તમારૂ ભાલોડુ, બહુ નાજુક મૃગની કાયા રે,
કઠણ કરીને કાળજડુ, રણધીર તમે શુ ધાયા રે   જુનાગઢ ૪
વચન સુણી અબળાના બળીઓ, રાજા પડીઓ ઝાખો રે,
ચકીત થઈ ચતુરાને જોતા, તીર ઉતારી નાખ્યો રે   જુનાગઢ ૫
સાદો વેશ ધર્યો છે અગે, પ્રભુતા કોઈ ન પ્રીછે રે,
ચતુર ફરે છે ચર્ચા જોતો, અકળીત રહેવા ઇચ્છે રે   જુનાગઢ ૬
ધનુષ ઉતારી ધીરજ ધારી, રાણક રૂપ નિહાળે રે,
રાણી સાદા વસ્ત્ર ધરીને, બેઠુ જ્યા અજવાળે રે   જુનાગઢ ૭
જુનાપુના વસ્ત્ર વિષે છે, કાચનવરણી કાયા રે,
વાદળમાથી વીજ ઝબુકે, મુખડુ જાણે માયા રે   જુનાગઢ ૮
રાજા રૂપ અલૌકિક પેખી, મધુર વચન ત્યા ભાખે રે,
સુદર બાળા શા કારણથી, મુજને વારી રાખે રે   જુનાગઢ ૯
રજપુતોની રમત ગમતમા, મૃગયા પ્રભુએ મૂકી રે,
ક્ષત્રી કર્મ કરતા ખાળે, ચતુર બની શુ ચૂકી રે   જુનાગઢ ૧૦
રાણક વળતી એમ વદે હુ, જાણુ ધર્મ તમારો રે,
તોપણ હિસા ત્યાગ પ્રભુને, પરમ ધરમને પ્યારો રે   જુનાગઢ ૧૧
ભૂખ તરસ ભય સરખે સરખા, મૃગને મનુષ્ય પ્રમાણે રે,
સ્વાર્થ આગળ ન્યાય પ્રભુનો, કોઈ ન ઉરમા આણે રે. જુનાગઢ ૧૨
તાત ગયા પરલોક હવે તો, વખત વિચારી ચાલો રે,
મૃગયા મૂકીને મહારાજા, સોરઠને સભાળો રે   જુનાગઢ ૧૩
દૈયતજનની દાદ સુણીને, ન્યાય બધાને આપો રે,
ખૂની ચોર ચકાર હણીને, કષ્ટ પ્રજાના કાપો રે   જુનાગઢ ૧૪
મરણ સમયના વચન પિતાના, પ્રીત ધરીને પાળો રે,
ધનુષ બાણ ત્યા છે ધરવાના, મૃગલાને શુ મારો રે   જુનાગઢ ૧૫

મર્મ વચન રાણકના સુણીને, રાજા બહુ હરખાયો રે,
ઉમળકો આવ્યો બહુ ઉરમા, કર ગ્રહવાને ધાયો રે જુનાગઢ ૧૬
પણ પાછળથી ધર્મ વિચારી, દૂર રહીને પૂછે રે;
કહોજી બાળા કોના છોરૂ? નામ તમારૂ શુ છે રે જુનાગઢ ૧૭
મૃગયામા મન રમતું મેલ્યુ, આજ લગી મે શાણી રે,
ભવસાગરને કાંઠે રહીને અબળા પ્રીત ન જાણી રે જુનાગઢ ૧૮
રજપુતોમા ખોળ કરીને, ખાતે ખબર કઢાવી રે,
આજ લગીમા એકે અબળા, નજર વિષે નથી આવી રે જુનાગઢ ૧૯
મન મારૂ માન્યુ છે તમથી, જો કાંઈ અરજ સ્વીકારો રે,
કોમળ કર આપીને દેવી સફળ કરો જન્મારો રે જુનાગઢ ૨૦

૭૪

હરિભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાય છે.—એ સગ.

ઓ રાજકુમાર શુ બોલો, હું તનયા કુભારની,
હું શદ્ર તમે રાણીજાયા, હું કીચ તમે કાંચન કાયા,
એ અવળી કેમ નિભે માયા? ઓ રાજકુમાર૦ ટેક

નવ મહેલ ખીલે મુજ રાંક થકી, વળી રાજવળે પત જાય નકી,
પછી પ્રેમ રહે કેમ લેશ ટકી? ઓ રાજકુમાર૦

ક્ષણ કાજ મને ન પતીત કરો, વ્રતભગ થશે મુજ દૂર ફરો,
રજપુત થઈ નિજ ધર્મ ધરો ઓ રાજકુમાર૦

રૂપ ગુણ રૂડા નરનાર તણા, શણગાર જહા સદ્દગુણ તણા,
સમજો છો આપ ચતુર ઘણા ઓ રાજકુમાર૦

સદ્દગુણ વિષે મુજ સુખ રહ્યુ, કદી એ ગયુ તો મુજ સર્વ ગયુ,
શિર આળ ચઢે નવ જાય સહ્યુ. ઓ રાજકુમાર૦

હમણા કદી રાખો પ્રીત ઘણી, ફળહીણુ ગણી તજશો પરણી,
પછી શી ગતિ રાકડી રાણુકની ? એ ગજકુમા૦૭

ક્ષત્રી તનયા કુળવાન ઘણી, વરશે તમને કાચનવરણી,
નવ કાચ ગ્રહો નૃપ છોડી મણી. એ ગજકુમા૦

૭૫

શ્યામ રગ સમીપે ન જાવુ—એ રાગ.

જાતમા જરૂર તુ ભૂલી પડી એ નારી તારી જાતમા જરૂર
તુ ભૂલી પડી.

જો કદી કુભારઘેર ઉછરે તું આ ઘડી,
રાજમહેલ કાજ પ્રભુએ ઘડી એ નારી તારી (ટેક)

ગુણીયલ રૂપમા રસીક રગ રાતડી,
આકડામા ઉગી જાણે ગુલછડી. એ નારી તારી૦

જ્યોતિ જાણે જૂનાપૂના વસ્ત્રમા વીંટાયલી,
મેઘની ઘટામા જાણે વીજળી એ નારી તારી૦

ટેકને વિવેક જ્ઞાન વાતચીતમા વડી,
ન્હોય નીચ જાત, બાળ કેસરી એ નારી તારી૦

દબદબામા દાખવે તું લાગણી દયાતણી,
શાસ્ત્રના સિદ્ધાત શાણી કયા ભણી એ નારી તારી૦

કૂળ તો જણાય છે આ વિશ્વમા વિવેકથી,
નીચનુ નિશાન તુજમા નથી એ નારી તારી૦

રકમા એ રાજબીજ છેક તો છુપે નહિ,
ભાસશે રવી તો વાદળે રહી એ નારી તારી૦

જો કદી કુભાર તોય નાત જાત ના ગણી,
કીચમાથી લઈશ હુ હીરાકણી. એ નારી તારી૦

એક વાર પરખીને રત્ન રૂડુ સઘર્યું,
કેમ તે પછીથી હુ પરૂ કરૂ ? ઓ નારી તારી૦
જાણજે જરૂર હુ કદાપિ દેવી ના ચળુ,
અન્ય નારી લાવવા ન આદરૂ ઓ નારી તારી૦
તાતજીના ત્રણ કામ પાધરા પૂરા કર્યા,
આજથી મે લગ્ન કામ આદર્યા ઓ નારી તારી૦
ચોથુ કામ પ્રીતથી હુ ચોરીમા પુરૂ કરૂ,
હાજીઓ ભણે તો હઈડે ઠરૂ ઓ નારી તારી૦

૭૬

સાખી.

ધન્ય ગણું અવતાર હુ માણરો ધન્ય ગણું અવતાર,
ધન્ય ઘડી પળવાર, આજના ધન્ય ઘડી પળવાર
ક્યા તનયા કુંભારની, ક્યા જાદવ કુળદીપ,
એ ઈશ્વર ઇચ્છાથકી કેવા, આવી મળ્યા છે સમીપ. હું માણરો૦ (ટેક)
નક્કી આ સજોગમા ઈશ્વરનો છે હાથ,
અરજ સુણી આ ઉરની તેજ મુજને કરે છે સનાથ હુ માણરો૦
રાય રખે જાણો તમે, પળમા થઈ મુજ પ્રીત,
જગ્દીશ્વરની પ્રેરણા, ખરા મનથી હું માનુ ખચીત હુ માણરો૦
આવી હુ જુનાગઢે, બાર વરસની બાળ,
વાસણ લઈને વેચવા, સાથે માતપિતા રખવાળ હુ માણરો૦
તે દી' સ્વારી રાયની, નીકળતા ગઢ બહાર,
જેનારા જનમા રહી, પહેલા નિરખ્યા મે રાજકુમાર હુ માણરો૦
ત્યા અજ્ઞાની ઉરમા, એવો થયો વિચાર,
"વરવા લાયક વિશ્વમા, ખરે ખેગાર રાજકુમાર " હુ માણરો૦

તે દી'થી છબી આપની, વસી રહી મુજ ઉર,
સુણતી ખ્યાતિ આપની, હુ તો ભાવધરી ભરપૂર હુ માણરો૦
આપ અચાનક આવીઆ, એ ઇશ્વિરનો ખેલ,
મગયા કરતા મન હર્યું, ભલો મહારાજે આપ્યો છે મેળ હુ માણરો૦
ઉત્તર શુ આપુ હવે, સઘળુ કહ્યુ સુજાણ,
બોલ્યુ પ્રીતે પાળશો, આજ સોપુ છુ તમને પ્રાણ હુ માણરો૦
આર્યતણા શુભ લગ્નથી, જીવે જીવ જડાય,
પ્રેમરેણ પાકુ રહે, પછી તૃણવત્ વિઘ્ન જણાય હુ માણરો૦
આત્મા અમર જણાય છે, ક્ષણભગુર આ કાય,
અવિચળ સુખ આત્મા લહે, પછી દેહનુ ગમેતેમ થાય હુ માણરો૦
માતપિતા મુજ વૃદ્ધ છે, હજુ ન જાણે કાય,
સમજણ આપી તેમને વિધિસહિત ગ્રહો મુજ બાહ્ય હુ માણરો૦

૭૭

કહાં ગયો રે પેલો મોરલીવાળો, એ રાગ.

પ્રેમ ભરેલા વચન સુણીને, ગઢપતિ બહુ હરખાયો રે,
'ધન્ય ધન્ય રાણક' કહે રાજા, 'તેં અમૃતરસ પાયો રે
પ્રેમભરેલા વચન સુણીને (ટેક)
સુના આ સસાર વિષે તું, સબળો સાથી મળીઓ રે,
ભમતો જીવ હતો ભૂતળમા, તે નિજ સ્થળમા ઠરીઓ રે, પ્રેમ ભરેલા૦
રાજકાજમા સમજણ તારી, બહુ ઉપયોગી થાશે રે,
ડહાપણ તારૂ દેખી તુજને, સર્વ પ્રજા ચિત્ત ચહાશે રે પ્રેમ ભરેલા૦
કાલ દેહલને મોકલી તારા, માતપિતા સમજાવુ રે,
ઘડીયા લગ્ન લઈ હુ તુજને, મહેલ પ્રવેશ કરાવુ રે પ્રેમ ભરેલા૦
તારે માટે ગઢમા જઈને, શહેર બધુ શણગારૂં રે,
કદલીવનની શોભા સાથે, મડપ એક રચાવુ રે પ્રેમ ભરેલા૦

ચાર ચોરી તેમા બાંધી, બાંહ્ય ગ્રહું હુ તારી રે,
ક્ષોભ રખે પામે રાણુકડી, તું મુજ સમ અધિકારી રે પ્રેમ ભરેલા૦

હલકી જાતવિષે પણુ શાણી, સતીઓ નજર પડે છે રે,
ખાણોમાથી રત્ન ખણી, નૃપ મુગટ વિષેજ મઢે છે રે પ્રેમ ભરેલા૦

એવા વચન વદે જ્યા રાજા, એક ઋષિ ત્યા આવ્યો રે,
વયને તપમા વૃદ્ધ જણાતો, રાજાને મન ભાવ્યો રે પ્રેમ ભરેલા૦

વૃક્ષઘટામા રહીને જેણે, સર્વ સુણી છે વાતો રે,
આશીર્વાદ વદી તે બ્રાહ્મણુ, બોલે બહુ હરખાતો રે પ્રેમ ભરેલા૦

ધન્ય ધન્ય રાજા ને રાણુક, ધર્માચરણુ તમારૂ રે,
પ્રેમીહૃદય તમારા પેખી, મન માન્યુ છે મહારૂ રે પ્રેમભરેલા૦

રાણુક શરમે નીચુ ન્યાળે, વૃદ્ધ ગુરુને પેખી રે,
રાજા થઇને નમન કરે છે, તીવ્ર તપસ્ની લેખી રે પ્રેમ ભરેલા૦

વિપ્ર કહે હુ યાત્રાવાસી, શિક્ષક રાણુક કેરો રે,
ગુપ્તભેદ સમજાવા મુજને, પ્રભુએ અહીંઆ પ્રેર્યો રે પ્રેમ ભરેલા૦

રાજા કહે છે "ભલે પધાર્યા," આ અવસર છે રૂડો રે,
હે સ્વામી સમજાવો મુજને, ભેદ હશે કઈ ઉંડો રે પ્રેમ ભરેલા૦

વળતો વિપ્ર કહે "હે રાજા," રાણુક રાજકુમારી રે,
પાળક માતપિતાને તે છે, પ્રાણુથકી પણુ પ્યારી રે પ્રેમ ભરેલા૦

શેર રાય પવાર પ્રતાપી, પાવર ભૂમિ પ્રદેશે રે,
તેની પુત્રી તમને વરતા, રાણીનુ પદ લેશે રે પ્રેમ ભરેલા૦

જે પ્રભુ પય માને સ્તન પ્રેરે, શિશુનુ પોષણુ કરવા રે,
તે કયમ ભૂલે રાણુક માટે, યોગ્ય પતિ મોકલવા રે પ્રેમ ભરેલા૦

૭૮

ગોકુળીએ લઈ ચાલો રે—એ રાગ.

સત્ય રવી ઉગીયો વણ માગ્યો,
વિરહ વનીતાને લાગ્યો રે, ઋષિએ ભેદ ભાગ્યો (ટેક)
શાણુક કહે ગુરુ એવું ન ભાખો, વહાલા વછોડી ન નાખો રે ઋષિએ ભેદ૦
જાત જરૂર કુંભારની મારી, નહિ થાઉં રાજકુમારી રે ઋષિએ ભેદ૦
માતાપિતા મને પ્રાણથી પ્યારા, કેમ કરી શકું ન્યારા રે ઋષિએ ભેદ૦
એગારને ખપ હોય જો મારો, માતપિતાને ન ટાળો રે, ઋષિએ ભેદ૦
એગાર કહે ઋષિને શિશનામી, સત્ય વદ્યા તમે સ્વામી રે ઋષિને ભેદ૦
તોપણ જાતિનો ભેદ ન ભારે, સર્વ સમાન છે મારે રે ઋષિએ ભેદ૦
રત્નને કો કદિ પત્થર કહે, તેજ તો તેવુંજ રહેશે રે ઋષિએ ભેદ૦
રૂપ ગુણ શાણુકના કસી જોયા, કોદી' જશે નહિ ધોયા રે ઋષિએ ભેદ૦
ઈશ કૃપાથી છે અવસર આવ્યો, શાણુક ગઢ લઈ આવો રે, ઋષિએ ભેદ૦
ત્યારે ઋષિ કહે મંગળ થાશે, લગ્નસમે ગૃહ પાસે રે ઋષિએ ભેદ૦
મંગળ લગ્ન પછી નિર્ધાર્યાં, પ્રેમે મળી ઘેર ચાલ્યા રે ઋષિએ ભેદ૦
(૭૨ થી ૭૮ સુબોધ ગરબાવળી, **સ્વર્ગસ્થ બાપાલાલ ભાઈશંકર ભટ્ટ.**)

૭૯

સીતા મંદોદરી સંવાદ.

ગાયન (૧).

સીતા—રામ વ્હાલા, તારા નામની જપુ માળા રામ વ્હાલા
હૃદયમંદિર રાખી, મૂર્તિ રસીલી આ
બની અકેલી પ્રભુ દીન દારા રામ વ્હાલા
નહોતુ જાણ્યુ આવુ અમે, નાથ રહ્યા ક્યાંજી તમે,
કોણ હવે આધાર મારા—જપુ માળા રામ વ્હાલા.

ગાયન (૨).

(શ્રી રામચંદ્ર રઘુવીર—એ રાગ)

એ ધર્મમૂર્તિ સાક્ષાત્
શી વાતો વદે ગિરિ પેઠે મમ પતિવ્રત કોઈ કાળે
ડગે નહિજી (૨)

મદોદરી—ઇંદ્ર બ્રહ્માદિ દેવા, કરે છે એની સેવા,
ત્રણભુવનને જીતી કીધુ નામ

સીતા—કાયા કરમાઈ જાશે નામને નાશ થાશે,
આવે નહિ અંતે એ સૌ કામ—શી વાતો વદે

મદોદરી—અગ્નિ જળ વાયુ ત્રિધા, સૌ ગ્રહને બાંધી લીધા
દશાનન અતુલિત છે બળવાન

સીતા—ચાપે ચપાયો જ્યારે ધાયા શ્રીરામ ત્યારે,
ત્ર્યંબક તોડી દીધુ જીવતદાન—શી વાતો વદે

મદોદરી—કીર્તિ સૌએ તો જાણી, રીંછ કપિ સેના આણી,
હસશે જોઈને વિશ્વ તમામ

સીતા—એકે લંકા પ્રજાળી, બીજે સત્તા નમાવી,
પડયા પણ ખાલી એ અભિમાન—શી વાતો વદે

ગાયન (૩).

કોમળ કાયા કયાં કરમાવો—એ રાગ.

મદોદરી—ઉગ્ર સ્વરૂપ વૈદેહી સમે તો અનુકંપા દિલ ધારો, (૨)

સીતા—જશે બોલ જો હોઠ બહાર તો પાછો નહિ ફરનારો

મદોદરી—પુત્ર વિના માતા કળકળશે, સુકા સાથમા લીલુ બળશે,
શાપ તાપ નિવારો—ઉગ્ર સ્વરૂપ

સીતા—જશે બોલ જો હોઠ બહાર તો પાછો નહિ ફરનારો,

એક નાવમા સઘળા ધર્મી, તેમા બેઠો પાપી અકર્મી;
બુડે સગ તે સારો

મદોદરી—ઉગ્ર સ્વરૂપ

ગાયન (૪).

વારે ચડો મારી રાઘવરામ રાઘવરામ રાઘવરામ રે નાથ નમેરા
નવ થઈએ હોજી

રિપુ આશ્રમમા નારી તમારી, શાત બેઠા શુ માગ શ્યામ,
(૩)રે—નાથ નમેરા.

ભીડભજન દીનાનાથ કહાવો, શાને દુભાવો અરે રામ,
(૩) રે-નાથ નમેરા
(મળેલુ)

૮૦

કરોળીઓ અને માખી.

કરોળીઓ—હુ વણકર બહુ કુશળ મોટો અહા, અહા, અહા,
નથી મારો આ જગે અવર જોટો અહા, અહા, અહા,
જાળ હુ કેવી નામી બનાવુ અહા, અહા, અહા,
આજ હુ તુજને ગમત બતાવુ અહા, અહા, અહા

માખી—નાચતી કુદતી હું રમુ ચોપાસ,
પ્રતિબધ કરે કોઈ ન મુજને ખાસ,
રહુ આનદી હું સદા કદી ન ઉદાસ,
હસી રમી ગમતમા કરુ છુ નિવાસ

કરોળીઓ—રૂપ કરૂપ દેખાયજ મારૂ પણ અતર છે પ્રેમાળ સારૂ
—રે પ્રિય સખી.

મંદિર મારૂં સુંદર કેવું, ચાલ બતાવું ઈન્દુ જેવું,
મિઠાઈ મેવા ફળ ખવરાવું–રે પ્રિય સખી,
ઉઠ રૂડમા ફૂલમા સખી આવ પાસ,
તમ દર્શનની છે મને બહુ આશ,
જાદુ કપટ અહી છે નહિ કાંઈ,
નિશ્ચય કર તું જાતે જોઈ—રે પ્રિય સખી.

માખી—ઠીક આવું છું હું તારૂં મંદિર જોવા,
થાકી પાકી હવે આરામ જરી લેવા,
ફળ મેવા મિઠાઈ એ બધું ખાવા,
નવી નવી રમતને ગમત કરવા

બધાં—નહિ સમજી તે કાંઈ આ કપટની જાળ,
જઇ ફસાઈ જાળમા થઇ વશ કાળ

કરોળીઓ—અહા પ્રભુ એ દૈવજ ફળીયુ,
આજ દિન ત્રણમા ભોજન મળીયુ
લાલચથી મન એનુ પીગળીયુ–રે પ્રિય સખી

બધા—થઈ રમત આ પુરી કરો સુવિચાર,
ઠગ જનનો ન ધરો ભરોસો લગાર (મળેલુ)

૮૧

વિદ્યા-લક્ષ્મીના સંવાદનું ગાયન.

વિદ્યા—રે છે વિદ્યા શી ડાહી આ વિશ્વમાહી છે સુખ કેરી ખાણુ,
શ્રમ લઇને શીખવુ શ્યાણી ન રહેવુ આળસુ સુસ્ત,
રમત ગમત મમત મૂકી ભણવા થવુ આતુર રે છે–વિદ્યા

લક્ષ્મી—સર્વે સાચી વાત કહી પણુ લક્ષ્મી વિના સૌ વ્યર્થ,
વહેવાર લોકમા ન રહેવાય કંઈ પૈસા વિના અનરથ રે છે,
પૈસે વડાઈ આ જગમાહી પૈસે નવાઈ એ મન માન્ય છે

વિદ્યા—એતો ખરૂ પણ સાભળ શ્યાણી વિદ્યાના કરુ વખાણ
વિવેક વાળી વાણી મધુર તારી અખંડ કીર્ત્તિ જણાય રે છે વિદ્યા

લક્ષ્મી—માન મળે ધનવાનને રે રાજ્ય કચેરી માંય,
ખમા ખમા સૌ કો કરે જેની પંડિત ઇચ્છે ઓથ રે-
છે પૈસે વડાઈ

વિદ્યા—પોતા તણા એક દેશની માંહી શ્રીમંત ઘણુ પૂજાય,
સહાય કરે જેને સરસ્વતી દેવી સર્વે પૂજા થાય રે
છે વિદ્યા શી ડાહી

૮૨

વિદ્યા વિષે સંવાદ.

પાત્રોઃ—બે છોકરીઓ-(સામસામે ઉભી રહીને)

પહેલી—વિદ્યા, અનુપમ વાડી શોભે આ સૃષ્ટિની માંય-વિદ્યા૦
બીજી—વિદ્યા બનાવે મોટેરા, મૂર્ખને સૃષ્ટિ માંય-વિદ્યા૦

પહેલી—વિદ્યા સૌમા માન વધારે
બીજી—મોટાના ગુમાન ઉતારે

પહેલી—વિદ્યાના બળ પર સૃષ્ટિનો મોટેરો આધાર-વિદ્યા૦

બીજી—વિદ્યા, બનાવે મોટેરા, મૂર્ખને સૃષ્ટિ માંય-વિદ્યા૦
પહેલી—લક્ષ્મી સ્વદેશે માન અપાવે—

બીજી—પણ વિદ્યાની તુલ્ય ન આવે
બન્ને સાથે—વિદ્યા, વધારે માન,
દુનિયામા-વિદ્યા, અનુપમ વાડી શોભે૦ (મળેલુ)

૮૩

ઘેલી મુસાફર.

" અમે ઇડરીઆ ગઢ જીત્યાં રે આનંદ ભલા. "—એ રાગ.

એક હતી મુસાફર ઘેલી રે, સૂણો સાહેલિયો,
તેની આગળ એક તપેલી રે, સૂણો સાહેલિયો ૧

ગઈ રાતની રાખી એઠી રે, સૂણો સાહેલિયો,
ઉઠી પરભાતે માજવા બેઠી રે, સૂણો સાહેલીયો ૨
ઘણી રીતે ઘશી ઘશી થાકી રે, સૂણો સાહેલિયો
બહુ ડાઘ રહ્યા તોય બાકી રે, સૂણો સાહેલિયો ૩
પુરી રીસે તપેલી ઉપાડી રે, સૂણો સાહેલિયો,
સામી ભીંતની સાથે પછાડી રે, સૂણો સાહેલિયો ૪
લઈ પથરો તપેલીને કૂટી રે, સૂણો સાહેલિયો,
પડ્યા કાકા તપેલી તે ફૂટી રે, સૂણો સાહેલિયો ૫
થયા બપોર ભુખ તો લાગી રે, સૂણો સાહેલિયો,
પછી વાસણ માગવા લાગી રે, સૂણો સાહેલિયો ૬
એને વાસણ આપે ન કોઈ રે, સૂણો સાહેલિયો,
પછી રાગ તાણી ઘણી રોઈ રે, સૂણો સાહેલિયો. ૭
તોય થઈ નહિ તપેલી સાજી રે, સૂણો સાહેલિયો,
પડી લોકને ગમ્મત ઝાઝી રે, સૂણો સાહેલિયો ૮
જેથી સ્વારથ આપણો જરીએ રે, સૂણો સાહેલિયો,
તેના ઉપર ક્રોધ ન કરીએ રે સૂણો સાહેલિયો ૯
લાત દુઝતી ગાયની ખમીએ રે, સૂણો સાહેલિયો,
તેને તજીએ તો દૂધ ક્યાથી જમીએ રે, સૂણો સાહેલિયો ૧૦
કોઈની સાથે દુકારે લડીએ રે, સૂણો સાહેલિયો,
એમા આપણે હલકા પડીએ રે, સૂણો સાહેલિયો ૧૧
સાખી ચાલે તે માણસ મોટુ રે, સૂણો સાહેલિયો,
કહે સાચુ માનો નથી ખોટુ રે, સૂણો સાહેલિયો. ૧૨

(દલપત કાવ્ય પૃષ્ઠ ૨૨૫)

૮૪ ભાઇબ્હેન.*

' સોનલા ગેડી ને રૂપલા દડુલીઓ રે ' એ લોકગીતનો ઢાળ.

કેવડો લીલો ને લીલી લીમડી રે,
લીલુડા ભાઈ ને બ્હેનના હેત
દેવની દીધેલ ભાઇબ્હેન બેલડી રે
મોરલો સુનો ને સુની વાદળી રે,
વીખુટા બેઉ ઝુરે પરદેશ.
દેવની દીધેલ ભાઇબ્હેન બેલડી રે
મોગરો ડોલે ને ફરકે પાદડી રે,
ભાઇબ્હેન હઇયે રસસંકેત
દેવની દીધેલ ભાઇબ્હેન બેલડી રે
મેહુલો બોલે ને ઝબુકે વીજળી રે,
ભાઇબ્હેન ઝીલે અબોલ સદેશ
દેવની દીધેલ ભાઇબ્હેન બેલડી રે
(કુમાર પુ ૧ અંક ૭ પૃષ્ઠ ૮ શ્રાવણ ૧૯૮૦)

૮૫ બ્હેનના શણગાર.*

' કાનની પછેડી ફુલડા ભાત ' એ લોકગીતની ઢાળ.

કેસરી કેવડો બ્હેનને માથે,
ઉજળો મોગરો બ્હેનને હાથે,
હજારી ગોટા ને ગુલાબી હાર,
બ્હેનને ધરાવશુ એવા શણગાર
કેવડે કેવડે ન્હાનેરા નખ,

---

* ન ૮૪-૮૫ ન ૨૦-૨૧ ના ક્રમમા ગણી લેવા

બ્હેનના ખમશું આછેરા દુઃખ,
મોગરે મોગરે કુમળા પાન,
બ્હેનના પામશું પુણ્યના દાન
હજારી ગોટાના હજાર બાણુ,
બ્હેનને દુભવવાની દેવની આણુ,
ગુલાબપાદડી ફોરે સુવાસ,
બ્હેનને હસવે એવો ઉજાસ
ફૂલડે ફુલડે મધની રેત,
બ્હેનને અગ અગ એવા હેમ

ન્હાનાલાલ દલપતરામ કવિ.

૮૬ તૃષ્ણા-લોભ.*

(પદ-ધન્યાશ્રી)

લોભ તણો નહિ થોભ, જનને, લોભ તણો નહિ થોભ (ટેક)
ક્ષાર જળેથી તૃષા વધે ત્યમ, વધે વિવિધ મન ક્ષોભ,—જનને૦ ૧
ખરી વાતનો ખારજ આણે, ખોટાનો નહિ ક્ષોભ,—જનને૦ ૨
દમડી માટે ચમડી તોડે, કાન ચડે જઈ લોભ,—જનને૦ ૩

૮૭ જાતમહેનત.*

(ચોપાઈ.)

જાતે કરવા જુગતા કામ, જેથી જશ જામે સુખધામ,
પરની પરહરિયે દરકાર, જાતે નિજનો વેઠી ભાર ૧
પરની આશા કરે નિરાશ, પરની આશા આપે ત્રાસ,
પરને પોતામા બહુ ફેર, તેની કેમ ન કરિયે પેર ૨

---

* ન ૮૬-૮૭ ન ૩૧-૩૨ ના ક્રમમા ગણી લેવા

પરની આશા દુખનું મૂળ, પરની આશા સબળી શૂર,
પરની લાલચ કીજે પરી, જાતિબળ જુક્તિ વાપરી ૩
હુન્નકતમાં બરકત નવ હોય, હુન્નર નર સુખદાયક રહોય,
કામ કર્મની કેતી+ ખરી, વ્હેતી તે કરિયે નહિ જરી ૪
જાતિમ્હેનત જુગદાધાર, અંતે તારિ ઉતારે પાર,
પ્રેમ નેમ ત્યારે પરખાય, જ્યારે પડે પીડા થાય ૫
ભલા વિશેષણથી શું થાય, ભાષણ કાંઈ જો ન કરાય,
દંભ ડોળની એ તો રીત, પ્રીત રીત તેથી વિપરીત ૬

કાનજી ધર્મસિંહ કવિ

સૃષ્ટિસૌન્દર્ય.

૮૮ સંધ્યા.*

કેવી સુંદર સંધ્યા ખીલી !
ઈશ્વરનો ઝળહળતો દીવો,
અખુટ તેજ ફુવારા જેવો,
તપી તપીને નમતો નમતો
પશ્ચિમમાં આથમતો સુરજ
ડુબ્યો સાગરના જળ ઝીલી
કેવી સુંદર સંધ્યા ખીલી !
અંગ સજી સાડી નવરંગી
વાદળીઓ હળતી ને મળતી,

---

* ગુર્જર લેખક રાવસાહેબ મહીપતરામ રૂપરામ નીલકંઠ...

+ 'કામ ત્યાં કર્મ' એવી કહેવત છે.

લાલ લલિત સિંદુરસમ તેની
 રમ્ય કિનારી શી ઝળહળતી '
એ તો રમતી રાસ રસીલી
 કેવી સુંદર સંધ્યા ખીલી '
સોનેરી કુમકુમથી લીપ્યા
 આથમણા નભચોક અનેરા,
ઉગતા તારલીઆના મોતી
 નાનીશી મુઠડીએ વેર્યાં,
રમતી ત્યા ચદા સાહેલી
 કેવી સુદર સધ્યા ખીલી '
વાદળીઓની લલિત લતાએ
 કંચનના કેસુડા ખીલ્યા,
ભર દુનીઆએ એના ઓજસ
 આભેથી ઉતરતા ઝીલ્યા,
તેજ-છટા છવરાઈ શીળીઃ
 કેવી સુંદર સધ્યા ખીલી '
નિજ પદરજથી અંગ રજોટયા
 ધેનુના ધણ આવે ધાયા,
ગોવાળે લલકારી તેને
 સોનેરી સરિતા જળ પાયા,
ભાભરતી વાછરડા-ઘેલી
 કેવી સુદર સધ્યા ખીલી '
પખી માળે કિલકિલ કુજે,
 મન્દિરની ઝાલરીઓ ઝણુકે,

ચડુલો આકાશે ઉંચે
    ગાતા ગીત મધુરી હલકે,
પર્વત ઉપર રાતી પીળી
    કેવી સુંદર સંધ્યા ખીલી!
ધીંગા ખેડુત આવે ધસતા,
    સીમતણી લક્ષ્મી ઘર લાવે,
તેની લલના ગીત ગજવતી
    વગડાને રસ પાતી આવે,
એવી રસઘેલી અલબેલી
    કેવી સુંદર સંધ્યા ખીલી!
વિરાજ કાજેનો કોલાહલ
    મચી રહ્યો વૃક્ષે ને ગામે,
વિપ્રોના સંધ્યાવંદનની
    શાન્તિ સરિતાને તીર જામે,
સવિતાના શુભમંત્રો ઝીલી
    કેવી સુંદર સંધ્યા ખીલી!

૮૯ અષાડી મેઘ.

ઇન્દ્ર તણી નભધેનુ સરખી,
    જળભર વાદળીઓ શિર ઝુકી,
શીતળ ભીનો પવન સરર્યો,
    વાદળદળમાં વીજ ઝબુકી,

ક્ષિતિજમા અબર ગગડયો,
ઘન ગગન અષાડી ઘોર ચડયો !
ઘેરા નીલાબર તન ધારી,
વાદળીઓના વૃંદ ફરે,
અમૃતજળ ઝારી કર ધારી,
હસતી રમતી ઝરમર ઝરે
અરસપરસ પાલવ પકડયો,
ઘન ગગન અષાડી ઘોર ચડયો !
સુરપતિ રણુસંગ્રામ ચડયો,
શિર મેઘાડબર છત્ર રચ્યુ,
વા વટોળો વાવાઝોડું,
ગડુડ ફડુડ ધમસાણુ મચ્યુ
આભ અહાહા ઉખડી પડયો,
ઘન ગગન અષાડી ઘોર ચડયો !
સુરજને પકડી લઈ પુર્યો,
ગ્રીષ્મ ઉપર અતિ કોપ કર્યો,
ઘટાટોપ ચોગરદમ ઘેરી
વરુણુ અસ્ત્ર લઈ વિફર્યો
જગમા તેનો પગ ન જડયો,
ઘન ગગન અષાડી ઘોર ચડયો !
ગિરિવર સરખા મેઘ ખડકા
વિદ્યુત વજ્ર સમી સળકે,
એની ઝપટે કડકડ કરતો
આભ નીચો જાણે લળકે

હમણા એ પડશે કે પડયો '
વન ગગન અષાડી ઘોર ચડયો '
શિવજટા પર ધવલ ગગશી,
મેઘ ઉપર રીંછાઓ તરે,
એ ત્રુટે ત્યા ધરતીના તળ,
જળ જળ બબાકાર કરેઃ
વૃષ્ટિ જાણે ધોધ પડયો,
ધન ગગન અષાડી ઘોર ચડયો '
રાત દિવસ ધન વરસે ધારે,
અષાડી જામી એલી,
રગડા ખુબ મચ્યા મારગમા,
સૃષ્ટિ શોભે રસઘેલી,
ઝાડ પહાડને રગ ચડયો,
ધન ગગન અષાડી ઘોર ચડયો '
ટેરે પિયુ પિયુ ચાતક ઉંચે,
મયુર ટહુકે મલકાતા,
લ્હેરી કો બંસી લલકારે,
સૂર મધુરા છલકાતા
એડુત ખેતરમા ઉપડયો,
ધન ગગન અષાડી મેઘ ચડયો "
શિરપર ગર્જન સુણી કેસરી,
વ્યાકુળ થઈ વનંમા ડણુકે,
મતવાલી હાથણીઓ સરખી
ગાડી થઈ બેશે રણુકે,

અંગ સકળ કીચડ ખરડયો,
ઘન ગગન અષાડી ઘોર ચડયો.
નાળા નદીઓના નીર છલકે,
ધરતી મલકે હરીઆળી,
ચંદ્ર રવિ શા નિર્મળ ચળકે !
ઝળકે સંધ્યા અજવાળી
ભવ્ય અહા પડદો ઉઘડયો !
ઘન ગગન અષાડી ઘોર ચડયો !

૯૦ મધરાત.

રવિ શશીને પકડી પાડી
ઉજ્વળ અંબર ખેંચી લીધા,
ઝાલમ કરી કંઈ કાળા રંગી
વિશ્વ સકળ પર ઢાંકી દીધા !
વળ્યુ જગતને ઘારણઘોર,
અંધારી મધરાત અઘોર !
સુખીઆને દિલ વૈભવ ભરતી,
દુખીઆને વેરણ વિકરાળ,
થાક્યા પાક્યાનો વીસામો,
દુષ્ટ જનોની છુપી જાળ,
છાના ભમતા ભાસે ચોર,
અંધારી મધરાત અઘોર !
કાજળના રગડા સમ ગગને
સિંધુ તિમિર તણો છલકે;

નગતા તેના તરંગ ઉપર
અગણિત તારલીઆ ઝલકે,
મુગા મુગા કરે કિલોળ.
અંધારી મધરાત અઘોર !
તણુણુણુ તણુણુણુ તમરા બોલે,
ખોલે ધુવડની આંખો,
ઝોકા ખાતા તરવર ઉપર
પતંગની ચમકે પાંખો,
ચન્દ્ર વિયોગે ઝુરે ચકોર
અંધારી મધરાત અઘોર !
હાથ ન દીસે એવુ જામ્યુ
ગહ્ઘ્ઘા ગડદી અંધારૂં,
કાયરના દિલ કંપાવે એ
શુરાને દ્દઢ કરનારૂં,
કેવો ઉંડો કરતી શોર
અંધારી મધરાત અઘોર !
વિયોગીને નીંદ ન આવે,
સંયોગી સાધે સંકેત,
ભોગી ભોગવિલાસે ડુબ્યા,
યોગી સાધન કરે સચેત,
શમ્યા જગના શોરબકોરઃ
અંધારી મધરાત અઘોર !
શ્વાન ભસે કો દૂરે દૂરે,
પહેરેગીરની બુમ પડે,

ધરના ઉંદર ધમધ મચાવે,
　　રોગીની નિદ્રા બગાડે,
ક્વચિત્ ગળામાં ઉડે મોર
　　અંધારી મધરાત અઘોર !
રજનીચર ગર્જે ને નાચે—
　　ઘુવડ, ચીબરી, વનવાગોળ,
પિશાચનું પરણેતર ઉજવી
　　જાણે ગાય પ્રલયના ઘોળ !
સૂર ભયાનક કર્ણકઠોર
　　અંધારી મધરાત અઘોર !
તાંડવ કરતી મહા ભયંકર
　　કાલિકા સમ ચંડ બની,
સ્મશાનમાં, નિર્જન જંગલમાં,
　　ગુફા મહીં ગાજે રજની,
કાચા હૈયા રહે ન ઠોર
　　અંધારી મધરાત અઘોર !

ન ૮૮ થી ૯૦
કુમાર સં ૧૯૮૦ પુ ૧ } ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ.
અંક ૬–૭

કિન્ડરગાર્ટન.

૧.

દડાની વહેંચણી વિષે.

(નારાચ છંદ.)

જુઓ દડો જઈ પડ્યો, સખી તણાજ હાથમા,
ફરે જ ફેર ફુદડી, વસે વળી જ સાથમા ૧
સદા હરે ફરે જ પાન ઝાડની હવા વિષે,
દડો અપાય હાથમા, ગવાય ગીત તે વિષે ૨

૨

દડો રમે છે મારી સાથ, હસે કૂદે છે બન્ને હાથ,
લોલક પેઠે ફરતો જાય, કરવત પેઠે આડો થાય
પવન મહીં હાલે જેમ ડાળ, ડુગર પર ચાલે જેમ બાળ,
દરીઆ પર પખી ઉડી જાય, ઝાડીમા ઘોડો અથડાય (મળેલુ)

૩

દડો રમે છે મારી સાથ, કુદે ફરે ને દોડે સાથ,
ફફુ તો છેટો જઈ પડે, દડ વડ દડ વડ દડ વડ રડે
ઉછાળુ તો ઉંચો જાય, પાછો ભોપગ ઝટ પછડાય,
મને રમત એની બહુ ગમે, મુગો મુગો કેવો રમે
કજીઓ તે કોદી નવ કરે, કોઈની સાથ કદી નવ લડે,
સદા હસતો રમતો રહે, મુજને તો એ બહુ બહુ ગમે

૪

દડાનું ઓળખાણ. (છેક નાનાં બાળકો માટે)

પ્રશ્ન.	ઉત્તર.
સૌના દડા કેવા ?	ગોળ લાડુ જેવા,
દાબીએ તો કેવા ?	પોચા રૂ જેવા
શેના છે બનેલા ?	ઊનના ગુંથેલા,
ઊન તે ક્યાં હોય ?	ઘેટાં હોય ત્યાં હોય
ઘેટાં ક્યાં હોય ?	રબારીને ત્યાં હોય.
ઊન હોય કેવું ?	ધોળું દૂધ જેવું
બધાં ઘેટાં ધોળાં હોય ?	ના, કોઈ કાળાં હોય
જુદા રંગ શાથી ?	રંગમાં ? ગ્યાથી
એનો ભાર કેવો ?	હલકા પીછા જેવો
ભોંયે પછાડો ?	ઉછળી એ આવ્યો

(થોડા ફેરફાર સાથે-મળેલું)

૫

કિન્ડરગાર્ટન બક્ષીસ પાંચમી.

સૂચના —પેટી ખોલ્યા પછી ઘનના આકારના ઓળખાણ માટે નીચેનું ગાયન શરૂ કરવું

૧. ચોપાઈ

ઘન મજાનો સુંદર એક, સઘળા પાસા ચોરસ છેક,
સહુ ખુણા સરખા દેખાય, સરખી સઘળી બાજુ થાય
મોટા ઘનના ભાગ જણાય, ગણતાં સત્તાવીશ ગણાય,
તે નાના ઘનના પણ ભાગ, ગણવા સારો ફાવે લાગ
એકજ ઘનના ભાગો બેય, અર્ધો ઘન કહેવાયે તેહ,
એવા ત્રણ ઘનને તું પેખ, છએ ભાગ સરખા તું દેખ

જે ધનના છે ભાગજ ચાર, એ ત્રણ ધન હારોહાર,
બારે ભાગ સરખા દેખાય, પા અડધા તેથી શિખાય.

સૂચના—ધનની સાબિતી માટે પદાર્થપાઠનો સબંધ જોડવો

૬

પાંચમી બક્ષીસના આકારો વિષે.

લાવણી.

ભીંત. આ મોટા ધનની હારો ત્રણ દેખાયે,
કરી જોતા જુદી તેહ, ભીંત લેખાયે
વળી જોડી દેતા, હતો તેજ આકાર,
તેના બનવાના, ઘાટ ભિન્ન ભિન્ન સાર

ગેલેરી આગળની હારના, ઉપલા ત્રણ ધન પાસે,
પાછળની બાજુ ધરો, ગેલેરી થાશે,

નિસરણી. એ ગેલેરીપર બાળક બેસે રોજ,
તેના કરીએ ત્રણ ભાગ નિસરણીઓજ
નિરખો નિસરણી, ત્રણ પગથીઆવાળી,
મેડીપર ચડવા કામ તણી એ સારી,
વળી જોડી દેતા, હતો તેજ આકાર,
તેના બનવાના, ઘાટ ભિન્ન ભિન્ન સાર ૧

વચલા ત્રણ ધનને, ઉપાડી જમણે હાથે,
પાછળની બાજુ ધરો સવ સગાથે,

સિંહાસન. જુઓ સિંહાસનનો ઘાટ બન્યો આ સારો,
રાજાની બેઠક ખાસ, ચિત્ત વિચારો
એ સિંહાસનના ભાગો ત્રણ જો થાયે,

ખુરસી. ત્રણ ખુરસી કેરો ઘાટ ઠીક દેખાયે,
વળી જોડી દેતા હતો તેજ આકાર,
તેના બનવાના ઘાટ ભિન્ન ભિન્ન સાર ૨

૭

બક્ષીસ ૮ મી.

(સળીઓના આકાર.)

લાવણી.

લઈ સુંદર સળીઓ હાથ, મિત્ર સૌ રમીએ,
કરી રમત ગમત ભરપુર, ઘાટ બહુ કરીએ (એ ટેક).

સ્તભ. આ લાબા હાથે, સ્તભ કરે છે શાનો,?
ગાડીના ઉપર ખરો અમલ છે આનો

છત્રી. સૌ છત્રી કરીએ એક સુશોભીત સારી,
તડકા વર્ષાદનીમાય ઉપયોગી ભારી

ફાનસ. ફાનસ મનમાન્યુ, કરો બરાબર આપે,
દીવાને મ્હેકત નહિ, તેજ તે આપે

પારણુ. પારણીએ પોઢે બાળ, જુઓ તે આ છે,
શી શોભા સારી કહુ, બહુ જ મજા છે

વહાણ. આ જુઓ વળી છે, વહાણુ તરે દરિયામા,
લોકો બેસીને જાય, મોજ મજામા

ગાજર જુઓ ગાજર કેરો, ઘાટ શકુના જેવો,
પીલા ફુટયા છે ખાસ, શોભે છે કેવો ?

ઘર. સૌ સૌને માટે એક, સરસ ઘર કરીએ,
કરી કરા બારી સૌ સાથ, છાપરૂં ધરીએ

બારી. બારીનો કરીએ ઘાટ, દીસે રૂપાળો,
આપે અજવાળુ વાયુ મિત્ર તે ભાળો

ત્રાજવાં. ત્રાજવા વિના ઘડી એક નીભે છે કોને ?
તે સાથ કાટલા, વસ્તુ વળી મુકોને

દેવળ. આ દેવળ પર ફરફરે, ધ્વજ બલી ભાતે,
કરી દર્શન તજીયે પાપ તાપ સગાથે

૮

ભૂમિચિત્રણ.

૧

ગુજરાત પ્રાતનો જમીન ઉપર નકશો બનાવવા સમ્બન્ધી

સૂચના.—ગુજરાત પ્રાતનો જમીન ઉપર નકશો દોરી, ગાયન શરૂ કરવુ અને તેમા જે જે જગાઓ બોલાતી જાય તે તે નકશામા પૂરવી, હદ કાપવી, નદીઓ, પર્વતોનો દેખાવ, કરવો. ઇત્યાદિ ક્રિયાઓથી વિષયમાં રસ ઉત્પન્ન થાય તેમ કરવું

ગુર્જર પ્રાત તણો પ્યારો, નકશો રચો મિત્ર મ્હારા,
ધ્યાનમા ધરો યોગ્ય ધારા નિરખતા આનંદે ન્યારા
કે લાબી આ ત્રણ ફુટની, માટી કેરી પાળ,
પહોળી પણ દીસે છે એટલી, નકશો થશે વિશાળ—
બાળ સૌ બાધો હદ પ્યારા—ગુર્જરે સાબરની ધારા—ગુર્જર પ્રાત૦
બાગઘોડા અગર નિરખી, કાપોને હદ ખાસ,
અખાત કચ્છના કિનારે થઈ, જઈએ દ્વારકા પાસ,
ત્યા તો જુઓ મિત્ર મારા—ધામમા મુરલીધર કાળા—ગુર્જર પ્રાત ૧
સાગર તીરે જાતા જોયા, પોરબદર ખભાત,
અખાત ખભાયતનો કાપો ઘડવા સુદર ઘાટ—
વાટ તો ઓટ તણી સારી, દીસે છે ખુશનુમા ભારી ગુર્જર પ્રાત ૨
પૂર્વ હદ પ્રીતેથી કાપો, ભૂલ ન થાય લગાર,
ગુર્જરપ્રાતતણુ આ ખોખુ, થયુ હવે તૈયાર
પછી સૌ પુરો રગ સારા, હદોને નિરખીને ન્યારા ગુર્જર પ્રાત. ૩

દેશી રાજ્યમા પીળો પુરજો રાતો બ્રિટિશ રાજ,
દીવ દમણમા લીલો પુરો, જહા ફીરંગીનુ તાજ,
આજ તો આનંદે પ્યાગ, પ્રીતથી શોભાવો સારા ગુર્જર પ્રાંત ૪
પર્વત ઉચ્ચ પ્રદેશ જહા છે, રંગે ત્યા કાળાશ—
જમીન ઝાડી પત્થરવાળી, નીપજે ઝાઝા વાસ-
હોંસથી અવલોકન કરજો, વિવિધ પશુ પંખી પણ જોજો-ગુર્જર પ્રાંત ૫
કચ્છતણુ આ રણ દેખીને, ફરતા લાગે ત્રાસ-
રેતીના ત્યા ઢગલા નીરખો, પાણીની શી આશ
પાસ પેલી છે સિંધ પ્રદેશ, ગુર્જરીનો એ છે શુભ વેશ ગુર્જર પ્રાંત ૬
જ્યા જ્યા પાકે રૂ તલ વળી જવ, ડાંગર અને કઠોળ,
તમાકુને ગેરડી મૂકજો, નીપજે જેનો ગોળ-
સાથમા શ્રીફળ લો સારૂ, મૂકો જ્યા દરીઆનુ બારૂ ગુર્જર પ્રાંત ૭

૨

ભૂમિચિત્રણ.

મુંબાઈ ઇલાકાનું.

રાગ ઉપરનો

ઇલાકા મુંબઈનો આજે, નકશો કરો ચિત્ત ગાજે,
હોંશથી રચો સર્વ આપે, નીરખતા હર્ષ અતિ વ્યાપે
છે લાંબી આ ચાર ફુટની, માટી કેરી પાળ-
અઢી ફુટ દીસે છે પહોળી, નકશો થશે વિશાળ—
બાળ લઈ બાંધો હદ મૃતિકા, સિંધમા વહે સિંધુ સરિતા ઇલાકા ૧
અખાત કચ્છ કેરો આ કાપ્યો, કેવો સુંદર ઘાટ,
કાઠિઆવાડ ફરીને જાતા, આવ્યુ આ ખંભાત—
પ્રાંત દક્ષિણમા મે ભાળ્યા બંદરો સાગમા સાગ-ઇલાકા ૨

પુર્વની દ્રઢ યુક્તિથી કાપો, ભૂલ ન થાય લગાર,
મુંબઈ ઇલાકાનુ જો જો, થયુ ખોખુ તૈયાર
હવે મેં પૂરો રંગ ન્યારા, જણાયે વિવિધ દેશ ભાગ-ઇલાકા ૩
બ્રિટિશ હદમ ગતો પૂરો, પીળો દેશી રાજ,
લીલો રંગ પૂરો જ્યાં જ્યાં છે, ફીરંગીનુ તાજ—
આજ પર્વત સાટે કાળો, કાંકરા ગણુ રેતી ભાળ્યા ઇલાકા ૪
ઘઉં, જવ, તલ, ને ગોળ લાકડાં, લ્યો હાથમાં કપાસ
પૂગે પાક પ્રદેશ પ્રાંતમાં, જ્યાં જ્યાંની પેદાશ—
ખાસ જ્યાં વખણાએ સાગ, ભૂલાશે નહિ બધુ ભાગ ઇલાકા ૫

૧

બાળખેલ—બાળકસરત.

ઘડાની કસરત.

(બાળાઓ માટે)

ડાબો પગ ઉપાડો પે'લો, જમણો તેની આગળ થાય,
એની રીતે ચાલો જાણે, સૌ સખીઓ જળ ભરવા જાય
ચોકખા દેહ રાખો સર્વે, ચોકખા વસ્ત્ર ધરો નિજ અંગ,
હસ્તે મુખડે હાલી ચાલી, શોભાવો ભાગ નવરંગ
શિક્ષકની શિખામણ માનો, જો જો ચૂક જરા નવ થાય,
ગાતા ગાતા ચાલો જાણે, તાળ પ્રમાણે મૂકો પાય
વખત વિત્યો ભણતર ભણવાનો, કસરત કેરો આ છે કાળ,
ચંચળ થઈ ચાલો ચિત્ત રાખી, મુખથી નવ બોલો કંઈ બાળ

(એક મિત્ર તરફથી મળેલુ.)

૨

પનિહારી.

ચાલો સખીરી શાણી રે જઈએ પનવટ ભરવા પાણી,
ઝુલતી રે જઈએ પનઘટ ભરવા પાણી૦
સરખી સાહેની મળી ચાલો સહુ સાથે
ખાંધે લઈ દોરડુ બેડું લ્યો હાથે,
માથે મૂકીને ઉઢાણી રે—જઈએ૦
લટક મટકતા કૂવે પધારો,
ચડો ફાસીને અદર ઉતારો,
પાણી ભરાતા લ્યો તાણી રે—આવી પનવટ૦
દોરડુ વાળીને બેડું લ્યો માથે,
વરફેરા પથે સિધાવો સંગાથે,
મૂકો પણીઆરે શાણી રે—બેડું મૂકો૦
લાવી પનઘટથી ભરી પાણી —ઝુલતી૦ (મળેલુ.)

૩

હાલરડું.

આવી આવી રહી આ કેવી ચન્દા: અજબ કુમારી નાટકના
એ ગીતની ધુન
ઝુલો ઝુલો વ્હાલા બાલ મ્હારા '
લોચનીયાના તારા લીલોને ઉમગમા '
લાલ ' મ્હાલો મબ્બને મદિરિયે,
વ્હાલ ' હાલો અબારે ઉજાળીએ,
ઉછાળીએ, રમાડીએ ઉમગમા '
ઓળો જોળો હા, ઓળો જોળો હા

ઝુલો ઝુલો, વ્હાલા બાલ મ્હારા !
લોચનીયાના તારા, હીંચોને ઉમગમા !
પ્રભુપદમા તુજ બાંધ્યા પારણિયા,
બ્રહ્મલોકમા બતાવે બારણિયા,
ઉજ્જ્વલ ભયા મુખડાના લઈએ ઓવારણા
ઓળો ળોળો હા, ઓળો ળોળો હા
ઝુલો ઝુલો વ્હાલા બાલ મ્હારા !
લોચનીયાના તારા, હીંચોને ઉમગમા ! (લલિત)

૪

બાળખેલ.

(બાળાઓમાટે.)

પટ્ટો બાંધી આંખને તે ઉભી છે આ ઠામ, તે ઉભી છે આ ઠામ;
આસપાસ બાળ અમે ખેલીએ તમામ, અમે ખેલીએ તમામ
એક ફૂલ રાખુ તારા નાકનીજ પાસ, તારા નાકનીજ પાસ,
જો સખી આ ફૂલનો તું સુંઘી લે સુવાસ, તુ સુંઘી લે સુવાસ
જો તુ ખરૂ નામ દે તો ફૂલનુ ઇનામ, તને ફૂલનુ ઇનામ.
આપી તને છોડીએ તો બીજી બેસે ઠામ, તો બીજી બેસે ઠામ.
નાભળ માગી સ્યાણી બેની કહુ છુ મારી તુલ (૨)
સુગંધી આવે છે સુન્દર ગુલાબનુ એ ફૂલ (૨)
ધન્ય બેની નામ દીધુ ફૂલનુ ઇનામ, તને ફૂલનુ ઇનામ
એનના વખાણ કરી બોલીએ શાબાશ, કરી બોલીએ શાબાશ.

(મળેલુ)

૫

ન્હાનડિયા સીપાઈ

(૧)

રંગીલા ઉમંગી સીપાઈ ન્હાનડિયા [1]અમે આ ભાઈ,
[2]પડઘમ ઢમકતા અમ લોક જોવા મળે થોકે થોક,
[3]માપી માપી ચાલી ચાલ [4]આપી આપી પાયે તાલ
[5]બણુગા ફૂંકિયે ભલી ભાત તુતુતૂ સુરથી સૂર સાથ

(૨)

રંગીલા ઉમંગી સીપાઈ [6]શૂરા સૌ અમે આ ભાઈ
[7]ફરરર વાવટા ફરકત [8]ઊછળે હૈયુ અમ હરખત
[9]ઝમ્મરપટે ભભકાભેર ભરવી ચળકની સમશેર
[10]તે ચમકાવિયે આ વાર રણ રમવા અમે તૈયાર

સૂચના—બની શકે તો પાતળી ગુપ્તી જેવી ઝીણી લાકડીઓ અને પિસ્તોલો દરેક છોકરાઓને આપવી પિસ્તોલમા ટીકડીઓ ફોડે આથી આ બાળખેલ બરાબર બજવાશે, તેમ નહિ બની શકે તો પછી નીચેની સૂચના પ્રમાણે હાવભાવ સાથે ગીત શીખવવુ

૧ પોતાભણી હાથ કરી બતાવો ૨ પડઘમ વગાડતા હો એમ કરી બતાવો
૩ માપસર પગ ઉપાડો ૪ પગના ધબકારાથી તાળ આપો
૫ બગલમાથી બણુગુ કાઢી મોંએ ફૂંકતા હો એમ કરી બતાવો
૬ છાતી કાઢી અક્કડ ઉભા રહો. ૭ હવામા રૂમાલ કે વાવટા હલાવો
૮ મોં મલકાવો ૯ કમરે તલવાર લટકવી હોય એમ ડાબે પડખે ડાબો હાથ મૂકી બતાવો
૧૦ તલવાર ખેંચી હવામા ચમકાવતા હો એમ બતાવો

(૩)

રંગીલા ઉમંગી સીપાઈ [11]સાચા સઉ અમે આ ભાઈ
[12]તાકી ચોટ બંદુક ચડ્ [13]ફોડિયે ફટાફટ ફડ્
[14]જશના ચાંદ રૂડી રીત મેળવિગે અમે કરી જીત
ને વસિયે સદા સુખ માંહી રંગીલા ઉમંગી સીપાઈ
(કેશવ હર્ષદ ધ્રુવ)

૬

આગગાડીની રમત.*

ચાલો આવો ફરવા બેન આગગાડીનો સઉ,
સીધા ઉભા રહી સાથે ડબ્બા જોડીને સઉ,
સીટી વાગે સીટ સીટ,
ઉભી રહેશે નહિ મિનિટ,
વાવટો લઈ ગાર્ડ માસ્તર આપે હુકમ વન ટુ, થ્રી,
છુક છુક છુક છુક ચાલી ગાડી,
એન્જીન જોડેલું અગાડી.
આ પેલી સીગનલ પાડી,
સ્ટેશન પર આવી ગાડી
ચાલો, ચાલો ભાઈ બેસો ગાડીમાં જલદી તમે,
મેવા વાળા, ચીનડાવાળા, મજુરો તો બમે
જામે જમસેદ, એક આનો,
ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ, એક આનો,

---

૧૧ અડગ ઉભા રહો ૧૨ ડાબા હાથના પંજાથી બંદુક બનાવી નિશાન તાકતા હો એમ બતાવો. ૧૩ બંદુકના ભડાકાને ઠેકાણે ચપટી વગાડો. ૧૪ છાતીએ ચાંદ લટકતો હોય એમ બતાવો

પાન સોપારી, ભજીઆ ગાઠીયા,
છે આ હલવો માહીમનો—છુક છુક

૭

મોટરકાર.*

બાળક—મા મને મોટર ગાડી વા'લી,
કેવી ઝડપમા જાયે ચાલી—મા મને મોટર ગાડી વા'લી ૧
મોટો કાળ મોટરમા બેઠો, એક્સિડન્ટ-અકસ્માત,
વખત બચાવે મોટર જાણો, ચાલે તે સડસડાટ,
ભો, ભો, ભો, કરતી ચાલી— મા મને૦—૨
ટાયર, ટયુબ રબરના જેના, હવા ભરીને ચાલે,
પેટ્રોલ પાણી પેટમા પુરે, ત્યારે મોટર ગાડી ચાલે
રસ્તા સડકવાળા ભાળી— મા મને૦—૩
ચાર પાંચ કે ત્રણ સીટની, વળી કોઈ છ સીટવાળી,
મોટર બસ, લારી તો મોટી, માલ ખેચવા વાળી,
વખત બચાવે ઝડપ વાળી— મા મને૦—૪

૮

(સાઇકલ)*

(રાગ યમન કલ્યાણ)

સરરર સાઇકલ ચાલી,
બાઇસીકલ મોટર વાલી—સરરર૦ ૧
સાઇડકાર બાજુની ગાડી,
મોફર મોટર હાકે દાં'ડી
ભો, ભો, ભો, બૂંગળુ વગાડી,
મડમ બેઠી માહે ટોપી વાળી—સરરર૦ ૨

હેન્ડલ સોકગ રાખે પકડી,
થોભાવવા બ્રેક રાખે જકડી,
જો ટીં, ટીં, ટીં, વટડી વગાડી,
બાજુ ખસો ચાલી—સરરરર૦ ૩

ન ૭, ૮, લેખક –શ્રીયુત કાનજી કાલિદાસ જોષી ન્યુહાઇસ્કુલ, મુબઇ.

૯

લોકગીત.

નાનાં બાળકો માટે

હાલરણુ

ચાદો સુરજ રમતા’તા, રમતા રમતા કોડી જડી,
કોડી તો મે વાડમા નાખી, વાડે મને વેલો આપ્યો,
વેલો મે તો ગાયને નાખ્યો, ગાયે મને દૂધ દીધુ,
દૂધ તો મે મોરને પાયુ, મોરે મને પીછુ આપ્યુ,
પીછુ મે રાજાને આપ્યુ, રાજાએ મને ઘોડો આપ્યો,
ઘોડો તો મે બાવળીયે બાધ્યો, બાવળે મને શૂળ આપી,
શૂળ તો મે ટીંબે ખોચી, ટીંબે મને માટી દીધી
માટી તો મે કુભારને આપી, કુભારે મને ઘડો આપ્યો,
ઘડો તો મે માળીને આપ્યો, માળીએ મને ફૂલ આપ્યા,
ફૂલ તો મે મહાદેવને ચડાવ્યા, મહાદેવે મને ભાઈ આપ્યો,
ભાઈ તો મે ભાભીને આપ્યો, ભાભીએ મને ચણા આપ્યા:
ચણા ચણા ખાઈ ગયો (ગઈ), ફોતરા મે ઘાચીને આપ્યા
ઘાચીએ મને તેલ આપ્યુ, તેલ મે માથે ઘાલ્યુ,
માથે મને જૂ આપી, જૂ મે તળાવમા નાખી,
તળાવે મને પાણી આપ્યુ, પાણી મે આભે રેડ્યુ,

આબે મને કેરી આપી, કેરી હુ ખાઈ ગયો (ગઈ),
ગોટલો મે વાદરાને ફેક્યો, વાદરે મને સલામ કરી

૧૦
બિલાડી અને ઉંદરો.

બિલાડી—ત્રણ નાના ઉંદરો, કાતવા બેઠા,
,, બિલાડીએ આવીને ચુપકીથી જોયુ,
બિલાડી—તમે શુ કરો છો ? મારા ત્રણ માણુસા
ઉંદરો—હમે બ્રસના ડગલા, વણીએ છીએ
બિલાડી—હુ આવીને તમારો, દોરો લપેટુ (૩)
ઉંદરો—અરે ! નહિ મિસીસ, પુસી હમે બીએ છીએ
બિલાડી—તમારી લાબી મૂછો, કાળી આખો તે મને બહુ ગમે છે
તમે બારણુ ઉઘાડો, બારણુ ઉઘાડો (૩)
ઉંદરો—બધા ઉંદરોએ ખુશી થઈને બારણું ઉઘાડ્યુ,
બિલાડી—બિલાડીએ અંદર જઈને બધાના માથા કરડી ખાધા

સૂચના—આ પ્રકારની કૃતિઓ સમાજમા બહુ પ્રચલિત હોય છે, ધીમે ધીમે તેનો પ્રચાર ઓછો થતો જતો હતો, પરતુ બાળશિક્ષણના કેટલા સિદ્ધાતો સમજાયા પછી આવા જોડકાની અગત્ય સમજાવા લાગી છે નાના બાળકોની ધારણશક્તિને આવા જોડકા કેળવે છે બાળકોની બોલ બોલ કરવાની ઉત્કંઠા આવા જોડકાથી પોષાય છે અને તેમને સંતોષ સાથે આનદ મળે છે, બાળકોનો શબ્દભંડાર વધારવાનુ સાધન આવા જોડકા થાય છે; અને કાબેલ માબાપ અગર શિક્ષક આવી કડીઓનો ઉપયોગ પદાર્થોની ઓળખાણ કરાવવા બહુજ ખૂબીથી કરી શકે છે

માણસે દરેકને ઉપયોગી થવુ, અને સર્વ પદાર્થો એક બીજાને બદલો આપે છે, અને ઉપયોગી થઈ પડે છે તે પણ ઉપરના જોડકાથી ઠસાવી શકાય છે

પદાર્થ પાઠ.

૧

પોપટ.

પોપટ પંખી ચતુર સુજાણ, પઢો પોપટજી શ્રી ભગવાન,
લાલ ચાંચ લીલુડો વાન ! કોટે કાઠલો, મુદ્દગ ગાન ૧
પોપટ તું પરદેશે જાય, દઈ સમાચાર વિશ્વાસુ થાય,
મન્દ્ર પાંજરે પૂરી દઉં, ગંગારામ ? કહી ખુશી થાઉં ૨
મગફળી મરચાં ભાવે ઘણાં, જામફળ, બોર, ચૂગે ઘણાં
વિવિધ ફળો મેવા અનાર, ખાઈ પી કરે આનન્દ અપાર ૩

૨

મીઠો મોરલો

મીઠો મોરલો રે ! મારી ઢેલબાનો કન્થ,
ઇન્દ્રવેલ અંગે ઓઢી પીછડામાં ચન્દ
કહે ઊગ્યા આભ એને કલગીનો આનન્દ,
પાય નાચે નૃત્ય એવા છબીલાના છન્દ
મીઠો મોરલો રે ! મારી ઢેલબાનો કન્થ,
મીઠો મોરલો રે ! મારી ઢેલબાનો કન્થ !

ન્હાનાલાલ દલપતરામ કવિ. એમ એ

૩

કોયલ.

કાળી કોયલ બોલે, કુઉઉઉ !
આંબલીઆની ડાળે, કુઉઉઉ !
વન વગડો ગજાવે, કુઉઉઉ !
અમી ટહુકા રેલાવે, કુઉઉઉ !

ગહન ગીત લલકારે, કુઉઉઉ !
વસંતને સત્કારે કુઉઉઉ !
મંજરી માંહી છુપાતી, કુઉઉઉ !
ડાળે ડાળ લપાતી કુઉઉઉ !
શ્રવણ પથે રસ રેડે, કુઉઉઉ !
દુખડા સર્વે ફેડે કુઉઉઉ !
કોયલ તુજને જાણી, કુઉઉઉ !
વસંતની પટરાણી કુઉઉઉ !

સીતારામ જે, શર્મા

૪

કૂકડો.

ઊઠી સવારે કૂકડો બોલે કૂકડે કૂ, વેલો ઊઠ સવારમાં સૂઈ ગ્યો કાં તું

૫

કાગડો.

કા કા કરતો કાગડો કૂદે ઝાડની ડાળ, ઊઠો વે'લા તે કહે, પાઠ કરવા બાળ.

૬

ચકલી.

ચકલી ચી ચી ચી કહે, જાગો જાગો બાળ !
દાતણ કરી નાહી ભજો પ્રભુ જગતના બાળ,

૭

રોટલી.

*ચોખાની ને ઘઉં તણી, પ્રથમ રોટલી શીખ,
લોટ પાણીથી બાંધીને, ફેરવ ફુલકું ઠીક ૧

* ચોખાના આટામાં ગરમ, ઘઉંનામાં ઠંડું પાણી નાખી કણક કેળવવી.

કણક થોડીક લેઈને, વેલણ રાખી હાથ,
વણી ગોળ કર પાતળી, પછી તવીપર નાખ્ય ૨
અધી ચઢે કે તુરત લઈ, લગાર દઈશ જો તાપ,
ઉપરાને ફટો થશે, બીજી તવીપર નાખ્ય ૩

૮
ધાતુ.

સોનુ ને રૂપુ વળી, તાંબુ લોઢુ ભાઈ,
સીસુ, જસત, ધાતુ ગણો, ખોય નીપજે ભાઈ'

૯ ઘડિઆળ.

જુઓ તમે આ કટકટ કેવુ, બોલે છે ઘડિઆળ,
ઉતાવળી ધીમી છે કેવી, બે કાંટાની ચાલ
કલાકનો કાંટો આ નાનો, ધીમે ધીમે જાય,
મિનિટનો કાંટો પણ મોટો, ઉતાવળો બહુ થાય
એકજ ફેરો નાનાનો, મોટાના ફેરા બાર,
મોટો કાંટો મિનિટ દર્શાવે, નાનો કલાક જ સાર
નિયમિત તેઓ ચાલે ઝડપથી, જરા કરે નહિ વાર,
વખત બતાવે ભણવા માટે થાઓ હવે તૈયાર (મળેલુ)

૧૦ વલોણુ.

ઘમ વલોણા ઘમ

ઘમ્ વલોણા ઘમ્, ચૂડો બોલે છમ્,
ચૂડે ચૂડે મોતી, વલોણા વલોવતી ડોસી
ડોસી ખાય દહીં, છોકરા ખાય છાશ,
ડોસી મારી ઢીંગલા જેવી, છોકરા મારા છોડીયા જેવા'

સંપાદક—રામદાસ ઈ. પટેલ

૧૧

ચાંદા મામા.

ઉગો ચાંદા મામા અંધારૂં થાય છે,
અંધારૂં થાય મારૂં મનડું મુઝાય છે ઉગો૦ ૧
તારા તમારા ના મારગ બતાવે,
જરા જરા ઝબકે ઉંચે શું કામ આવે ઉગો૦ ૨
અંધારે અથડાતા ઉલટા ભૂલાવે,
ભૂલા પડેલાને ઝાઝા ભમાવે ઉગો૦ ૩
ઉગો ચાંદા મામા અંધારૂં ટાળવા,
આપો ઉજાસ ખરી દિશા સુઝાડવા ઉગો૦ ૪
ધરતી બનાવી દ્યો રંગે રૂપેરી,
શોભા વધારોને જગની ઘણેરી ઉગો૦ ૫
લાગે રૂપાળું ચાંદરણું તમારૂં,
અંતર અજવાળોને મામા અમારૂં ઉગો૦ ૬

જગજીવનદાસ દ૦ મોદી

૧૨

વાદળીઓ.

મા ! પેલી વાદળીઓ, જો જો, પાણી ભરવા જાય,
દરિયામાંથી પાણી લાવી લાવી રેડે ભોય . ૧
દોડી દોડી, પાણી ભરીને શાને ઢોળી નાખે,
બા ! તું તો કદીયે રસ્તામાં, એઠું ફોડી ન નાખે ૨
બા ! તું તો કહે દરિયાનું તો, પાણી ખારૂં ખારૂં,
પણ આ વાદળીઓનું પાણી જરા ન લાગે ખારૂં ૩

વાદળીઓ બા ' એક બીજાની, બાથે રહીને ચાલે,
વરસીને પછી ઘડીકમા તો, ક્યા સતાઈ જાયે ૪
આકાશે, બા ' એ શી રીતે, અદ્ધર પદ્ધર ચાલે,
ને દરિયામાથી શી રીતે પાણી ખેચી લાવે ૫
વરસાદની સાથે વાદળીઓ નીચે કેમ ન આવે,
આવે તો બા ' એની સાથે રમતા સારૂ ફાવે ૬

૧૩

આવ રે ' મેહુલા આવ '

આવ રે મેહુલા, આવ રે આવ, નેવલે ન્હાવા પાણી લાવ,
ઝરમર ઝરમર કરતો આવ, દરિયામાથી પાણી લાવ,
આવ રે ! મેહુલા આવ

વિજળી ચમક ચમક કે થાય, રાતા પીળા રગ જણાય,
આખોમા એ પેસી જાય, પલકારામા નાસી જાય;
આવ રે ' મેહુલા આવ .

સુરજને તે દાબી દીધો, પાણીમા સુવાડી દીધો,
તારે રહેવાને મઠ તાણ્યો, પલકમાહી ઉપાડી લીધો;
આવ રે ' મેહુલા આવ.

વાદળીયો જ્યા જ્યા જુઓ ત્યા, પડુપડુ થઈ ખાય ડુબકીઆ,
નોબત ગાજે તારી ત્યા તો રેલમછેલ કરે અવનિમા.
આવ રે ' મેહુલા આવ

રાક્ષસ જેવી નોબત તારી, પછાડ તારા ડરા ભારી,
સરસર, સરસર, કરતુ પાણી રેડ કરી નભમડળ ખાલી,
આવ રે ' મેહુલા આવ .

(ન ૧૨, ૧૩ બાલજીવન જૂન ૧૯૨૫ પૃ૪ ૩૪૯–૩૫૦)

ઋતુ, મહિના અને તેના વિભાગ.

૧૪

વરસ એકના મહિના બાર, મહિનાના અઠવાડીઆ ચાર,
એ પખવાડીએ મહિનો થાય, ત્રીસ દિવસનો માસ ગણાય.

૧૫

કાર્તિક, માગસર, પોષ ને માહા, મહિના એ શિયાળાના,
ફાગણ, ચૈત્ર, વૈશાખ ને જેઠ, મહિના ઉનાળાના બેસ
આષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો, એ ચોમાસાના માસો

૧૬

દોહરા.

જાનેવારી જાણજો, ફેબ્રુઆરિ ફરી હોય,
માર્ચ એપ્રિલ મે પછી, જૂન જુલાઈ જોય ૧
એ પછી માસ ઓગસ્ટ છે, સપ્ટેમ્બર સુખધામ,
ઓક્ટોબરના અતથી, નક્કી નવેબર નામ ૨
પછી ડીસેબર દેખીને, ખરેખરી કર ખોજ,
તો તેના ત્રણમે અને પાસઠ પૂરા રોજ ૩
ચાર છ નવ અગિઆરમા તેના તો દિન ત્રીશ,
અવરે એકત્રીશ છે, બીજે અઠ્ઠાવીશ ૪
ચલ્લુ ચોથા વરસનો બીજો જે બોલાય,
તે તો ઓગણત્રીશનો ગણતા એમ ગણાય ૫
પણ સૈકાના વરસમા અઠ્ઠાવીસ લખાય,
દર ચોથા સેકા વિષે ઓગણત્રીસ લખાય ૬
વરસ બેસતા બારમી તારીખ તે સક્રાત,
જૂન પાચમીએ જઈ મળે, રવી મૃગશર નહિ ભ્રાત ૭

તાપ તપે એ માસમા, જૂન ગરજે ઘમઘોર,
ઓક્ટોબરમા આળશે, જળ વરસ્યાનુ જોર ૮
ડિસીવીસનના આકમા છપન ભેળીએ છેક,
સવત વિક્રમનો વળી આવે એ જ વિવેક ૯
એ સવતથી એકસો તથા ઘટે પાત્રીશ,
શક શાલિવાહન તણો, ચત્રે ચઢ્યો કહીશ ૧૦
આ એકાદશ દોહરા કર્યાં સર્વને કામ,
ગિગતે અમદાવાદમા રહીને દલપતરામ. ૧૧

૨૦ ૬૦ ડા૦

૧૭ પ્રચડ પ્રતાપનિધિ—રવિ.

હરીગીત.

રવિરાજના પ્રતાપનુ કોઈ માપ કાઢી શુ શકે,
પૃથ્વીતણા ઉંડા પડો, ઉકળાટથી આઘા ખસે
લાખો કરોડો કિરણથી પૃથ્વી પકડતો જોરથી,
વસ્તી બધી ધ્રુજાવતો, શાબાશ તુ પૃથ્વીપતિ ૧
પ્રાણી બધાને પોષતો, વળી શોષતો જળ સર્વથી,
વૃક્ષો બધા વિસ્તારતો શાબાશ તું પૃથ્વીપતિ
તુજ તેજના અંબારથી, આખો બધી ઝખાય છે,
વળી સામુ જોતા સર્વના નેત્રો સજળ થઈ જાય છે ૨
નિયમિત તારૂ ઉગવુ, પ્રાચી દિશામા થાય છે
પશુપક્ષી પ્રાણીમાત્રને આનદ ઉગ ઠવાય છે

---

* હાલમા સક્રાત તા. ૧૨ ને બદલે તા. ૧૩-૧૪ મીએ એસે છે ચૈત્રથી કારતક સુધીમા ૧૩૪ અને કારતકથી ચૈત્ર સુધીમા ૧૩૫ બાદ કરેથી શકનો બરોબર આકડો નીકળે છે

પ્રાત સમયની બાળ સૂર્યની ઝાખી સૌ કો ન્હાય છે,
દર્શન કરી પ્રસન્ન થાતા પ્રાણી સૌ મલકાય છે. ૩
પ્રતાપ પૂર્ણ વડે જગતનુ રાજ્ય રવિરાજા કરે,
ધીમે ધીમે પ્રસારતો પ્રતાપ પૃથ્વી ઉપરે
દીનેશ તુ વિશેષ આ તપ આપતો મધ્યાહ્નમા,
સન્ધ્યા સમે વિચિત્ર વાદળ પુરતો ક્ષિતિજમા ૪

(બાલુભાઈ રતનચંદ શાહ.)

૧૮ ચંદા.

ખીલી ખીલી રહી આ કેવી ચંદા
સરે મન્દ મન્દા, આનન્દે ગગનમા—
જાય સરતી રૂપેરી વનમા, જુએ ઝાખી ઝાખી ઘનમા,
પવનમા—ભુવનમા—વ્હાલાના વદનમા—ખીલી૦
ઝાખી ઝાખીને હસે, હસતી હસતી જાય,
જાતા જાતા રસ ઝરે, રસે પ્રાણ પોષાય,
પ્રાણ પોષે પ્રીતિની લગનમા
સમે પીડા આરામ થાય મનમા
આ તનમા—ગહનમા—શાન્તિના વહનમા—ખીલી૦ (અજબકુમારી)

૧૯ ભાઈ*

કડવી હોય લીંબડી, મીઠી હોય છાય,
બંધવ હોય અબોલણા, પણ પોતાની બાહ્ય
ધનથી નારી સાંપડે, પુત્ર નસીબે હોય,
માડી જાયો નવ મળે, લાખો ખરચે તોય

* આ ગીત પૃષ્ઠ ૬૬ મા ન ૧૯ પછી પૃષ્ઠ ૧૩૨ ના ૮૪-૮૫ ના ગીત ૨૦-૨૧ તરીકે અને ઉપરનુ ન ૧૯ નું ૨૨ મુ ગણી લેવુ, અને પૃષ્ઠ ૬૬ માનાં ૨૦ અને તે પછીના ગીતો ૨૩ અને તે પછીના ક્રમમા ગણી લેવા.

૨૦

અંગ્રેજી મૂળાક્ષરો.

(રાગ અંગ્રેજી)

નાના નાના બાળકો આમ આવોની,
હું તમને શીખવું, એ, બી, સી
એ, બી, સી, ડી, ઇ, એફ, જી,
A, B, C, D, E, F, G,
એચ, આઈ, જે, કે, એલેમ, એનો પી,
H, I, J, K, L,M, N,O P,
એલેમેનો, પી, ક્યુ, આર, એસ, ટી,
LMNO, P, Q, R, S, T,
યુ, વી, ડબલ્યુ, એક્સ, વાઇ, ઝેડ, જી
U, V, W, X, Y, Z, જી

(કે. કે. જોષી, ન્યુહાઈસ્કૂલ મુંબાઈ)

૨૧

લંકાનાં ઉખાણાં

લંકાનો લોટ લાવી આપો.

રાતા બગલા રણે ચડયા, પાણી દેખી પાછા વળ્યા,
એક બગલાનો ભાગ્યો હોઠ, લંકાએથી આવ્યો લોટ
લંકાની દોણી લાવી આપો.
ગાતા બગલા રણે ચડયા, પાણી દેખી પાછા વળ્યા,
એક બગલાની ભાગી કોણી, લાવ્યા રે લંકાની દોણી.

લકાની રાખ લાવી આપો.

રાતા બગલા રણે ચડયા, પાણી દેખી પાછા વળ્યા,
એક બગલાની ભાગી પાખ, આવી રે લકાની રાખ.

લંકાનું શાક લાવી આપો.

ગતા બગલા રણે ચડયા, પાણી દેખી પાછા વળ્યા,
એક બગલાનુ ભાગ્યુ નાક, આવ્યુ રે લકાનુ શાક

લકાનાં પાન લાવી આપો.

રાતા બગલા રણે ચડયા, પાણી દેખી પાછા વળ્યા,
એક બગલાના ભાગ્યા કાન, લકાએથી આવ્યા પાન.

લકાના મગ લાવી આપો.

રાના બગલા રણે ચડયા, પાણી દેખી પાછા વળ્યા,
એક બગલાનો ભાગ્યો પગ, આવ્યા રે લકાના મગ,

લકાનુ લોહુ લાવી આપો.

રાતા બગલા રણે ચડયા, પાણી દેખી પાછા વળ્યા;
એક બગલાનુ ભાગ્યુ મોહુ, લાવ્યા રે લકાનું લોહુ

લકાની રાણી લાવી આપો.

ગતા બગલા રણે ચડયા, પાણી દેખી પાછા વળ્યા;
એક બગલાની આખજ કાણી, લાવ્યા રે લકાની રાણી.

સપાદક—શાહ રતીલાલ ફૂલચદ મોરબીવાળા.

૨૨ બાલ ઉખાણાં.

(૧) સુકાય નહિ તાપે જો ધરો, છાયામા કરમાયે ખરો,
પવન અડે પળમાહી મરે, કહો કાયથી એ શુ ઝરે ?
પરસેવો.

(૨) એવો ચીજ બતાવો એક, નહિ મોટી નહિ નાજુક છેક,
કિમતી પત્થર શિરપર ગ્રહે, આગળી જેના પેટમા રહે
વીંટી.

(૩) પેટ મહી પાણી ભરી, શિરપર રાખી આગ,
પછી વગાડી વાસળી, નીકળ્યો કાળો નાગ
હુક્કો.

(૪) જન્મ થતા જન્મે છે જેહ, મરણ થાય તો મરતી તેહ,
સૌની પાછળ પાછળ જાય. અલોપ અજવાળામા થાય
પડછાયો.

(૫) ત્રણ અક્ષરથી તે બની, વસ્તુ રગે શ્યામ
જ્યા જ્યા જ્યોતિ જળહળે ત્યા ત્યા તેનુ ઠામ
પહેલા ત્રીજાથી બને, શબ્દ સર્વને ખાય,
પહેલોને બીજો મળે, સૌ મનમા હરખાય
બીજા ને ત્રીજા થકી, ઉપજે વસ્તુ જેહ,
જીવજતુ જીવે નહિ, તે વિણ નવ સંદેહ.
કાજળ. " **કમલાકાન્ત.**

૨૩

(૧) ઘડી ઘડી મુજ ખાય સહુ જન તોય મુજ દરશન નહી,
ખાતા છતા ચાવી શકે ના પચન જીરણ કઈ નહી
ખાઈ તરત જ બહાર કાઢે સાર વસ્તુ હુ મહી,
એવો અજબ હુ કોણુ? જેના વિણ જગત્ જીવે નહી ?
વાયુ.

(૨) એક છોડ એવો તેના ભાલા જેવા ફળ,
શાકનો એ ગજા છે એ કે'તી તું કળ.

(૩) અથવાળુ આરસે ગાડવાળુ બારસે,
બારસે ઓરડી તેરસે હુંઠા ગાય છે ઘરડી દૂધ છે મીઠા
(૪) ગોળ ગોળ ગોરી ગાય, ગોળ ગોળ ફરતી જાય,
ઘણા દાણા ખાય તોએ તેનુ પેટ ના ભરાય ઘંટી.
(૫) જળમા નીપજે જળમા થાય, જળ દીઠે જીવડો જાય
(૬) લાબુ લાબુ લસપસ, ત્રણ માથાને પગ દશ
(૭) આઠ ખુણાનુ ચોસલુ ઉચુ ઉડતું જાય,
રાજા પુછે રાણીને, કયુ જનાવર જાય ?
(૮) તીખુ તીખુ તરકકુ ને ઉપર કલગી ટોપી,
લીલુ સુકુ રાતું થાતું મસાલાનુ મોતી મરચુ.
(૯) ડાકાનો બલદ કાબરો, કોયલા સરોડા ખાય,
પુછડી ઝાલી તાણે તો, વાદળ જેવડો થાય
(૧૦) વાંકો ચૂંકો આવળીઓ ઉપર બેઠો હોલો,
બળદ તેને ફેરવે એ શુ હશે તે બોલો

અબેલાલ સવરામભાઈ દેસાઈ.

આવકાર-સ્વાગતનાં ગીતો

૧ મંગળાચરણ.

આવો ! પ્રિય ઉદય પામતું મંગળ પ્રભાત વધાવો !
સુખના દિનની શરૂઆત થઈ,
રજની દુ:ખની દૂર નાશી ગઈ,
પ્રીતિની સરિતા ઉભરાઈ રહી,
છલકાઈ ગઈ આવો ! ૧

(ઉદયબાળા નાટકમાથી)

૨

આવો ! પ્રિય ઉદય પામતું મંગળ પ્રભાત વધાવો !
ભણતા ભણતા ભલી ભાત થકી,
કૃષિ કેળવણી ફલદાયી ફળી,
સહિ આપ વડિલ તણા શ્રમથી,
ભલી ભારતી બહુ ફળદાયી ફળી
શિશુ આપ્તજનો સહિ આનંદી થઈ,
લઈ કેળવણી ફળદાયી ખરી
સુખદાયી ખરી આવો ! ૨

૩ પ્રભાત.

રાગ–રામકળી

રંગીલું પ્રભાત આજ રંગ રંગ લાગે—
રંગીલું પ્રભાત આજ૦—ટેક૦

રંગીલું પ્રભાત આજ, શો સજ્યો સુનેરી સાજ,
પવન લે'કી ઠંડી તાજી, ખીલ્યા પુષ્પ બાગે —રંગીલું૦
પારિજાત ગૂલકળી, મોગરા ગુલાબ તણી,
લપટમાંહ્ય લટુ ભ્રમર, ભમે જાગ જાગે !—રંગીલું૦
મીઠા સૂર પક્ષી કરે, અંગમાં ઉમંગ ભરે,
ભૈરવી–અલાપ સુણી, ભીડ સઘી ભાગે —રંગીલું૦
ઉદ્યમે ઉમંગી મન, સ્નાનથી પવિત્ર તન,
ઉત્તમ અભ્યાસ થકી, ભાગ્ય–ઉદય આગે !—રંગીલું૦
સર્વોત્તમ બ્રહ્મજ્ઞાન, ઉદ્યમ નહિ એ સમાન,
સફળ દિવસ ધન્ય આજ, અનુભવ અનુરાગે !—રંગીલું૦

ત્રિવિધ તાપ ટળે રોગ, નિત્ય નિત્ય નવા જોગ,
વિજય પાકુ તેજ જે, પ્રભાતે રંગ રાગે'—રંગીલું૦
(સાહિત્ય વિલાસ)

૪

ભલે પધાર્યા આપ અહીં, શિશુ હિત કરવા કાજ,
સદ્દભાવે નમીએ વળી, ધન્ય ભાગ્ય અમ આજ

૫

ધન્ય! ઘડી શુભ આજની, ધન્ય મિતિ શુભ વાર,
ધન્ય! આગમન સજન તમ, શોભે શાળાદ્વાર
પરમાનંદ પ્રસંગ આ, હર્ષ ભર્યા શિશુમન,
અમૃત દૃષ્ટિ હરિ કરો, વર્ષો આનંદ ઘન!

૬ શિક્ષકસમાજ વખતે શિક્ષકોને અભિવંદન.

વળી વળી નમીએ આજ, ગુરુઓને વળી વળી નમીએ આજ
જય જય શિક્ષક સમાજ, ફલવતી જય જય શિક્ષક સમાજ
વિશ્વ વહે છે બુદ્ધિબળથી, જ્યાં ત્યાં બુદ્ધિરાજ જય જય૦
રાજામાં પણ તેજ છે મોટો, જે શિર બુદ્ધિતાજ જય જય૦
તે બુદ્ધિના દાતા આપ જ, દેશ સકળ સુખકાજ જય જય૦
વૈદ્યો નવ વ્યાધિ હણી શકતા, તે હણતા ગુરુરાજ જય જય૦
પણ ન મરળ એ પદ જીરવવું, ગુરુપદ દુઃખનો સમાજ જય જય૦
જેમ એ પદનું માન વધારે, તેમ કઠીન એ કાજ જય જય
માત તજે સુખ બાળ સુખાર્થે, તેથી ગુરુ દીલ દાઝ જય જય૦
અમ બાળકની વિનતી એ છે, સાચવજો નિજ લાજ જય જય૦
અમ હિતમાં હિત દેશ સકળનું, જોજો ન ભૂલશો આજ જય જય૦
સુંદર શબ્દથી સ્વાર્થ સરે ના, યત્ન વડે સૌ કાજ જય જય૦

આપ તણા ગુણ નહિ વિસરીએ, છો અમ શિરના તાજ જય જય૦
न गुरोरधिकं न गुरोरधिकं, એમ ભણે શિશુ આજ જય જય૦

૭ શિક્ષક મંડળના સભાસદોને સ્વાગત.

(ધન્યાશ્રી.)

આજ આનંદ અપાર ઉપજ્યો, આજ આનંદ અપાર,
શિક્ષક મંડળે સભ્ય જનોના, દર્શન કરી સુખકાર ઉપજ્યો૦
આજ સમાજની ઉપર નિરખી (૨) ઉન્નતિનો આધાર ઉપજ્યો૦
દૈવ સદૈવ અનુકૂળ થઈને (૨) કરજો સફળ વિચાર ઉપજ્યો૦
સર્વ સ્વજનમાં સ્વપ્ને ન રહેશો (૨) ક્લેશ કુસંપ લગાર ઉપજ્યો૦
ભૂમંડળમાં આ મંડળનો (૨) પામજો યશ વિસ્તાર ઉપજ્યો૦
સુખ શાંતિ ને સંપત્તિ આપો (૨) જય શ્રી જગદાધાર ઉપજ્યો૦
પરમેશ્વર વિભુને નમી નમી વંદીએ વારંવાર ઉપજ્યો૦

૮ શિક્ષક મંડળની મહત્તા.

ગુણ મંડિત મંડળ શિક્ષકનું, અતિ શોભિત અહીં એકત્ર બન્યું,
નિજ દેશ હિતે ધરી હેત ઘણું, કરી સાર્થક નામ સુધારકનું ગુણ૦
શિષ્ય સુધારક શાન્તિ પ્રસારક, ઉન્નતિ-કરણ વિચારકનું,
વહેમ વિદારક દુર્મતિ દારક, ભાવિ પ્રજાજન નાયકનું ગુણ૦
જ્ઞાન જ્યોતિ પ્રકટાવી જગતમાં તિમિર તમામ વિનાશકનું,
ધર્મ કર્મ કર્તવ્ય પરાયણ ભારતી દેવી ઉપાસકનું ગુણ૦
સ્નેહ સંપ સન્મતિ વધારક, અંતર કિલ્મિષ હારકનું,
સર્વ કાળ સન્માર્ગ પ્રદર્શક અવનતિ માર્ગ વિઘાતકનું ગુણ૦
એ મંડળ આ ભૂમંડળમાં, કરો કાર્ય ઉદ્ધારકનું,
પ્રભુ કૃપાએ યશસ્વી નિવડી બનો બલિષ્ટ જગતારકનું ગુણ૦

૯

ઉગ્યો આજ સોના કેરો ભાણુ, પધાર્યા સૌ ગુણવંતા રે,
દેવાને શિક્ષકોને માન.
સભાઓ ભરવા આજે, ઉત્તેજન દેવા કાજે (૨)
ઇચ્છી સૌ શાળાનું કલ્યાણ, પધાર્યા ગુણવંતા રે.
કીધા ઉપકારી ભારી, કહીએ શું વારી વારી (૨)
સ્વીકારો સ્વાગત, અમ મેમાન, પધાર્યા સૌ ગુણવંતા રે
જગતના નાથ પ્રભુજી ! સુણી શિક્ષકની અરજી (૨)
વધારો યશ કીર્તિ સન્માન, પધાર્યા સૌ ગુણવંતા રે

૧૦ વિસર્જન થતી વખતે.

મેમાન વહેલા વળજો, દર્શન અમી અમને દેજો રે,
મેમાન વહેલા વળજો
પ્રીતે પધારી મંડપમાહિં સહાય્ય કરી શુભ કામે,
સુખકારી રહો દીન જામે,
અમ ભૂલચૂક મન નવ ધરજો રે—મેમાન વહેલા વળજો
આપી પ્રભુએ ઉત્તમ તક આ, રામરાજ્યમાં આજે
ઉન્નતિ પદ ચિત્તમાં ધરજો રે—મેમાન વહેલા વળજો

૧૧ શિક્ષકની વિદાયગીરીના પ્રસંગે.

ગીતિ.

મૃદુકમળ ખૂબ ખીલી, નર્શીધર નગે ઉમંગે રમતા,
શિશુ સકળ ગુરુ છાયે, જ્ઞાનામૃત ભોજન હરનિશ જમતા
વાયુ વઢ્યો વિમળે, વાદળમાં શર્શીધર ઘેરાયો,
ગુરુની છાયા ઘટતા, શિશુકમળને શોક પવન વાયો—

હરિગીતની ચાલમાં.

અમે બાળ સૌ દીલગીર જાણી, ગમન શ્રી ગુરૂરાજજી,
સકળ આ સમાજમા, કરીએ કૃપાની આજીજી,
બહુ બોધ પામ્યા, દુખ વામ્યા, વિમળ મનડા તો થયા,
ગુરૂરાજ આપ પ્રતાપથી, અમે જ્ઞાનીને ગભીર ભયા—૧
કથીએ સુખેથી કેટલુ આપે લીધો પરિશ્રમ અતિ,
આભારના અબાર, રસના ગાન કરી શકતી નથી,
કરી શાન્તિસિંચન બાળકોને કેળવ્યા દાખી દયા,
રીતિ નીતિ શુભ શિખવી, પ્રભુ નામના પ્રેમી કર્યા—૨
શિક્ષણ વડીલ સન્માનનુ, સદ્‌ગુણ સતોષે ભર્યા
તન મન મલીનતા, ટાળીને નેહી નજર રાખી રહ્યા-
શિશુ સકળની યાચના, સુખશાન્તિ અર્પે શ્રી હરિ,
વિધવિધ વૈભવ વસ્તી હજો રિદ્ધિ સિદ્ધિની હેલી કરી,—૩
ટળી શોકને સંતાપ સઘળા, દીર્ઘ આયુ આપજો,
શકર કરો કલ્યાણ, શ્રી ગુરૂ નામના જગ જામજો,
અમે બાળ સૌ દીલગીર જાણી, ગમન શ્રી ગુરૂરાજજી,
સકળ આ સમાજમા, કરીએ કૃપાની આજીજી — ૪

૧૨ આવકાર.

ધન્ય પ્રેમ પધાર્યા સજ્જનો ધન્ય૦
સભા શોભાવાને કાજ, તસ્દી આપી અમે આજ (૨)
દયા આણી દીલદાઝ, ક્ષમા કરજો શિરતાજ
હેમ-મય રવિ ઉગીયો આજનો ધન્ય૦
કર્યું આપે રૂડું કાજ, થયા ખુશી સૌ બાળ (૨)
ક્ષમા કરો દીનાનાથ, દેશે આશિષ સૌ બાળ
પ્રેમ રાખજો સદાએ આવી જો. ધન્ય૦

ઽન્વા ધારીએ આનંદ, કરી પાઠનો પ્રારંભ (૨)
ઽ૮ ભૂલ ચૂક થાય, કરજો આપ સહુ માફ
વિનવીએ અમે સૌ બાળકો ધન્ય૦ (મળેલુ.)

૧૩ વિદ્યાની વાડી.

ચાલો જોવા સખી (ભૂલેશ્વર)મા વિદ્યાની વાડી,
સુમન વેલ અતિ ખીલેલી ઘટા કરે ઘાડી
જ્ઞાન–સુગંધ છવાય છે બોધ–સમીર જ્યા વાય,
શિક્ષણુ રસભર શોભતું વૃત્તિ–ભૃંગ લોભાય,
ગેલ ગમતમા હોશે ખેલે દા'. ડી—ચાલો૦
વિદ્યા–બીજ રોપી, કરી વિવેક—જળની ધાર,
શિક્ષક–માળી આણુતો સદ્દગુણુ—અંકુર બહાર,
દુર્ગુણુને જડમૂળથી નાખે કા' ડી—ચાલો૦ (મળેલુ)

૧૪ સત્કાર.

આસન આ ઠીક શોભાવ્યુ રે
પધારીને શોભાવ્યુ રે ધી શ્રીમતા (૨)
શિશુ–છોડ નાના નવલા ઉગે બાગ–શાળા મહી (૨)
તેને આવી કંઈ નીરખો રે
દીન બીજો નહિ આ સરખો રે ધી શ્રીમતા— આસન૦
વિભુ પ્રભુ પ્રાર્થીએ રે મંગલ દિન આવા હજો (૨)
દે પૂજ્ય શુભાશિષ અમને રે
જ્યા બાલ રમે આનંદે રે ધી શ્રીમતા— આસન૦
ઉર પ્રેમઘેલુ આજે બન્યુ બાલવૃંદ તણુ (૨)
એ ઉરથી સ્વાગત કરીએ રે
આ ફૂલમાલા કંઈ ધરીએ રે ધી શ્રીમતા— આસન૦

૧૫ (રાગ બીહાગ.)

આવો આવોને પુષ્પે વધાવો, હર્ષ ગાને ગજાવો ગગન,
નેહે નિરખો ન્યારી સજન,
ક્યાં પ્રફુલ્લિત હાસ્ય વદન,
ઉલટ આણી, દાઝ જાણી, કીધુ પ્રેમ પુનીત આગમન,
સાખી—જ્ઞાનમંદિર શોભા અતિ, મનોહર મનમાં સમાય,
વિદ્યા તણા ભંડાર બીરાજે, પૂર્ણ કરી છે કૃપાય
વ્યાપક વિષ્ણુ વિશ્વ હૃદયે વિલસે છે
જગન્નાથ નિયતા નિશ દિન સુધ લે છે,
વિઘ્નો નિવારે સર્વ કાર્ય સુધારે,
શુભ સમયે ના ચૂકે ચાહીશુ શરણ-આવો આવોને પુષ્પે વધાવો,

(કર્ત્તા ઉમિયારામ ટી. દરૂ. મ્યુઝિક માસ્તર.) (મળેલુ)

૧૬ મ્હેમાનોને સ્વાગત (પ્રેમનાં પુષ્પો)

ગજલ.

સુવાસિત પુષ્પ મુક્યા છે, સુવર્ણ ટાટ કોરામા,
હૃદયઉર્મિ તણુ વારિ, સિચ્યુ છે હાર-તોરામા (૦)
માનસસરના કમળ આ છે, માની લો આપ મ્હેમાનો,
સાહેબ શાણા સ્વીકારોને, ખીલેલા પ્રેમના પુષ્પો (૨)
કુસુમ કળીઓ ખીલેલી આ, સુગંધી ગુચ્છ આ તાજા,
કુટુબ જન સર્વ હો સાજા, વધે તમ વેલી મમ માઝા (૩)
શિશુની ક્ષુદ્ર આ સેવા, મ્હેમાનો મેરૂ સમ માનો,
સાહેબ શાણા સ્વીકારોને, ખીલેલા પ્રેમના પુષ્પો (૩) (મળેલુ)

૧૭ મોંઘેરા મ્હેમાન

મનગમતા મ્હેમાન, પધારો, મોંઘેરા મ્હેમાન
પુણ્ય પનોતા કુમકુમ પગલે પાવન પામર સ્થાન,
તમ દર્શનમા ઝાખી પ્રભુની, જીવનના કલ્યાણ— પધારો૦
અનુપમ આપ તણે આવાહન, લેશુ અલૌકિક લ્હાણુ,
વધાવીએ વ્હાલા વીરાને, સાહિત્યને ઉદ્યાન— પધારો૦
તેજ ભર્યા તમ લોચન રસિયા, અજવાળે અમ પ્રાણ,
પ્રેમ પરિમલ ફોરી રહી તમ, શ્વાસ વડે પુણ્યવાન— પધારો૦
અઢળક અમૃત ટળતું હૃદયે, જ્ઞાન તણા દો દાન,
પુરશો કોડ હળીમળી કરતા, સાહિત્ય રસના પાન— પધારો૦
ઊણપ હશે મેમાનગીરીમા, છે તમ આત્મ મહાન,
ઉદાર ભાવે ઉરના આદરના, ડગ્ગો સન્માન
મહાનુભાવ પધારો, ધન્ય અમારા ધામ (કેશવ હ૦ શેઠ)

૧૮ સત્કાર.

હે ! જગત પ્રેરક તારકો ! પૂજક મરસ્વતી માતના !
હે ! ગુર્જરી સન્તન રૂડા ! વન્દન ઝીલો અમ વ્હાલના
છો અજબ જાદુગર તમો
અદ્ભુત શક્તિ શબ્દમા
ઉર્મિ છુટે જગ વિખરતા
કે સ્વર્ગ રચના પલકના. હે જગત૦—
જોખમ તમારે શિર ઘણુ
રખવાળ છો જગતેજના,
ભ્રાન્તિ પ્રજા ભૂલ ગાપશે
કર્તવ્ય સૂના તમ થના હે જગત૦—

આદર્શ કંઈ શૂર રસભર્યો
બતલાવશો ઉગતી પ્રજા
પ્રભુપ્રેમથી ઝુકી રહી
ભારતી ઝલકાવવા હે જગત૦—
વહાલા સદા પ્રેમળ મને
સ્વાતંત્ર્ય ધૂનમાં મ્હાલતા
નભમંડળે ફરતા રહો
આ ક્ષિતિજને વિકસાવતા હે જગત૦—
જગ આત્મશ્રદ્ધા બોધજો,
ભડ સત્ય દર્શન આપતા
સંભાળજો ! સંભાળજો ! છે હિન્દ દોરી હાથમાં હે જગત૦—

વસંતવિનોદી.

૧૯

આવો આવો પધારો મોંઘેરા મહેમાન
અંતરના વ્હાલે વધાવીએ
અમો દીન તણા અદના આવાસમાં,
તમો ભાગ્યશાળીના અતિ ઉલ્લાસમાં
ક્યાંથી પગલાં પનોતાં, મોંઘેરા મહેમાન અંતરના
નથી કલગી કે હાર હેમ ફૂલના,
નથી હીરા માણેક મહામૂલના,
માત્ર હૈયાના ઉન્હા ઉમળકા તૈયાર અંતરના
શાંત સાદા અમારાં છે આંગણાં,
શાંત સાદા અમારા વધામણાં,
વેણુ સાદાં દેવા અમોલાં સન્માન અંતરના.

નમ્ર આવુ અમ સ્વાગત સ્વીકારશો,
વિમળ હૃદય તણા ભાવને વધારશો,
એજ વિનતિ છે તમોને મોંઘેરા મહેમાન અંતરના
મ૦ હ૦ મહેતા

૨૦ રાગ માઢ,

ભલે આપે પધારી, હર્ષ વધારી, કીધી રૂડેરી મહેર,
અમે અતિ આભારી, થયા આ વારી, હર્ષ વધારી કીધી રૂડેરી મહેર ટેક,
આજનો દહાડો જાણે સોનાનો, આનંદનો નહિ પાર,
ઇનામ આપવા સાહેબ પધાર્યા, થયો છે જય જયકાર રે —
શોભા વધી છે સારી,આજે આભારી, હર્ષ વધારી, કીધી રૂડેરી મહેર-ભલે૦-
ઇનામ લઈ આનંદે ઉછળતા, જઈશુ જયારે ઘેર,
માતપિતા ને મિત્રોને દેખી, રાજી થશુ રૂડી પેર રે,
કૃપા રાખો છો સારી, કલ્યાણકારી, હર્ષ વધારી કીધી રૂડેરી મહેર-ભલે૦-

૨૧

ઉગ્યો આજ રૂપાળો, આ ઉજમાળો, દીન સુખાળો,
આનંદ ઉર ન માય (૨)
× × ભલે પધાર્યા, × × સાથ,
હેતથી વ્હાલી પ્રીતે ઉજવીએ, ગાઈને ગીત રસાળ,
રે બ્રિટિશ રાજ્યમા રહીએ, સુખીઆ છેયે-જીવો વર્ષ હજાર-રે ઉગ્યો.
× અને બીજા સાહેબ પધાર્યા, એ એમનો ઉપકાર
ન્યાયી અને પ્રજાપાળક પોતે, શોભે છે કુળ શણગાર,
રે સાચા રાજ્યસુહાગી વિદ્યાનુરાગી, બાળક સૌ હરખાય-રે ઉગ્યો.

× જ્યાં જ્યા આવું ચિહ્ન કર્યું છે ત્યા મેળાવડામા પ્રમુખપદ લેનાર માનવતા સદ્‌ગૃહસ્થનુ અને તે પછી યોગ્યતા પ્રમાણે બીજા લાયક સભ્યોના નામ દાખલ કરવા.

૨૨

ઉગ્યો દિન રૂપાળો, આ ઉજમાળો, આનંદ ઉર ન માય
x સાહેબ, x પધાર્યા, સફળ થયો દિન આજ,
હેતે મ્હાલી પ્રીતિ વિનવીએ (૨) નભાળી ગુણ અથાગ રે-ઉગ્યો ૧
આજનો દહાડો જાણે સોનાનો, આનન્દનો નહિ પાર,
નભાળ બાળની સેવા પધાર્યા, (૨) થયો અતિ આભાર-ઉગ્યો ૨
ન્યાયી અને પ્રજાપાળક પોતે, શોભો છો કુળ શણગાર,
સાચા રાજ્યસુભાગી વિદ્યાનુરાગી, નિરખી સૌ હરખાય રે-ઉગ્યો ૩
ઇનામો આપી ખુશી કર્યા બહુ, હૈડું હરખે ઉભરાય,
બ્રિટિશ રાજ્યમા રહીએ, સુખીયા છૈયે જીવો વર્ષ હજાર-રે-ઉગ્યો ૪

૨૩

(મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી. એ રાગ.)

ભલે ભલે પધાર્યા આપ, અમીર અધિકારી, (૨)
છો કેળવણી શિરતાજ, દયા આભારી—ભલે૦
આ દિવસ આજનો, અતિ અલૌકિક લાગે, (૨)
જોઈ તમ માયાળુ મુખ, બીક સૌ ભાગે—ભલે—૦
શિશુ કેળવણી હિતમાટ, મનેચ્છા દીધી, (૨)
બહુ સ્નેહ ભરી સંભાળ, બાળની લીધી—ભલે૦

૨૪ ઉપકાર.

ઉગ્યો આજ સોના કેરો ભાણ પધાર્યા અહીં ગુણવંતા રે,
દેવાને બાળાઓને માન
ઇનામો દીધા આજે, ઉત્તેજન દેવા કાજે,
ઇચ્છી સૌ બાળાનું કલ્યાણ—પધાર્યા૦
કીધા ઉપકારી ભારી, કહીએ શું વારી વારી,

સ્વીકારો સ્વાગત અમ મે'માન—પધાર્યા૦
જગતના નાથ પ્રભુજી, સુણી બાળાની અરજી,
વધારો યશ–કીર્તિ–સન્માન—પધાર્યા૦ (મળેલુ)

૨૫

પધારવાથી આપના, આનંદ આનંદ થાય,
પ્રણામ પુરા પ્રેમથી, ઉમળકો ઉરે ન માય
પિતાજી જેવો પ્રેમ તમારો, અમોથી શુ તે ભૂલાય પધારવાથી૦ ૧
શાળા અમારી કીધી આભારી, ખુશી ખુશી સૌ જણાય પધારવાથી૦ ૨
ઇનામો આપી ખુશી કર્યા સહુ, હૈયામા હર્ષ ઉભરાય પધારવાથી૦ ૩
માગી મે'તાજીથી, બાળોનો બાગ આ, રૂડી રીતે જો રખાય. પધારવાથી૦ ૪
વિદ્યાનુ ઉત્તમ દાન દેનારા, બ્રિટિશનો જય છે સદાય પધારવાથી૦ ૫

૨૬

આ જ ધન્ય આપ સૌ અહીં પધારીયા,
શાણા છો સત્ત્વગ્રાહી અમ ઉર ભાવીયા—
સુગંધપૂર્ણ છે અનેરી આશફુલવાડી આ,
ફૂલડા ખિલ્યા છે માંહિ નવનવીન ભાતના,
લેજો સુવાસ આશફૂલડા વધાવી આ—
હંસવૃત્તિ રાખી આપ પયપાન સાધશો,
દોષદૃષ્ટિ ત્યાગે અલ્પ આ અધિક માનશો,
'હોયે શુ બાળકાર્યમા અધિક આથી વા ' ?

૨૭

ક્યાથી આ સંભળાય મધુર સુર ક્યાથી આ સંભળાય એ રાગ
આનંદ ઉર નવ માય શિશુ દિલ, આનંદ ઉર નવ માય,
' × × શાણા, + × + સાથ અમ દિલ

લગ્ન પ્રસંગ સમ આજ ઉમંગે (૨) આપે કીધો ઉપકાર અમ દિલ
દિવ્ય શોભા આ આજની નીરખી, (૨) શિશુ ઘણા હરખાય અમ દિલ
બાળ પૂર્ણ પ્રેમાધીન પરખી (૨) નિજ ઉર આનંદ થાય અમ દિલ
પારિતોષિકના શુભ પ્રસંગે, આનંદ બહુ વરતાય અમ દિલ
શ્રમ લઈ અભ્યાસ આદરીએ, સફળ મનોરથ થાય અમ દિલ

૨૮

આજે આનંદ આનંદ અપાર, આજે સાહેબ પધાર્યાં કૃપાળ
+ + × આજે વિરાજે, હૈડે હરખ અપાર આજે આનંદ
+ + × પધાર્યા સર્વ સદ્‌ગૃહસ્થો સંગાથ,
દ્વિકર જોડી વિભુને વિનવો, રાખો સદા સુખમાળ—
પ્રભુ રાખો સદા સુખમાળ— આજે આનંદ.

૨૯

ગીતિ

સરસ્વતી મંદિરે, શોભાનો નહિ પાર આજ દીસે,
માનવંત સાહેબો, પધાર્યા આ બાળબાગ વિષે
જગતનિયંતા પ્રીતે, આપ હૃદયે શુભ પ્રેરણા કરજો,
ભવિષ્યની પ્રજાને, આપી સુવિદ્યા, જડત્વને હરજો
ધર્મશાસ્ત્રોની માંહે, સ્થળે સ્થળે એમ વિદ્વવરો કહે છે,
બીજા દાનો કરતા, વિદ્યાદાન એ અગણિત ફળ દે છે

૩૦

શુભ દિવસ આજ, ધન્યવાદ ' આપીએ અમે, '
નીતિ પ્રીતિ રીતિ રૂપ, દાખવ્યું તમે,
સુજનતા વિવેક ધૈર્ય શીખવ્યું અમે,
વિલાસ વિદ્યાદેવીનો સદૈવ તો ગમે,
સુમનમાં રમે. શુભ દિવસ. ૧

સત્ય ધર્મરાજ બધુ પ્રેમે માનીએ,
શાન્ત ધીર વીરના પ્રતાપે હરખીએ,
કૃતોપકાર ! ગુરોપદેશ ! અમૂલ્ય જાણીએ
નેહે નીરખીએ શુભ દિવસ. ૨

૩૧

(શ્રી કૃષ્ણકે દરશન માટે આયે સદાશિવ ગોકુલમે એ રાગ,)

ભલે પધાર્યા × × × × ખુશી છઈએ તમ દર્શનથી.
નમન અમારૂ સ્વીકારી લેશો, હોશ ધરી તન મન ધનથી, ભલે.
કુમળા બાળને જોઈતું બક્ષી, અર્પી નવપલ્લવ કરશો ભલે.
કૃતિ આપની નીરખી નયને, પગલે પગલે ચાલીશુ ભલે.
આપ મોટાના દર્શન થકી અમે આનદે દિન ગાળીશુ ભલે.

૩૨ હરિગીતની ચાલમાં.

આજે હરખ શો આવડો આ સ્કૂલમા બાળો વિષે,
આતુરતા પ્રગટી રહી ઉમગ મહિ સઘળા દિસે,
પ્રભુએ દીધો દીન પરવનો બાળ સૌ ટોળે મળે,
ગાએ મધુરા ગીત સૌ ઇનામ લેવાને સ્થળે ૧
પ્રીતે પ્રણમી લે ઇનામ હર્ષથી પાછા ફરે,
કરવા કૃતાર્થ દેહને અભ્યાસ પૂર્ણ જ આદરે,
ચાહે વિખ્યાતિ આપની નભીરને ગુણવાન એ,
કીર્તિ તણી સુવાસ જો ચોપાસ આ પ્રસરી રહે ૨
કુળમા કદાપિ હોય વિરલ જ દેશમા દુરલભ મળે,
જગમા દીપક એ અશના કિરતારની કરુણા વડે,
ઉરની પવિત્ર સુભાવનાથી આપત્તિ સર્વે સે'જે ટળે,
આપે અથાગ પરિશ્રમે કુળદીપક નિશ્ચય નીવડે ૩

પાવન થયા અંતર અમારા, પુણ્ય પુરવના બળે,
શુભ જ્ઞાનદાન સદા મળે, સુપ્રતાપ બ્રિટિશનો ખરે,
યાચે પ્રભુને બાળ સૌ કર ઉભય જોડી હર પળે,
તપો અમર નેટી રાજ સરવે બાળ એ પ્રેમે ચહે ૪

૩૩ રાગ માઢ.

અહા ! શુભ દીન કેવો, આજ પ્રકાશ્યો, સાહેબ બહાદુર નજર,
બાળા સહુ, ધારી બહુ, અંગે, ઉમંગે, સુમંગે, વધાવો મેડમ (×)
કૃતાર્થ કીધી કન્યાશાળાને, પ્રમુખપદ લઈ આજ,
આશીષ દે છે બાળા સર્વે, સુખી રહો શીરતાજ,—અહા !
બાળિકા સર્વે ઈશ્વર પાસે, વદે વારંવાર,
રિદ્ધિ સિદ્ધિ સંપત્તિ પ્રભુ, આપો અપરંપાર—અહા !
(ચોધરી ચંદ્રપાળ શિવલાલ)

૩૪ (ચતુર ચૈત્ર ને વસંત વર્ણ—એ રાગ.)

પધારો પધારો ધન્ય પધાર્યા ભલે જો,
હૃદય હૃદય અધિક અધિક હર્ષ ઉછળે જો— પધારો૦
સ્થાને ઉજળે જન્મ દિન ટાણે ઉજળે જો,
નિમિત્ત ઉજળે ઉજાળ્યા પાત્ર ઉજળે જો— પધારો૦
કરે વ્યક્ત ઉંડા ઉરના આલાપને જો,
સાભિવંદન અભિવંદન દઈ આપને જો— પધારો૦
નવીન વર્ષ વીતે હર્ષ ને આનંદમાં જો,
નવીન રંગ ને ઉમંગ અંગ અંગમાં જો— પધારો૦
પામે વૃદ્ધિ શ્રી સરસ્વતી શક્તિ અતિ જો,
અતુલ અમૂલ્ય અમળ અચળ વધે કીરતિ જો— પધારો૦

વારી તન મન વધાવીએ ઓવારણે જો,
વારી વારી **વિહારી,** વ્હાલા પ્રાણને જો— પધારો૦

(પ્રે૦ ક૦ શાહ તરફથી મળેલુ)

૩૫

અમે × × માહે શિખનારા,
પ્રણુમી આપને આભારી સહુ થયા તમારા અમે૦ (૨)
પધારિયા પ્રીતિ ધારી, કરી અમ પર બહુ મહેર,
આનદ વાધ્યો ઉરમા, થઈ છે લીલા લહેર
અમારા સ્થાનને શોભાવિયુ આજે ઉમગે,
નાખી શુભ બાળકોનુ હિતને વિચારી અગે (૨)
અમે × × માહે શિખનારા,
પ્રણુમી આપને આભારી સહુ થયા તમારા અમે૦

(પ્રે૦ ક૦ શાહ તરફથી મળેલુ)

૩૬

પધારો પધારો શ્રીમાન્, ભૂપતિ ભલે પધાર્યા,
પ્રજા પ્રિય પાળનારા— પધારો—
લઘુ ઉગ્નો ઉછાળો, ખળાયે નહિ ખાળ્યો,
બોલાવીને બતાવે બાળો સ્વાગત શુ જાણુનારા-પ્રજા પધારો—

વસત તિલકા

પોખ્યા પધારી પ્રિય રાજકુટુબ સગે,
આનદ સગ ભરી રગ ઉમગ અગે,
વદે નમે શિર ફરી પ્રણુમે અમારા,
મહારાજ રાજ પરિવાર ભલે પધાર્યા, ૧

× + અહી જે સ્કૂલના વિદ્યાર્થીઓ હોય તે સ્થળનું નામ મૂકવુ

બાળો વયે અનુભવે વળી બાળબુદ્ધિ,
કાલુડી ઘેલડી સુતોતણી બાળ-ઉક્તિ,
વાત્સલ્ય ભાવ વરસાવી બધા વધાર્યા, મહારાજ૦૨
પુષ્પો ન યોગ્ય નથી પુષ્પની પાખડીએ.
તોયે સહસ્ત્ર ઉર સુમન આ ઉડે છે,
સૌ મિષ્ટને અમી ભરેલી દ્રગે સ્વીકાર્યા, મહારાજ૦૩

પધારો પધારો શ્રીમાન્, ભૂપતિ ભલે પધાર્યા, પ્રજા પધારો-
આયુષ્યે પ્રાબલ્ય થાજો, યશે શ્રી સુખે સોહાજો,
વિહારી જયે વિરાજો, વિજયે વિલાસનારા-પ્રજા પધારો—

(પ્રેમચંદ કરમચંદ ગાંધી તરફથી મળેલુ)

૩૭

પધારોજી પધારો રે, પધાર્યા આપ ભલે,
સ્વાગત શુ સમજે રે, લઘુ અંતર ઉછળે— પધારો
ઉછળે ને ઉડે છે રે, અંતર સૂક્ષ્મ સ્થૂલ થયા
બની પુષ્પ સ્વરૂપે રે, વધાવે વ્હાલ ભર્યા— પધારો

સાખી.—મહારાજા શ્રી મહેરના વરસાવ્યા ભરમેહ,
હલકી હરખે મેદની, દિલ પ્રફુલ્લિત દેહ,
નવરંગ ઉમંગે રે, આનંદના પુંજ વહ્યા,
વીણા ધારતી ભારતી રે, રસે ઉભરાઈ રહ્યા— પધારો

સાખી.—સરસ્વતી સ્વાગત કરે, વદન વસી સત્કાર,
સરસ્વતીના સ્નેહનો, આ ભારી આભાર,
આભારને સાટે રે, આશિષના ઉછાળા,
ઉછાળે દેશુ રે, બીજો બદલો બાળા— પધારો

સાખી—સરસ્વતી શ્રી શક્તિની સંગે શ્રીપતિ ઇશિ,
જપી રહે સૌ સર્વદા, સુખી સુખી દિનનિશ
અતિઆયુષ્ય થાજો રે, ઉમંગ આનંદકારી,
વિદ્યાના વિલાસી રે, વિજય જય વિહારી—પધારો
(કર્ત્તા વિહારી પ્રે૦ ક૦ શાહ તરફથી મળેલું)

૩૮

ભલે પધાર્યાં મહારાજ રે, આપ ભલે પધાર્યાં,
રાજકુટુંબ સમાજ રે આપ૦
અમે વિવેક ને વિનયે નાના, આદર માનના ભાન વિનાના,
સ્વાગતે સાવ અજાણ્યા રે આપ૦
ઉર આનંદ ઉમંગે રમે છે, સ્વાગતના ગીત ગાવા ગમે છે,
નેહથી શીષ નમે છે રે, આપ૦
વાત્સલ્યની વરષા વરસાવી, નાના વદન શકે શું દરશાવી,
હરખીએ વ્હાલે વધાવી રે આપ૦

૩૯

સુજ્ઞ સર્વ સ્વાગત અમારૂં સ્વીકારજો—
પરમ પુનિત પૂજ્ય આપ
પાવન કરો આ સ્થાન
પુણ્યપાદપદ્મોથી આંગણા દીપાવજો—
સ્નેહને વધારજો— સુજ્ઞ૦ (ન. બા૦ શાહ)

૪૦ રાજકીય મંડળને આશીર્વચન.

મધ્યદ્રુત કાળ.

શુભ ઘરી સુદિન છાજે આનંદ આજે,
વાદિત્ર વાજે બહુ ગાજે મૃદંગ ધ્વનિ શુભ ટેક

મનહર મનોહાર, મંડપની બની બહાર, (૨) શુભ
તાતા થૈ, તાતા થૈ, દિગ્ દિગ્ થૈ, દિગ્ દિગ્ થૈ,
છક્ છક્ છુમ, છક્ છક્ છુમ, નર્તકી, કરતી, (૨)
ઇન્દ્રથી, આધિકી, ઉમંગી, સુરંગી, કચેરી, છે ભરી, (૨)
અચલ આ દરબાર, રહો સહુ સરદાર (૨) શુભ
સુખ સંપત્તિ, શુભ સુમતિ, (૨)
નિત્ય પામો, જશ જામો, મન કામો, પુરણ થાઓ,
રહેજો કાયમ દાયમ જોડી સહુ સુખમાં, (૨)
નિશિપતિ, દિનપતિ, ધ્રુવ અને ધરણી,
જ્યાં લગી, ત્યાં લગી, ચિરંજીવો, સદા દંપતી સહુ સુખમાં રહેજો
સહુ શ્રેયકર જગપતિ, ગુણ નિરમળ તવ અતિ, (૨)
દયા કરી, પ્રેમ ધરી, (૨) જય જય કર તું હે પ્રભુ શુભ (૩)
(મળેલું)

૪૧ આશીર્વચન (જયન્તિ પ્રસંગનું)

એ સુરનર ગુણ ગાવે સુકીર્તિના,
તુજ ગજરંગ ભીના
રમાવે, પમરાવે, અમીશ્રીના હો ધીના—એ
પાલક પોષક પ્રીતે પ્રજાના નેક ન્યાયી તવ દંગ નેહિ
સુભગ, સુફલ, ધન્ય જન્ય, પાવિની ભૂમિ આ તુજ૦
એ સુર૦

રૂમઝ ઝૂમક તાતા થેઇકાર,
અંબા સ્વયંભુના સુર સાકાર
કિન્નર, ગાન્ધર્વ ગાયે ગાન, ગજયશ્રીના
તુજ જન્મ જયન્તિના એ સુર૦
(જેઠાલાલ મોરારજી મહેતા મળેલું)

૪૨ ગરબો.

અહો બાળા ! આવો ! ! પુષ્પ પૂજા લઈ, શુભસ્થાને આપી,
તુ માતુપાસમા, દિસે માગલ્ય રાજ અવાસમા
મીઠી વાણી, કુસુમથી લ્યો લ્હાવો, વધાવો, ધરાવો શ્રીમત મહારાજને–
(સાખી) ન્યાય નીતિ નિર્મળ ભર્યા, મનહર દુખહર રાજ,
ધર્મ કર્મ ધૃતિ વડે, ધરે સર્વની દાઝ
અદ્વૈત સ્નેહ, પુર ઉરમા ચઢાવી, વા લૌકિક ઐક્યતાને બઢાવી
લીધો લીધો, લલિત લ્હાવો, લીધો—અહો બાળા !૦ ૧
(સાખી) જ્ઞાનરૂપી મીઠો ઝરો, વહે ગાજ સામો આજ,
તૃષિત અમીરસ જળ પીને, કહેતા જય જયકાર
દેવસાદ દિપ્યમાન, નૃપતિ દિપાવો, હૃદયમદિરમા હરષ ઉભરાવો,
ચીરાયુ આપ, પ્રભુ, ગગમા રેલાવો,
વાગો વિણા વિજયની રોજ વાગો—અહો બાળા !૦ ૨ (મળેલુ)

૪૩ ગરબો.

સ્યાણી સ્યાણી બ્હેના ખત કીજે, સગીત સભાળી લીજે,
સરખા સરખા ગરબે ચિત દીજે,
સાખી–શુભ અવસર મળ્યો આજનો, બિરાજ્યા સજન,
શાળા શોભાવે સ્નેહથી, કરવાને પાવન,
સુજ્ઞ જનોને મન હરવાને, મહીં મળતો આનદ ભળવાને,
સૂર સાધો, તાલ બાધો, છકછોળ કરો રસબોળ કે મો રીઝ,
નિયમે રહી પગ મૂકો, રખે કદી કોઈ નવ ચૂકો,
નીરરસ વડે અતિ મન ખીજે—સગીત સભાળી લીજે

(કર્ત્તા ઉમિયારામ ટી. દરૂ. મ્યુઝિક માસ્તર. મળેલુ)

૪૪ આવકારનો ગરબો.

(ઉગ્યો સખી સૃષ્ટિનો શણગારહાર, રાગદેશ. એ રાગ.)

ભલે પધાર્યા * મહારાજ આજ,
બાળ તણી લેવા ભાળ રહેમથી,
જોઈ હર્ષભેર દંપતિ દેદાર,
આપીએ ઓવરણા દિલ પ્રેમથી

સાખી—ધન્ય ધન્ય દિન આજનો, નિરખ્યા ભાવે ભૂપાળ,
ધન્ય ભાવ ભૂમિ પતિ, આશીષ આપે બાળ
એની જેનો અતિ ઉચ્ચ ભાવ, તેનો સૌ સૃષ્ટિનો લાવ,
દીસે સાગર સમ દેખાવ અતિ ઉત્તમ ગંભીર ભૂપ ભાવ ભલે-૧

સાખી—અમર રાખજો ઈશ આ, ભૂપ ભૂમિ શિરતાજ,
અચળ રહો યશ ઉજળા, વદે બાળ સહુ આજ
એની જેને નહિ અભિમાન, તેના ગુણીયલ ગાયે ગાન,
પામે ગર્ષિમા બહુ મન્માન, રહે કુશળ કુટુંબ ગુલતાન ભલે-૨

૪૫ (મળેલુ)

આવો આવો આમ, સો બાળકો તમામ,
આપણે ઉમંગે કરીએ સાહેબોને પ્રણામ
મિમિસ* સાથે વિરાજે, માતુ સમ છે પ્યાર,
પુત્રનમા ગણી લાડ લડાવે, કયમ વિસરે ઉપકાર આવો૦
મહાદયાળુ+ મા પામ્યા પૂર્ણ પ્રતાપ,
ઉજ્વળ કીર્તિ અમર આપની પ્રસરી સુવાસિત આપ આવો૦
કેળવણીના જ્ઞાની જ્ઞાતા ઉત્સાહે પ્રેર્યા સૌ બાળ,
બાળ કેળવણીની વૃદ્ધિ ચાહી, કયમ ભુલે ઉપકાર આવો૦

---

* યોગ્ય સદ્ગૃહસ્થનુ નામ મૂકવું * અહીં સ્થાન દાખલ કરવું.

સકળ પુત્ર પરિવાર સહિત સુખી રાખો સરજનહાર,
દીર્ઘાયુ દો પ્રભુ આપને, એ શુભાશીષ વારંવાર   આવો૦
ઘણુ જીવો ! ઘણું જીવો ! !, × × સરદાર,
બાળતણી અંતર ઉર્મિ, પ્રભુ રક્ષો વારંવાર   આવો૦

સાખી.

બદલો તે શું વાળીએ, અમે બાળ અજ્ઞાન
પ્રભુ પાસે એ યાચીએ, સદા હજો કલ્યાણ

૪૬

કલ્યાણની ગઝલ

ભલે પધાર્યા નામદાર × × × આ સ્થળે,
જેથી આનંદનો પ્રસંગ, સર્વ બાળને મળે,
પ્રતાપી જ્યોર્જ પાંચમા છે શહેનશાહ આપણા,
રહો ચિરંજીવ સદા ધન્ય ધન્ય છે ઘણા
બાળકો ચહે-બાળકો ભણે, પ્રભુ પ્રત્યે વિનયપણે-(૨)
અમર રહો રાજ તાજ જેમા નહિ મણા   ભલે પધાર્યા,

સ્કૂલો સ્થાપી બાળકોને, જ્ઞાનથી વધારવા,
પ્રજા વિષે સુલેહ સંપ જંપ સુખ સ્થાપવા
ન્યાયને નિભાવવા, નીતિ રીતિ લાવવા (૨)
દુઃખને દારિદ્રય કાપી, સર્વને સુધારવા   ભલે પધાર્યા ૨

ન્યાય નીતિ પૂર્ણ, આપ છો અધિપતિ,
શુર પુરમા જરૂર, ઉરમા દયા અતિ,
છે પ્રસન્ન ભારતી, સન્મતિને ધારતી, (૨)
કીર્તિ વિજયધ્વજ સદા, રવી સમી પ્રકાશતી. ભલે પધાર્યા ૩

૪૭

વધાવો વધાવો બાળ પુષ્પથી, સાહેબને,
પુષ્પ × સાહેબને, દીનના દયાળને, વધાવો વધાવો૦
પધારી પાવન કર્યા, હર્ષિત વદન કર્યા,
કારજ અમારા સર્યા પેખી આ સમાજને, વધાવો વધાવો૦
સુકાજરૂપી પુષ્પસાર, ખીલ્યા તે વીણી આ વાર,
આરોપીએ ફૂલ અપાર, મીઠડા લઈને વારવાર, વધાવો વધાવો૦

૪૮ બાલોદ્‌ગાર.

કરીએ સહુ આપણે મિત્રાઈ, ટેક
શાળામા સહુ મળી, સુવિદ્યા ધીર ધરી,
મેળવો દૂર કરી, દુસ્મનાઈ કરીએ૦
પારિતોષિક તણા, આ અનુપ પ્રસંગમા,
સજ્જનો નિરખતા, હર્ષ થાયે કરીએ૦
સુવિદ્યા ઉર ધરી, જડજ બેરિસ્ટર બની,
સંપ કરી દૂર કરો, વેર ભાઈ! કરીએ૦
વકીલ એન્જિનીયર, હુનરી તો બની,
વિદેશ જઈ મેળવો સુજ્ઞતા ઈ કરીએ૦
દિવાન અને દાક્તર અને, સરાફ મેનેજરો,
બનશુ ઉદ્યમ થકી પ્રૌઢ ભાઈ કરીએ૦
દાન દયા વીર અને, શુરવીર થઈ કરી,
વિશ્વમા થાઈશુ સુખદાયી કરીએ૦
નિંદા સ્તુતિ લાચને, ચોરી ચાડી થકી,
દૂર રહી મેળવશુ, કીર્તિ ભાઈ! કરીએ૦ (મળેલુ)

૪૯

મ્હેમાનોને.

મ્હેમાનો ! ઓ ! વ્હાલા ! પુન પધારજો ?
તમ ચરણે અમ સદન સદૈવ સુહાયજો ?
કરજો માફ હજારો પામર પાપ જો,
દિનચર્યામા પ્રભુ પામે પણ થાય જો ?—મ્હેમાનો૦
ઉન્નત ગિરિ શૃંગોના રમનારા ત્હમે,
ઉતર્યા રંક ઘરે શો પુન્યપ્રભાવ જો,
શુશ્રૂષા માંગી ના અમને આવડી,
નેગ ન લીધો લલિત ઉરનો લ્હાવજો—મ્હેમાને૦

૫૦

બાલ—મહેચ્છા.

અમે સૌ બાળ આ વિશાળ શાળા સેવનારા,
દીપાની હાસ્યથી ઉજાસ આસ્ય પ્રકાશનારા— અમે૦
બનશુ બેરિસ્ટર જડજ કે સૉલિસિટર કે ડૉક્ટરો
દિવાન કહીં એન્જીનીયર મેનેજરો પ્રોફેસરો
ભારી વ્યાપારી મહાજન શેઠ થાશુ સરાફ સારા,
કારીગરી કૈંક હુન્નર ખેડ ખૂબી ખીલાવનારા— અમે૦
રાજા પ્રજા ઈશ્વર ભય કર મૃત્યુનો ભય રાખશુ,
પણ ધીર બનશુ વીર બનશુ સમરમા નીડર થશુ
દયાવીર દાનવીર કે શૂરવીર અમે થનારા,
વિદ્યાવીર વિશ્વમા કોટિ કલમથી તારનારા— અમે૦
નિંદા સ્તુતિથી નહિ ઠગાશુ, અજ્ઞ પામર જીવના,
મળ સ્થૂલથી નહિ કંપશુ જનરૂપ પશુ વિહંગના.

પિતાનું નામ પુનિત ઠામ વિધાતાનું પ્યારા,
પ્રસુતા દુખ કે પયપાનને ન લજાવનારા— અમે૦
બની દેશ રાજ્ય પ્રજા પ્રભુના ભક્ત દેશ દીપાવશું,
સાહિત્ય ક્ષેત્રે સત્વ તત્વે ખેલશું ખીલાવશું
વિચાર વ્યવહાર ને વ્યાપાર વિમળ વર્તનારા,
વિહારી વારવાર ન વિશ્વતાગ વિસારનારા -- અમે૦

(પ્રે. કૃ. શાહ તરફથી મળેલું)

૫૧

પ્રેમીજન પુન પધારો વળી વિશેષ વ્હાલ વધારો રે,
કીજે નમન સ્વીકાર (૨) અમિત કીધા તમોને અતિશે (૨)
શુશ્રુષા ના અમથી બની નવ લેશે (૨)
કિંચિત નિયમિત જે થયું-સંતોષ સર્વત્ર લહ્યું,
એ કેવો તમ ઉપકાર— કીજે૦ (૨)—૧
આનંદઘન વિભુ વિઘ્નો નિવારે (૨) હરઘડી આવી અમૂલ્ય તક આપે,
પ્રીતેથી આવો તમે મહેમાનો લાવો—
માફી દીજે ખ્યાળ (૨)— કીજે૦ (૨)—૨
પરબ્રહ્મ પરમાનંદ જયહરિ શ્રી બાળમુકુંદ (ચોતાળ)
દીનજનના તનમનના વાંછિત ફળ્યા સુખ ફળ્યા (૨)
અતેવ અનાદિ સોહ મેળવો શુભાદિ
હરિ હરશે ઉપાધિ રાખી શરણ મોઝાર— કીજે૦ (૨)—૩ (મળેલું)

૫૨ માન આપવાની રીત.

સલામ, સલામ, સલામ, કરો બાળકો સલામ,
મોટાને માન આપવા, અદબ અને સલામ. સલામ૦ ૧

માન આપવા ઘર આગળ તો, સાહેબજી સલામ,
પારસી મુસલમાનોની એ રીતિ કલામ સલામ૦ ૨
હાથ જોડી નમાવી માથુ હિંદુ કરે પ્રણામ,
જુહાર, નમસ્કાર બોલે, વળી વદે રામ રામ સલામ૦ ૩
ગુડબાઇ, ગુડમોર્નીંગ, ને ગુડનુન, ગુડઇવિનીગ, ગુડનાઈટ,
ટોપી ઉતારી ઇંગ્લિશ બોલે, થેંક્યુ શેક હેન્ડ રાઈટ સલામ૦ ૪
માસ્તર હેડમાસ્તર, કોઈ મોટા, આવે ક્લાસની માય,
ઉભા થઈને માન આપવુ, સલામ એ કહેવાય સલામ૦ ૫
(કે. કે. જોષી ન્યુ હાઇસ્કૂલ મુબઈ)

૫૩. પ્રણામ.

પ્રણામ સૌને હાલ, સાહેબો પ્રણામ મન્નો હાલ ટેક
નિશાળની છે રીતિ સારી, ભણીએ આખી સહાલ સાહેબો૦
ગીત ગમતમા નીતિ શિખતા, સુધરે નરસી ચાલ સાહેબો૦
મહેર પ્રભુની હશે વળી, તો મળશુ બીજી સાલ સાહેબો૦
(નર્મદાશકર લાલશકર કવિ)

૫૪. વિનતિ

દોહા

હર્ષ મગ્ન થઈ આજ અતિ મન,
ઉછળે છે અહા દિન ગણી ધન્ય
આ આનદ રગ અતિ લાગે,
ત્યારે બાળ બોલવાની રજા માગે
(વિહારી, પ્રે ક શાહ નન્દથી મળેલુ)

૫૫ ઉપકાર

વસતતિલકા

પ્રેમે ઉમગ ધરીને જન સૌ પધાર્યા,
આ માગલિક સમયે અમને ઉધાર્યાં,

સૌ હર્ષનાદ કરજો મળી એક તાને,
વિદ્યાર્થી વર્ગ ઉપકાર ઘણોજ માને

૫૬. રાગણી.

શહેનશાહ બહાદુર **પાંચમા જ્યોર્જ** સાહેબનો વિજય વિજય (૨)
હીપ હીપ હીપ હુર રે (૩)

નામદાર શ્રી × × સાહેબને × સાહેબનો જય જય જય
શહેનશાહ બહાદુર૦ હીપ હીપ હીપ હુર રે (૩)

વિદ્યાવિભૂષિત મેડમ સાહેબો, વિનતિ અમારી ધરી આપ હૃદય
શહેનશાહ બહાદુર૦ હીપ હીપ હીપ હુર રે (૩)

રાખી મમતા અમ શિશુ ઉપર, વિદ્યાવૃદ્ધિ ચહો આપ સદાય
શહેનશાહ બહાદુર૦ હીપ હીપ હીપ હુર રે (૩)

પ્રજાપ્રિય ને વિદ્યાવિનોદી, કેળવણીનો કરવા ઉદય (૨)
શહેનશાહ બહાદુર૦ હીપ હીપ હીપ હુર રે (૩)

તન મન ધનથી ઇચ્છા રાખો, બાળમાં વધવા વિનય વિનય (૨)
શહેનશાહ બહાદુર૦ હીપ હીપ હીપ હુર રે (૩)

૫૭

જય જય + મહારાજ પધાર્યા રંગમાં રે, સજ્જન સંગમાં રે જય (ટેક)

કમલ ખીલે જ્યમ સૂર્ય પ્રકાશે, સભા શોભીતી, ત્યમ તમ પાસે,
હર્ષ થયો છે સૌને અંગોઅંગમાં રે, સજ્જન સંગમાં રે—જય જય

રાજ્ય વિષે બહુ શાળા સ્થાપી, અજ્ઞાત તમ નાખ્યું છે કાપી,
શિશુજન સ્નાન કરે છે જ્ઞાનની ગંગમાં રે, સજ્જન સંગમાં રે—જય જય

સાધુ મિત્ર પર અનુગ્રહ કરવા, દુષ્ટ શત્રુને સમૂલ હરવા,
વિચારો છો પ્રભુ નિત્ય આપ ઉમંગમાં રે, સજ્જન સંગમાં રે—જય જય

તે માટે અમ આશિષ ફળજો, ચાર પદારથ આપને મળજો,
સુપુત્ર સત્વર હજો આપ ઉત્સંગમાં રે, સજ્જન સંગમાં રે—જય જય

૫૮ નૂતન વર્ષ વધામણાં.

(જય જય કુમાર આવો,—એ રાગ जया अने जयन्त)

જય નવીન વર્ષ આવો,
આનદને રેલાવો, સુખ શાન્તિને ફ્લાવો,
શુભ નવીન વર્ષ આવો,
મ ગલમય આજે, સ્નેહ ગાજે, (સ્નેહ રાજે)
પરમાત્માના પ્રકાશે,
આત્મજ્યોતિ આવો, જન હૃદયને ઉજાળો,
શુભ નવીન વર્ષ આવો—જય૦
રિદ્ધિ સિદ્ધિ વિજય માલ્યથી વધાવો,
શ્રી–સરસ્વતીનો પુણ્ય સ પ લાવો,
ધનધાન્યથી ધરા છલકાવો,
સદાચારને વધારો, દેશભક્તિને જગાવો,
વિજય ગાઓ,
શુભ નવીન વર્ષ આવો—જય૦ (ન૦ બા૦ શાહ)

મહીકાંઠા શિક્ષક-સમાજે મેજર એન. એસ. કૉવહીલ સાહેબનો માનાર્થે (તા. ૧૭-૭-૧૪) મેળાવડો કરેલો તે પ્રસગે.

૫૯

રાગ-ત્રિતાળી ચોપાઈ

સુણી આપ ગમન અધિરાજજી, ઉરમા ઉદાસી ઉપને,
ઉરમા ઉદાસી ઉપને, સજ્જન શોકાતુર સૌ બને સુણી આપ૦-
શુભ કાર્યો સુધારાના ઘણા, દુ ખ હળવા રંક પ્રજા તણા,
કીધા ખત ધરી જરી ના મણા, સુખ શાન્તિ પ્રસારી દીને દીને સુણી આપ૦-
ખોટ કેળવણી ખાતા તણી, જેનું કોઈ હતું ના રણી ધણી,

પૂર્ણ કીધી પ્રયત્ને ગણી ગણી, શિશુ શિક્ષક જેથી સુખી બને સુણી આપ૦-
અતિદુર્ઘટ યત્નો આદરી, પ્રીતે પેન્શન સ્કીમ ઉભી કરી,
પીડ મે'તાજી મનની હરી, કીધુ અમર કૅાબહીલ નામને સુણી આપ૦-
અર્પે આશિષ આજ સમાજ મળી, પ્રભુ આપ ત્રિતાપને લ્યો હરી,
યશ વૈભવ મપત અર્પી વળી, સુખ શાન્તિની વૃષ્ટિ સદા ભણે સુણી આપ૦-

૬૦

બદલો તે શુ આપીએ, અમ સ્થિતિ લાચાર,
પ્રભુ કને એ યાચીએ, વાધો જગમા માન
સારા કામ કરો સદા, ધરી હૈયામા હામ
નામ રહે જગમા બહુ, સદા રહો સુખ ધામ

૬૧

(ક્ષત્રીકલ્યાણ)

આપ પાલણપુર પધારો આજ, સુખે કરી સીધાવજો રે
પણ યાદ કરો અમને હમેશ, સાહેબ વહેલા આવજો રે
આપે મહીકાઠામા રહી થોડીવાર, સુખે૦
કીધા અમપર અતિ ઉપકાર, સાહેબ
કર્યો કેળવણીનો બહુ વિસ્તાર, સુખ૦
કરે પ્રભુ તમ જય જય કાર સાહેબ૦
બહુ મહીકાઠા અણુવડ દેશ, સુખે૦
આપે શ્રમથી સુધાર્યો તેનો વેશ, સાહેબ
શિક્ષકસમાજ જીગરથી ચ્હાય, સુખે૦
ફરી એકવાર મહીકાઠા માય, સાહેબ વહેલા આવજો રે

ચતુર્ભુજ મા. ભટ્ટ

સમાપ્ત.

મહાશંકર ભાણુશંકર ભટ્ટ, પ્રેમચંદ કરમચંદ શાહ, કે. શિવરામ વિઠ્ઠલરામ મહેતા, મનજી કાળીદાસ જોષી, બાપુભાઈ રતનચંદ શાહ, કેશવ હ૦ શેઠ વગેરે લેખકો અને મિત્રોએ પોતાના ગીતો મૂકવા સંમતિ આપી છે, અને મોકલી આપ્યા છે, તેમજ શ્રીયુત ન્હાનાલાલ દલપતરામ કવિ, ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ વગેરે શિષ્ટ લેખકોના ગીતો મળ્યા તેટલા ઉમેર્યા છે તેથી તેમનો હું આભારી છુ

કેટલાંક ગીતો મળેલા હતા તેને સુધારી વધારી ઉપયોગી થઈ પડે તેવા રૂપમાં મૂક્યા છે, અને આશા રાખુ છુ કે હવે પછી અનુભવી શિક્ષકો, કેળવણીને ચાહનારા હિતચિંતકો, સાદી અને સરળ ભાષામાં આ સમૂહને ઉપયોગી ગીતો જે મને મોકલશે તેમજ આ સંબંધમા યોગ્ય સૂચના કરશે તો તે આભાર સાથે સ્વીકારવામાં આવશે

પ્રથમાવૃત્તિ જૂન ૧૯૧૫ માં છપાવી હતી. આ પુસ્તક કાઠિઆવાડ એજન્સિમા જં. નં. E ૬૪ તા. ૯-૯-૧૫ થી, ગોંડળ સ્ટેટમાં એ. ઇ જ ન. ૪૧૬ તા. ૧૯-૯-૧૬ થી, રાધનપુર સ્ટેટમાં ડી જ ન ૨૭૯ તા. ૨૬-૮-૧૬ થી ઇનામ માટે, અને મહીકાંઠા એજન્સિમા એજન્સિ ન. ૭૭૪૫ તા ૧૪-૧૨-૧૫ થી, ઇડર સ્ટેટમાં ન ૨૭૧૫ તા ૧૭-૧-૧૭ થી અને રાજકોટ સ્ટેટમા હ. હુ. જ. ન ૭૩૮ તા ૨૪-૧૨-૧૮ થી તેમજ બીજી આવૃત્તિ જૂન ૧૯૨૨ માં છપાવી હતી તે મુંબઈ ઇલાકો, બરોડા રાજ્ય, પશ્ચિમ હિંદ સ્ટેટ્સ એજન્સિ, અને જામનગર સ્ટેટમાં ઇનામ-લાઇબ્રેરિ માટે મંજુર થયેલ છે જુનાગઢ, ભાવનગર, પોરબંદર, ધરમપુર, જસદણ વગેરે સ્ટેટો અને મુંબઈ, અમદાવાદ, વગેરે કેટલીક મ્યુનિસિપલ સ્કૂલોમા પણ તે ઇનામ લાઇબ્રેરિ માટ જથાબંધ ખરીદાયા છે તેની ઉપયોગીતા વધે, તેથી આ આવૃત્તિમાં પ્રથમ કરતા ઘણોજ સુધારો વધારો કર્યો છે; તેથી કદમાં વધારો થયો છે છતા કિંમતમાં પણ ઘટાડો કર્યો છે આથી આશા રાખુ છું કે જનસમાજ તરફથી આ પુસ્તક જથાબંધ ખરીદાઈ મારી કૃતિને યોગ્ય ઉત્તેજન મળશે

ડભોડા. | ભાઈચંદ પુંજાશાહ.
જૂન સને ૧૯૨૫ | હેડમાસ્તર, તાલુકા સ્કૂલ ડભોડા–મહીકાંઠા.